

કુમાર
સંસ્થાપક : રવિશંકર રાવળ
ઑક્ટોબર ૪૯૦ ઈ. ૧૯૬૪
તંત્રી બચુભાઈ રાવત
ચન્દ્ર




'મૂછ' વિષે: ઇન્ડો-યુરોપી ભાષાસમૂહના લિપિ-વૈશિષ્ટ્ય અને ઉચ્ચારપાલનના કારણે ઘણી વાર ઇન્ડો-આર્ય ભાષાઓના લુપ્ત ધાતુ-શબ્દો કે મૂળ ધાતુશબ્દો હાથ લાગ્યા છે. જેમ કે સંસ્કૃત વિંશતિ (વીશ)નું મૂળ (Twenty) દ્વિંશતિ છે. Magnanimousમાં અને 'ઇન્દ્ર' અર્થના અનિયમિત રૂપ સંસ્કૃત 'મ્ઘવન'માં મહતનું મૂળ ધાતુરૂપ પડેલું છે. આથી 'મૂછ' માટેના અંગ્રેજી શબ્દની (જે ગ્રીક ભાષાના શબ્દોમાંથી વ્યુત્પન્ન થયાનું કોશકાર જણાવે છે) વ્યુત્પત્તિ આપું છું. શ્રી ભાયાણી એના પરથી કંઈક પ્રકાશ પાડે એમ ઇચ્છીએ.

Mustache—French : Moustache; Greek : Mustax; Doric for Mastax, the upper lip; from Masaomai, to shoot out of the lip... The upper lip, and also the hair on it; the long hair on the upper lip.

'માર્જાર'ની શબ્દકથામાં જણાવ્યા પ્રમાણે આ ઉપરના હોઠની વારંવારની શૌચક્રિયાની વિશિષ્ટતાને કારણે જ બિલાડીને એ અભિધાન મળ્યું છે, તો આવું જ 'મૂષક' નામ ઉંદરને તેની ઊંચી શિરીષતંતુ જેવી મૂછને લીધે કેમ ન મળ્યું હોય? ષ, શ, ક્ષ, અને છ, બોલવામાં ફરતા હોય છે. સૌરાષ્ટ્રમાં 'મૂછ'-ના ઉચ્ચારમાં 'છ'ને સ્થાને તાલવ્ય' શ' બોલાય છે. સાથોસાથ ગ્રીક ધાતુ 'મસોમિ' પણ એની સાથે સરખાવવા જેવો છે. આવા અક્ષરાંતરો, શબ્દાંતરો અને અર્થાંતરોને પણ બોલાતી ભાષાઓમાં સ્થાન હોય છે. સામાન્ય શબ્દવ્યત્યય નીચે એ ક્રિયા ઓળખાય છે.

અધરોષ્ઠ સામે માથેનો હોઠ તે મસ્તકોષ્ઠ કદાચ હોય, અને મસ્તક તથા મસ્તિષ્ક બન્ને રૂપો Mastax અને Mustacheમાં રહેલા હોય?

ઑગસ્ટ અંકમાં પૃ. ૩૩૮ 'ભાવ'નો એક અર્થ 'જ્યોતિષમાં જન્મ સમયનું નક્ષત્ર' એવો આપ્યો છે. જ્યોતિષ—ફલાદેશ અને ગણિત બન્ને વિભાગો—ના અધિકૃત ગ્રંથોમાં ક્યાંયે આ અર્થ જણાતો નથી. રૂઢિમાં સાંભળ્યો નથી. 'ભાવ'નો અર્થ છે: 'બાર રાશિઓને અનુરૂપ પૃથ્વીના બાર ભાગમાંનો કોઈ એક, ટપકાવેલા આંકડા તે ભાગોનો વણલખ્યો નિત્ય સંકેત છે. તેમાં આંકડા મૂકવામાં આવે છે એ નિરયન બાર રાશિઓની—જન્મસમયની—સ્થળની અપેક્ષાએ—અવસ્થા સૂચવે છે. (પુરાણા યુગમાં કલ્પાએલી આકૃતિથી બનતી રાશિઓવાળા



આકાશની સ્થિતિ દર્શાવે છે.) વળી જેમ નકશામાં ઉપર ઉત્તર દિશા માની લેવામાં આવે છે તેમ આ જન્મ-નકશામાં ઉપર પૂર્વ દિશા સમજી લેવાની હોય છે.

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

સપ્ટેમ્બર અંકમાં 'ગુજરાતનું કાષ્ઠ સ્થાપત્ય'નો માહિતીપ્રચુર વિદ્વત્તાપૂર્ણ લેખ ખરેજ પ્રશંસનીય છે. તે અંગે એક બે સૂચનો: (૧) ઉત્તર ગુજરાતમાં પાલનપુરની રાજગાદીની કાષ્ઠ-શિલ્પ-કૃતિઓ, રાજસ્થાની અને ગુજરાતી કાષ્ઠકલાના સુભગ સમન્વયનું એક વિશિષ્ટ પ્રકરણ ગણાય એવી છે. (૨) માલવરાજ મુંજ અને ભોજની પ્રશસ્તિ માટે આપેલા શ્લોકોમાંનો પ્રથમ શ્લોક અધૂરો છે, અને એમાં રહેલી થોડી છાપભૂલો અર્થપ્રતીતિમાં અવરોધ ઊભો કરે છે. મુંજનો પ્રથમ શ્લોક નીચે મુજબ જોઈએ:

लक्ष्मीर्यास्यति गोविन्दे वीरश्रीवीरं वेश्मनि।
गते मुञ्जे यशःपुञ्जे निरालम्बा सरस्वती॥

ભોજદેવની પ્રશસ્તિના શ્લોકમાં ચોથું ચરણ અશુદ્ધ છપાયું છે તે નીચે પ્રમાણે જોઈએ:

'त्वयि भोज! दिवंगते।'

(૩) પૃષ્ઠ ૩૫૨ ઉપર (ચિત્ર નં. ૨૩) એવો ઉલ્લેખ છે, જ્યારે એ લેખમાં કુલ ચિત્રો ૨૦ જ છે. પૃષ્ઠ ૩૫૪ અને ૩૫૫ ઉપર અનુક્રમે ચિત્ર નં. ૬ અને ૯ માં 'તુંડિકા' અને 'લુંબિકા' એમ બે વિભિન્ન પારિભાષિક શબ્દો વાપર્યા છે. એ બન્ને વચ્ચે શો ભેદ છે તે સમજાતું નથી.

(દ્વારકા) —લક્ષ્મીશંકર અ. જોષી
—મધુબાલા લ. જોષી

[* શ્લોકોની છાપભૂલનો દોષ અમારો છે.]

સપ્ટેમ્બર 'કુમાર'માં ૩૪૦મે પાને મૂછની ચર્ચા: મૂછ શબ્દ 'સ્મશ્રુ'માંથી આવ્યાનું ક્યાંક વાંચ્યું છે. મુખચ્છદ ક્યાંય વાંચ્યો નથી.

રાત દિવસ પ્રયોજાતા આ શબ્દ પર સંસ્કૃત ભાષા મૌન ન રહે.

જીવનપ્રટનાં સ્મૃતિચિત્રો (૩૩)માં 'સંગીતકારોનું મંડળ'માં ભાવનગરના સાહિત્ય અને સંગીત-શૉખ સાથે જડાએલી કેટલીક વ્યક્તિઓ ભુલાઇ છે. જેવી રીતે આકાશવાણી પર ઑડિશન કમિટી હોય છે એવી જ રીતની ભાવનગર રાજ્યમાં પણ એક કમિટી હતી. તેઓ ભારતના કલાકારોને સાંભળે પછી જ નીલમબાગમાં કાર્યક્રમ યોજાય. સંગીતની આ જીવતી દાદ સમા કૅપ્ટન જોરાવરસિંહજી, રાજવૈદ્ય મલભાઈ, છોટાબાબુ દેસાઇને વિસ્મરી ન શકાય. શ્રી જીતુભાઈ પ્ર. મહેતા સ્વ. મલભાઈ વૈદ્યને અંજલિ આપતાં લખે છે કે 'મલભાઈને જોઇને રહીમખાંની આંગળીઓ બીન પર નાચી ઊઠતી. તેમના મૃત્યુ સાથે કનરસિયાની એક પેઢી પોઢી ગઈ.'

'કહેવતો'ના અર્થમાં 'ચકલી નાની ને ફડકો મોટો' એ કહેવત બંધબેસતી બને ખરી?

મુસ્તાકહુસેનખાંનો પરિચય ગમ્યો. શ્રી પાઠકે લખ્યું છે કે 'તરાના–ખાસ કરીને ઝિંઝોટીનો દોમ તનતાના નાનાના–તેઓ મઝા અને રંગતથી રજૂ કરતા. સંગીતના આ પ્રકારો આમ તો હળવા સંગીતની વધારે નજીક કહેવાય. પણ તેની રજૂઆતમાં કોઇ સ્થળે તેમણે આછકલાપણું જણાવા દીધું નથી.'

તરાના ગાવો એ મહેનત માગે છે. તરાનાની ગાયકીને 'હળવું સંગીત' શી રીતે કહી શકાય? મીંડ-ગમકની પરંપરા ચાલતી હોય, કપાળે પસીનાનાં બુંદ ચમકી ગયાં હોય, ત્યારે તેને હળવું સંગીત કેમ કહેવાય? હા ઠુમરી-દાદરા-ટપ્પા બરાબર છે.

આવા ચરિત્રાત્મક લેખોમાં નાયકનું રંગીન અને આર્ટ પેપર પર ચિત્ર અપાય તો સંગ્રહ કરી શકાય. 'કુમાર' માટે શક્ય છે.*

(ભાવનગર) —અરવિન્દ મા. ધોળકિયા

[* શક્ય નથી, ભાઈ; નહિતર જરૂર કરીએ.]

'સાહિત્યરત્ન' (ભાગ ૩જો): મુંબાઈ રાજ્યના કેળવણી ખાતાએ ૧૦મા ધોરણ માટે ઈ. ૧૯૬૦માં મંજૂર કરેલા આ પુસ્તકના ગદ્યવિભાગમાં ૨૯મી કૃતિ શ્રી ચૂનીલાલ મડિયાની વાર્તા છે–'ખીજડિયે ટેકરે'. એમાં બે વાક્યો આ પ્રમાણે આવે છે: 'પસાયતાઓ ભોજાને ઢોર-માર મારી રહ્યા છે.' 'હાથપગ બાંધી, રણગોવાળિયો બનાવીને ઉપર લાકડીઓની તડાપીટ બોલે છે.' નીચે 'ટિપ્પણ અને સ્વાધ્યાય'માં આની સમજૂતી આમ છે: 'પસાયતાઓ=પસાયતાની (બક્ષિશ મળેલી) જમીનના માલિકો.' 'રણગોવાળિયો=હાથપગ બાંધી લટકાવેલો ગુનેગાર.' (પાન ૨૮૦).

આ બંને અર્થો ખોટા છે. ગુજ. વિદ્યાપીઠના સાર્થ ગુજરાતી જોડણીકોશમાં (પાન ૭૧૭) અપાએલા 'પસાયતું' શબ્દ પરથી સંપાદકને આ ભ્રાંતિ થઈ હોય. 'પસાય' પરથી 'પસાયતું' એટલે 'બક્ષિશ તરીકેની જમીન.' આ 'પસાયતું'નું બહુવચન 'પસાયતાં' અથવા 'પસાયતાંઓ' હોય તો 'બક્ષિશ તરીકેની જમીનો થાય' અને એ 'જમીનો' કાંઈ માણસને માર મારી શકે નહિ. ખરી રીતે આ 'પસાયતાઓ' 'પસાયતું'નું નહિ પણ 'પસાયતો'નું બહુવચન છે. 'પસાયતો' એટલે ગામડાના રક્ષણ માટેનો સિપાઈ; ગામડાનો ચોકીદાર. (જુઓ, ભગવદ્ગોમંડળ ભાગ ૬ઠ્ઠો પાન ૫૪૫૬.)

'રણગોવાળિયો' એટલે 'હાથપગ બાંધી લટકાવેલો' નહિ પણ 'દડાની જેમ ગબડાવેલો' ગુનેગાર: રણગોટીલો; રણગોળીટો, એ જ રણગોવાળિયો. પાઠ્યપુસ્તકમાં આવી ભૂલો ક્ષમ્ય લેખાય નહિ. સંપાદકો અને પ્રકાશકો નવી આવૃત્તિમાં આ ક્ષતિઓ સુધારી લે એમ ઈચ્છીએ.

(કરાચી) —માંડવીઆ

'મેમણ શબ્દ કઈ ભાષાનો, અને એની વ્યુત્પત્તિ તથા એનું મૂળ શું છે? અરબી ભાષાના 'મોમિન' શબ્દ પરથી એ અપભ્રંશ થએલો છે એવી સામાન્ય દંતકથા છે, પણ તે સાચી નથી. અરબીના સર્વસામાન્ય નિયમ મુજબ 'મોમિન' વિકૃત થઇ 'મેમણ' થઇ શકે નહિ. 'મેમણ' 'ણકારાંત' હોવાથી અરબી, ફારસી કે ઉર્દૂનો હોય નહિ, કારણ કે એ ભાષાઓના મૂળાક્ષરોમાં 'ણ' નથી. સિંધી, પંજાબી કે પુશ્તુ ભાષાનો હોય તો બનવાજોગ છે. શ્રી. હરિવલ્લભ ભાયાણી અથવા 'કુમાર'ના વિશાળ વાચકસમુદાયમાંથી કોઈ વિદ્વાન આ વિષે કશું જાણતા હોય અને માહિતી આપી શકે તો આભાર થશે.

(કરાચી) —માંડવીઆ

સપ્ટેમ્બર અંકમાં શ્રી અમૃતલાલ શાહે શ્રી ધનસુખલાલ મહેતાની વાર્તા 'ભૂરા વાઝનો ભેદ'નો ઉલ્લેખ કર્યો છે. એ મૂળ અંગ્રેજીમાં 'મિસ્ટરી ઑવ એ બ્લ્યુ જાર' શીર્ષક તળે અગથા ક્રિસ્ટીની લખેલી છે.

'કુમાર'ના જૂના મિત્ર તરીકે એક ફરિયાદ કરું? હમણાં આવતી 'લઘુકથા' બીજી સામગ્રી

કરતાં ઊતરતી હોય છે, કોઈક વખત અર્થહીન પણ ખરી. અર્ધું પાનું ન બગાડીએ તો?

ઘણા મિત્રો 'કુમાર'ના જૂના અંકો વેંચવાની જાહેરાત કરે છે. સંભવ છે, બેવડી નકલો હશે. નહિતર એ મહામૂલું સાહિત્ય વેચતાં જીવ કેમ ચાલે? મારા પિતાશ્રી 'કુમાર' મંગાવતા. એના અંકો વાંચી મને બંધાણ પડયું. જ્યારથી હું મંગાવું છું ત્યારથી બધા અંકોની ફાઇલ મારી પાસે છે. મને ખાતરી છે કે મારાં બાળકો એનો લાભ જરૂર લેવાનાં. વેચવાનો તો વિચાર સુધ્ધાં નથી આવતો!

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

'ગુજરાતનું કાષ્ઠસ્થાપત્ય' ખરેખર પ્રચુર માહિતી પૂરી પાડે છે.

મારા ઘરમાં અમુક ભાગમાં કોતરણી છે. તેમાં નિર્વ્યૂહના નીચેના દંડને બદલે કાષ્ઠની કોતરણીવાળી પૂતળીઓ હતી. જે થોડા વખત પહેલાં અમદાવાદથી એક ભાઈ આવી સારા એવા પૈસા આપી લઈ ગયા. તો સમજાતું નથી કે એ ભાઇ એનું શું કરશે?*

શ્રી પુરંજન વકીલ ભમરીની આસપાસ ઠંડી કાળી માટીનો લેપ કરે. જરૂર આરામ થશે.

(માંડલ) —બાબુલાલ વોરા

[*'કુમાર'ના વાચકોને હજી યે એ સમજાવવાનું હોય ખરું?]

સપ્ટેમ્બર અંકમાં શ્રી ગોપાલકૃષ્ણ મોઢ઼ી ગીરના સિંહોની ગણતરી માટે શંકાશીલ છે. ટાઇમ્સ ઑવ ઇન્ડિયાના તા. ૨૦–૧૨–૬૩ના અંકમાંના 'Room For Lions'ના ડૉ. નેલ ટૅાડના લેખમાં છઠ્ઠી લીટી: In 1950 the number of lions in the species' last remaining Asian habitat was only 219. શ્રી ગોપાલકૃષ્ણ ગીરવનરાજ બાબતનું સ્વ-અનુભવનું જ્ઞાન ધરાવતા હોય તો, વધુ માહિતી આપશે?'

(જૂનાગઢ) —દત્તાત્રેય મો. ફાટક

જ્યારથી શેક્સપીઅરનાં નાટકો વાર્તા રૂપે વાંચવાનું મળ્યું છે ત્યારથી પ્રત્યેક અંકે મહાકવિ કાલિદાસ યાદ આવ્યા વિના રહેતા નથી. આ જ પ્રમાણે કવિ કાલિદાસની કૃતિઓ ન રજૂ થાય? આવું ક્યાંય આવ્યાનું મારા ખયાલ બહાર હોય તો ક્ષમા કરશો.

અંક ૪૮૯ પાન ૩૭૩ છેલ્લી કૉલમ: 'યુગોસ્લાવિયા'ના લેખક 'જિલોવાન' છે. પણ 'મિલોવાન' વાંચ્યાનું યાદ છે.

ભારતનું રાષ્ટ્રીય કૅલેન્ડર રચાયે ઘણાં વર્ષ થઈ ગયાં. છતાં મોટા ભાગનાં સામયિકો અંગ્રેજી કૅલેન્ડર પ્રમાણે બહાર પડે છે—ખુદ ભારત સરકારનાં યે! કોઈ પણ સામયિક રાષ્ટ્રીય મિતિ પ્રમાણે અંકો બહાર પાડવાની પહેલ કે હિંમત ન કરી શકે?

(માલપરા) —દેવજી ચાવડા

૫૦૦મા અંકની તૈયારીઓ ચાલી રહી હશે. એ અંકની સંખ્યા સૂચક હોઇ તે અનન્ય એટલે કે ૧૦૦મા અંક કરતાં પણ ચડિયાતો થાય તેવો પ્રયત્ન કરશો તેવી આશા. ૧૦૦મા અંક જેવો કલાસામગ્રી અને રજૂઆત દષ્ટિએ એકે ય અંક નથી નીકળ્યો. ૩૦૦મો અંક કંઇક ઠીક હતો. શ્રી રવિશંકર રાવળને ૫૦૦મા અંકના સંપાદનમાં રસ લેતા કરો તો વધુ સારું. એ અંક માટે વાચકો અને જૂના 'કુમાર'પ્રેમીઓ પાસેથી સૂચનો માગવામાં આવે તો સારું. 'કુમાર'માં વખાણવા જેવું તો ઘણું આવે જ છે, પરંતુ ઊણપ બતાવવી તે 'કુમાર'પ્રેમી તરીકે હું વધારે હિતાવહ ગણું છું. કારણ, મારું 'કુમાર' હજુ વધારે સરસ કેમ ના બને? 'કુમાર'ના જૂના ઘડવૈયા કલાકારો અને લેખકોનો ૫૦૦મા અંક માટે શકય તેટલો સહકાર લેશો અને તેઓ આપશે એવી અભિલાષા. પાછળથી આ અંકની માગણી બહુ વધી પડશે* તે ધ્યાનમાં લઇ પહેલેથી જ વધારે નકલો છાપવી ધ્યાનમાં રાખશો. મૉડર્ન કલાને નામે અંકમાં જગ્યા રોકાઈ જશે તો જૂની કલાસામગ્રી ઓછી વાંચવા મલશે.

(ઉપલેટા) —મૂલચંદ વસનજી

[*આપની આ શુભેચ્છા ફળે તો કેવું સારું?]

જૂના 'કુમારો' ફરી છાપવાની યોજના અમલી બને એ માટે ઘણાનો હકારમાં જવાબ મળશે. આવા દર પાંચ વર્ષનાં અંકના લેખોને વણી લઈ એક એવો ગ્રંથ તૈયાર કરો કે જે વાચકોને મુગ્ધ બનાવી દે. 'કુમાર'માં આવતાં કલાકારોનાં ચિત્રો, કલાકારોની કલાવાર્તાઓનો સંગ્રહ એક ગ્રંથમાં તૈયાર કરવા કોઈ માર્ગ શોધી કાઢશો.

અમારી શાળાના 'કલાના કસબ'માં 'કુમાર'નાં ચિત્રો અને વિવેચનો મૂકવામાં આવે છે, જેનો બધાં જ બાળકો લાભ લે છે. વળી અમારી શાળાનું 'વિજ્ઞાન-મંડળ' 'કુમાર'-માં આવતાં પ્રાણીઓ અને તેની નોંધ, રોગો વગેરે વિજ્ઞાનને લગતી સામગ્રી ભેગી કરી એક અંક બનાવે છે. જો ઉપર્યુક્ત બંને ગ્રંથો તૈયાર થશે તો અમને ખૂબ ઉપયોગી નીવડશે. બાળવિભાગ પણ શરૂ કરવા નમ્ર સૂચન છે.

(કોસંબા) —જીતુભાઈ ચૌહાણ

ચિત્રકાર વિનાયક માસોજીનું ચિત્ર 'ભાઈ મારો'ને મુખચિત્ર તરીકે મૂકીને, તમને નથી લાગતું કે, 'કુમાર' જેવા માસિકે ઉતાવળ કરી છે? શ્રી પુષ્કરભાઈ ગોકાણીનો લેખ 'ખાસિયતો' ઘણો ગમ્યો.

(મુંબાઈ) —દીનેન્દ્ર કારીઆ

ઑગસ્ટ અંકમાં કનક રેળે વિષે લેખ છે, એ બહેન અમારી શાળામાંથી પાસ થયાં છે એ સાચું છે; પણ શાળાના નામની ભૂલ તરફ આપનું ધ્યાન ખેંચું? શાળાનું નામ 'પ્યૂપિલ્સ ઓન સ્કૂલ છે.'

(ખાર) —મધુસૂદન વૈદ્ય (આચાર્ય)

અમારી હાઇસ્કૂલમાં ડ્રૉઈંગ વર્ગ ચાલે છે. ત્યાં માટીકામ શરૂ કરવાનું છે. તેમાં પ્લાસ્ટિસીનમાં કામ કરવાનું છે. એ પ્લાસ્ટિસીન મોઘું પડે છે. તે બનાવવાની રીત કુમારમાં છાપશો તો ઉપયોગી થશે.

(પાલણપુર) —રામચંદ શં. ચૌહાણ

શ્રી સુશ્રુત પટેલની પગની કણી માટે ચોપડવાની દવા આવે છે. તેનું નામ 'GET-SIT'. મને વર્ષો ઉપર એનાથી મટી હતી. બીજાને પણ મટી છે. આ દવા પ્રથમ પરદેશથી આવતી હતી એટલે વચમાં દુર્લભ હતી. પણ હવે એનું હિન્દમાં કારખાનું નાખ્યું છે.

(છોટાઉદેપુર) —ભાનુપ્રસાદ પુરોહિત

અમારા એક મિત્રને છએક વર્ષ પહેલાં પગના તળિયામાં કણી થએલી. બધું કરીને થાકયા. ત્યારે કંઈ વાંચીને એમનાં પત્નીએ હીમજને ઊભી ઘસીને દિવસમાં ત્રણચાર વાર કણી ઉપર લગાડવાનો પ્રયોગ શરૂ કર્યો. તેના ઉપર અમારા મિત્રનો વિશ્વાસ ન હતો છતાં પત્નીની વિનવણીથી પ્રયોગ ચાલુ રાખ્યા. આમ લગભગ બે-એક મહિના કર્યાથી કણી પગમાંથી ખરી પડી. કણી માટે અથવા ચામડીના ગડગુમડ કે વિકાર માટે આ વસ્તુ લગાડવાની ભલામણ અમે હમેશાં કરી છે. મારી પારસી મિત્રને સાબુ અને વિમ પાઉડરનો ઉપયોગ 'વૉશિંગ મશિન' વગેરે ધોવામાં કરવાથી હાથનાં દસે આંગળાંના નખનાં ટેરવાં તથા નખની નીચે દુખાવો થઈ પરૂ થયું ને ચાંદી પડી. તેમાં પણ હિમજ લગાડવાથી તાત્કાલિક સારું થઈ ગએલું. નેયું પાકવામાં પણ આ જ વસ્તુ ઉત્તમ ગુણ આપે છે.

(મુંબાઈ) —સ્નેહલતા મહેતા

વાઢકાપ વગર કણી (કપાસી) મટાડવા મારા પિતાશ્રીએ લગભગ ત્રણેક મહિના પહેલાં નીચેનો ઉપાય અજમાવેલો:

કણી થએલા ભાગને બરોબર સાફ કરીને તે પર કોહવાટ અટકાવનાર મલમ Antisceptic Oiutment લગાવતા અને પછી તે ભાગને પાટા વડે જરા સખત બાંધી દેતા. બેએક મહિનામાં કણી સુકાઇને ખરી ગઈ.

(અમદાવાદ) —પંકજ કોઠારી

જુલાઈ અંકમાં 'કંકાવટી'માં સુગંધી તેલો વિષેના લેખમાં રહેલી મુદ્રણ-ભૂલો: (૧) 'ટરપીન ઑઈલ'ને બદલે 'ટર્પીનીઓલ' (૨) 'બેન્ઝીન અસીટેટ'ને બદલે 'બેન્ઝીલએસીટેટ' (૩) 'બર્ગામિટ' ને બદલે 'બર્ગામોટ' જોઇએ. આ પ્રકારનાં લખાણોમાં સામાન્ય દેખાતી છાપભૂલથી કેટલો વિશાળ ફેરફાર થઈ જાય! દા.ત. 'ટરપીન'ને અજાણ્યા વાચકો 'ટર્પેંટાઈન' ઑઈલ કલ્પી લે. વર્ષો પહેલાં, વિદ્વાન ગણાતા એક લેખકના દળદાર હુન્નરી પુસ્તકમાં 'બૂટપૉલિશ'ની ફૉર્મ્યુલામાં 'મોતીની રાખ' વાંચી મને આશ્ચર્ય થએલું, કે આ પૉલિશ તો કેટલું મોંઘું પડે! પણ જ્યારે એ વિષયનાં અન્ય પ્રમાણભૂત અંગ્રેજી પુસ્તકોના અભ્યાસ દરમ્યાન જાણ થઈ કે 'મોતીની રાખ' એ લેખક મહાશયે કરેલું 'પર્લ ઍશ'નું શાબ્દિક ભાષાંતર હતું! ખરી રીતે 'પર્લઍશ એ 'પોટાસ્યમ કાર્બોનેટ' નામના પદાર્થનું બીજું નામ છે.

મજકુર લેખમાં લેખકના એ મંતવ્ય કે 'એસેન્સો શરીરને લાભકર્તા નથી' ને યોગ્ય ગણીએ તો પણ હેરઑઈલમાં કૃત્રિમ સુગંધીઓનું પ્રમાણ ૧ થી ૧½ ટકા જેટલું જ અલ્પ હોય છે અને તેમાં પણ ઉડ્ડયનશીલ તત્ત્વનું પ્રમાણ મોટું હોવાથી શરીરસ્પર્શમાં તો એની અસર અલ્પ જ ધારી શકાય.

ઑગસ્ટ અંકમાં શ્રી 'અનામિકા'ના જવાબમાં કે 'આપને જોઈતી વિગતો 'આહારઆરોગ્ય'ની ચાલુ લેખમાળામાં છપાય જ છે. હાથે બનાવેલું ઔષધીય તેલ વાપરવા છતાં વાળ ઊતરે છે તો એનાં અન્ય કારણો—ખોટી ગરમી, વધુ ચિંતા, વિચાર, ગુસ્સો, ઉજાગરાનો અતિરેક, અન્ય શારીરિક માંદગી

વગેરેમાંથી જે જણાય તેના પણ ઉપાય યોજવા. એવાં કંઈ જ કારણો ન જણાય તો 'કેન્થેરેડીન હેર ઑઈલ'નો ઉપયોગ કરવાથી વાળ ખરતા અટકે છે. આવું હેરઑઈલ તૈયાર મળે છે અને હાથે બનતા તેલમાં પણ એવું તત્ત્વ ઉમેરી શકાય.

(ખાલિસ) —એમ. એસ. ટેઈલર

અંક ૪૮૯માં શ્રી કે.પી. જાદવનું સૂચન વાંચી આનંદ થયો. થોડા દિવસ અગાઉ મેં આ જ વિચારો જણાવ્યા હતા. ૫૦૦મા અંકની સાથે પહેલા વર્ષના બધા જ અંકમાંથી તારવી એક ગ્રંથ પ્રકટ કરવાનું સૂચન કર્યું હતું. નવા ગ્રાહકોને તે અંક ભેટ રૂપે આપવો જેથી ગ્રાહકોની સંખ્યા પણ વધે અને ચાલુ ગ્રાહકોને એકીસાથે ત્રણ વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતિ કરવી જેથી નાણાંભીડ ઓછી કરી કોઈ એક પ્લાન પ્રમાણે આગળ વધી શકાય. 'કુમાર'ના જૂના અંકો તો અંગત ચીજો જેમ પ્રિય હોય છે. જો ગ્રંથ પ્રકાશિત થાય તો મારું નામ નોંધી લેશો.

'કુમાર'માં 'Sports and Pastime' જેવા રમતગમતના શ્રેષ્ઠ અંગ્રેજી સામયિકમાંથી અનુવાદ (પરવાનગી લઈને) ન છાપી શકાય? દર વર્ષે આખરે સાંકળિયું તો પ્રકાશિત થાય જ છે, પરંતુ દશ વર્ષનું સાથે 'કુમાર'ના ૫૦૦મા અંકની પૂર્તિ રૂપે પ્રકટ કરશો તો એક Reference Book જેવું થઈ જ જશે.

'કુમાર'નાવાચકોનુંમંડળ(Study Circle) રચવાનું સૂચન ઘણા સમય અગાઉ વાંચ્યું હતું. જો થઈ શકે તો ઘણો જ આનંદ આવશે. 'કુમાર' જે એક જ દિવસમાં વંચાઈ જાય છે અને પછી ૨૯ દિવસ રાહ જોવી પડે તે તેની ગેરહાજરી આવું મંડળ રચીને દૂર કરી શકાય. કલકત્તા જેવી મહાનગરીમાં 'કુમાર'ના કેટલા વાચકો હશે? 'કુમાર'નાં પાંચ મોટાં શહેર-(કલકત્તા, મુંબાઈ, મદ્રાસ, અમદાવાદ, દિલ્હી)માં કેટલા ગ્રાહકો છે તે પ્રકાશિત કરશો તો તે શહેરમાં રહેતા વાચકોમાંથી કોઈક જરૂર રસલઈને મંડળ રચવા મહેનત કરશે. કલકત્તામાં રહેતા વાચકોનાં સરનામાં મોકલશો?

'તવારીખ' લેખ માટે એક પાનું શા માટે છાપવું, જ્યારે લગભગ બધા જ દૈનિકો વાંચતા જ હોય છે. તેને બદલે 'પચ્ચીસ વર્ષ પહેલાં' લેખ માટે એક પાનું વધારવું. બીજું તો શું? 'કુમાર' ગુજરાતનું અજોડ માસિક છે.

(કલકત્તા) —પ્રકાશ મોદી

'કુમાર'નો ગ્રાહક

- મિશ્ર -

શ્રીમાન તંત્રી
સદા મુરબ્બી બચુભાઈ રાવત,
(ને યાદ આવે રવિભાઈ રાવળ
'કુમાર'ના સ્થાપક–આદ્યતંત્રી)
'કુમાર'નો ગ્રાહક હું જૂનો છું;
એનો રહ્યો વાચક કૈંક સાલથી.
ઉત્સુક છું ભાવક ને પિપાસક
'કુમાર'નો આશક જ્ઞાનપ્રેમી.
પ્રત્યેક માસે
અધીર આશે
એનું કરું સ્વાગત મિત્ર પેઠે
વાંચ્યા વિના ના જરી જીવ હેઠો
પડે. જહીં રૅપર ખોલી પાનાં
ખોલું તહીં વાચનના સરોવરે
ડૂબી જતો! કાવ્ય, કથા, નિબંધ,
પ્રવાસ, ને વૈદ્ક, ને ગણિત,
વિજ્ઞાન, ને ચિંતન, ને કલાની
વાતો પઢું; મિત્ર અનેક તસવીરો
જોઉં ઉમંગે:
'કુમાર'ના અશ્વ પરે ચઢીને
ફરી વળું વિશ્વ દરેક માસે!
પ્રત્યેક પાને
ખૂણે ખૂણે લેખકવૃંદ સાથે
તંત્રીતણાં દર્શન પામું નૂતન.
(કંજૂસ છે, ના કશું વેડફી દે,
આડીઊભી લીટીઓ આમતેમ
મૂકે અને મુદ્રણની કલાની
કરે કસોટી,–
ટાઇપ પે એ ચલાવે છ સોટી!)
'કુમાર'નો ગ્રાહક હું જૂનો છું.
હું યે બન્યો કંજૂસ વાંચી, વાંચી!
જૂના અંકો સાચવી સાચવીને
રાખી મૂકું, ને ઘણી વાર વાંચું
ફરી ફરી, નૂતન નિત્ય લાગે!
(સોનું રહે સોનું કટાય ના એ.)
લવાજમ
ભર્યું મને આપતું વ્યાજ કેટલું!
(તાતા તણો શેર મલ્યો છ જાણે!)
આ છે કવિતા, નથી આ ખુશામત;
આમાં વહી છે બચુભાઈ, ઊર્મિઓ
—એલિસ પુલે પૂરપાટ વેગે
દોડી જતી કાર સમાન વેગથી,—
ના ગ્રીષ્મની સાબર શી છ મંદ!—
'કુમાર'પ્રેમી કવિની તમારા,
ને વળી વાચક ચાહક ગ્રાહક ભાવકની પુરાણા!
ભૂપેન્દ્રનાં વંદન પ્રેમપૂર્ણ

(અમરેલી) —ભૂપેન્દ્ર વકીલ

કુમાર

ઑકટોબર ૧૯૬૪ · અંક ૪૯૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫



ઉપર · 'જલક્રીડા' · વાસુદેવ સ્માર્ત

નીચે · 'સીતા વનવાસ' · ખાડીદાસ પરમાર



મધ્યપ્રદેશ લલિતકલા અકાદમી તરફથી વર્ષોવર્ષ ભરાતા 'કાલિદાસ સમારોહ પ્રદર્શન'માં રજૂ થએલાં, 'રઘુવંશ'માંના બે પ્રસંગોનાં ચિત્રો. પરિચય આ અંકની 'કલાવાર્તા'માં.



શ્રીકૃષ્ણ અને બંસીઘેલી ગોપીઓ · પશ્ચિમ ભારતમાં વિકસેલી શૃંગધર શૈલીનું છેવટનું રૂપ · આશરે સોળમી સદી
(કાંકરોલી વૈષ્ણવમંદિરના આચાર્યશ્રી વ્રજભૂષણલાલજીના સંગ્રહમાંથી. શ્રીમતી રુક્ષ્મણીબાઈ વકીલ ટ્રસ્ટના સૌજન્યથી)

બેડોળ અને ગામઠી લાગતા આ ચિત્રનું મહત્ત્વ કલાના ઇતિહાસની દૃષ્ટિએ ઊંચું છે. ભારતમાં અજંટાની ઉત્તરે સૌથી નજીક જો અજંટાની શૈલીના નમૂના ક્યાંયથી મળ્યા હોય તો તે ગુજરાત-માળવાની સરહદ પર વાઘની ગુફાઓમાં. એ શૈલીના લુપ્ત થયા પછી મળી આવતા ચિત્રકળાના જૂનામાં જૂના નમૂના ૧૧મી–૧૨મી સદીમાં ગુજરાતમાં ચિતરાએલાં તાલપત્રોમાં છે. અજંટાનાં ભાવ કે લાવણ્ય ન હોવા છતાં, તેના અનુસંધાનમાં અંકોડા રૂપે તે ઊતરી આવેલાં હોઇ તેની 'અપભ્રંશ' શૈલી તરીકે અને પાછળથી 'ગુજરાતી' શૈલી તરીકે તે ઓળખાયાં. પછી એ જ શૈલીની અસરવાળાં ચિત્રો માળવા અને રાજસ્થાનમાં પણ મળી આવતાં હોઈ એ સમગ્ર શૈલીને વિદ્વાનો હવે 'પશ્ચિમ ભારતીય શૈલી' કહે છે. ચારસો વર્ષ પર એનું કેવું રૂપ હતું તેનો આ વિરલ નમૂનો છે. ઝડપી લસરકાથી તથા સપાટ રંગો પૂરીને કરેલાં આવાં ચિત્રો વાસ્તવિકતા કરતાં વર્ણનની વ્યાખ્યા ઠીક કરી શકે છે, અને ઉચિત રીતે જ તે લોકકળાનું સ્વરૂપ ધરાવે છે. પ્રાચીન ગુજરાતી શૈલીની નજીકમાં નજીકનું નિરૂપણ ધરાવતા ગુજરાતના આ સગોત્રી ચિત્ર ઉપરાંત આ અંકની ત્રણ આર્ટ પ્લેટો પર આધુનિક ગુજરાતી કલાકારોએ વિવિધ શૈલીએ કરેલાં ચાર ચિત્રો આપ્યાં છે. એ રીતે આ અંકમાં ગુજરાતી કલાનું શૈલીવૈવિધ્ય જોવા મળશે.

આવવા દો / ચંદ્રકાન્ત શેઠ

રોકો નહીં,
કોઈ નવ રોકો આજ પંથ;
અંધકાર આવે છે ને?—આવવા દો!

તારકોના ઝબકારે ઝબકીને જાગ્યો,
તડિતે વીંધાતો રહે વાદળાંમાં ભાગ્યો!
ત્યારથી જ ચાહ્યો એને, ત્યારથી જ માણ્યો;
આવે ભલે અંધકાર;—આવવા દો.

એનઘેન દીવાઘેન ખેલતાં'તાં જ્યારે,
મીંચેલી આંખોમાં હસી ઊઠતો'તો ત્યારે;
'ફૂક' કરી, હસી નાસે આગિયાની સાથે:
એ જ આવે અંધકાર?—આવવા દો.

શંકાભયે આંકાયું જે તિમિરનું રૂપ
દીવા-તેજે જોઈ જોઈ અંતરને કૂપ,
કંપ્યો'તો હું: તે જ હવે વ્હાલો મારો ભેરુ.
આવે અંધકાર એ જ!—આવવા દો.

તુલસીને ક્યારે એક દીવો મૂકે દાદી,
અંધકાર ઝૂકે તહીં કૌતુકથી વ્યાપી,
તુલસીનાં પાને પાને હલે એના હોઠ:
અંધકાર આવે છે એ?—આવવા દો.

રાતરાણી-ફૂલ મહીં ફૂલ બની ફોર્યો,
કાળવી બે કીકી–એમાં મોગરા શો મ્હોર્યો!
આકાશી ગંગાના વ્હેણે મૂકી ગીત વ્હેતું,
અંધકાર આવે છે તો,—આવવા દો.

મારી છાયા મહીં બની છાયા ભળી રે'શે,
તેજની તરસ મારી આંખે ભરી રે'શે,
પિછાની મેં આંખ, એને ત્યારથી પિછાન્યો:
અંધકાર ક્યાંથી અહીં?—આવવા દો!

નારી / રઘુવીર ચૌધરી

· વસંતતિલકા ·

બે નેત્ર, બે અધર ને ભુજબંધ વચ્ચે
મારાં તમામ વસતાં જગ હોય જાણે!
હું તો હજી ય તવ લોચનની કીકીની
ચોપાસ ફેર ફરતો રમતો રહ્યો છું,
છૂટા પડેલ ગ્રહ શો.

તું એક સ્પર્શ થકી નિકટતા જગાવે,
શૂન્યાવકાશ પ્રગટે તવ રિક્ત સ્પર્શે,
ને કોક સ્પર્શ મહીં તું સરકે સુદૂરે.
શું સ્પર્શના વિવિધ વૈભવનું રહસ્ય!

તારા સ્વરે પમરતો, તવ મૌનકેરી
શીળી તમિસ્ર લહરે તરતો રહીને
વાંછી રહ્યો,–નિખિલને મુજને વિસારી
આ રક્તગંધમય આમય કામ્ય નારી!

આકાશના પોલાણમાં જોયા કરવું,
દિન હો કે પછી રાત હો રોયા કરવું;
સદ્‌ભાગ્ય ગણો એને તમારું 'આદિલ',
મળતું નથી હરકોઈને ખોયા કરવું.

'આદિલ' મનસૂરી

ગ્રીષ્મ સાંજે / જશવંત લ. દેસાઇ

· મિશ્ર ·

લ્હેરાય શો અનિલસાગર! મંદમંદ
ઊર્મિ ઊઠે, સહજ ઊંચીનીચી સપાટી
થાતી હવાની, પરશી મુજ જાય અગ
લજ્જાભર્યા મધુર ઓષ્ઠતણા તરંગ!
લ્હેરાય શો અનિલસાગર! એક નાનું

મોજું ઊઠી ઊછળી વર્તુલ થૈ અધીર
આગે સરે...મૃદુલ હસ્તતણો સુંવાળો
આશ્લેષ એક...

ના એક મોજું, અવ તો ભરતીતણાં જલો
અંતરતર મારું લઇ લે નિજ બાહુપાશે!
જાણે સુગંધમય કો મુજ પ્રાણને રસે!
જોઉં જલે મારું છબિસ્વરૂપ,
તારું પ્રિયે! નીરખું ત્યાં વિલસંત રૂપ!

એક મધ્ય રાત્રે / રાવજી પટેલ

· શિખરિણી ·

અરે, આ ઓચિંતું થઇ જ ગયું શું સ્હેજ પરસે!
પથારી ખીલી ગૈ, કુસુમ ટહુક્યાં કૈં રુધિરમાં!

ઝમે અંગુલીનાં શિખર લયમાં, ને નયનમાં
હજારો પૂર્ણિમા પ્રકટ થઇ ગૈ શી પલકમાં!

અને આ ઢૈયાની ઉપર ધરતીમાં પરિમલ્યા
નર્યા દુર્વાંકુરો ફર ફર થતા. સ્હેજ ચમક્યું
સૂતેલી પત્નીનું શરીર; ઝબક્યો હું ય; પરખી.
જરા મેં પંપાળી પ્રથમ. ઉર મારું ય છલક્યું.

વીતેલાં વર્ષોમાં કદી ય પણ ચાહી નવ તને.
સ્તનોનાં પુષ્પોમાં શરમ છૂપવીને રડી પડ્યો.

પ્રથમ સ્પર્શે / ગોપાલ સોલંકી

· હરિણી ·

અવ તિમિરનાં આછાં આછાં હટાવત અંચલ
અરવ બનીને ધીમા શ્વાસે શશી નિજ અંગુલિ
જરી જ્યહીં અડાડે, વ્રીડાથી સુકોમલ પોયણી
નતમુખ બની, ત્યાં તો સામે ધરે છબિ શી જલ!

સુદૂર વગડે ઘેરો મોરે કર્યો કુહૂકાર શો!
અદીઠ રહીને બોલી ઊઠી જરી જળકૂકડી;
પરણુપરણે જાગ્યો ઝીણો ધ્વનિ દ્રુમસ્થાનનો,
અભિનવ રૂપે કોકિલાની સ્વરાવલિ ફૂકડી.

સ્તિમિત બની ને ઊભી જોતી વિમુગ્ધ શી બાહિરે
અનિલલહરી લજ્જા છોડી પ્રવેશત ભીતરે;
જરી સળવળ્યો દીવો તેવો ગયો ગરકી જળે
નિબિડ તમના, અંધારાનાં કશાં રૂપ નીતરે!
પ્રથમ સ્પરશે વ્રીડાભારે દબી જરી પોયણી,
દલ દલ ખીલી, ગુંજે ખુલ્લા હિયે મધુરાગિણી!

પગલાં / શંભુપ્રસાદ જોશી

· મનહર ·

જન તણાં, પશુ તણાં,
કોકડું બનેલ તરુપર્ણ તણાં,
પુલ પરે
પગથીએ અથવા કો' વાહનમાં
જતી અને આવતી કૈં
અહીંના તીરેથી ઊડી
પણે જતાં વિહંગની પાંખ તણાં
રેતીપટે પગલાં અનેક...!

તિમિરનાં,
ભીનાભીના સમીરનાં,
સુરજનાં,
અહીંતહીં અટવાતી
ધૂળ તણી ડમરીનાં—
પગલાં અનેક...!

શમી ગઇ ચેહ તણી
ભસ્મ કેરાં,
એક વેળ ઘોડાવેગે વહી ગયાં
પૂર તણાં જલ કેરાં,
કણકણ વિષે મહાગિરિકેરાં—
એક પરે એક લહું...
કોઈ મોટાં, કોઇ નાનાં,
કોઇ છૂપાં, કોઈ છાનાં,
રેતીપટે પગલાં અનેક...!

તો / રાજેન્દ્ર શુક્લ

· વ્યસ્ત સવૈયા ·

ભરી ભરી આ ભીડ મહીં
એકાદ ઘડી મારાથી મુજને
મળી શકાયું હોત—

જલકણથી તૃણટોચ પરે
ક્ષણ ઠરી શકાયું હોત—

તો વાત કરીક થઇ હોત;
તો મારું ઉચ્ચાર્યું મુજથી
સકલ પમાતું હોત,
તો ડાલકાચબાની પીઠ ઉપર
થતો હોત રોમાંચ...

ઓ વિધાતા ભાગ્ય તેં
સૌનું ઘડ્યું છે એ તો ઠીક,
તું જ કહી દે કોણ એ
રીતે જીવે છે જિંદગી?
માનવી પહેલાં રચ્યું તેં
નર્ક માનવકાજ પણ,
એ જહન્નમથી ડરી સૌ
કર્યા કરે છે બંદગી!

હાસમ વૈદ્ય 'મોમિન'

મરાઠી ભાષા અને સમાજની અનવરત, ઉજ્જવલ

આજે તો સાહિત્યસેવા કે સાહિત્યને નામે થતી સેવા બંનેમાં કીર્તિ અને પૈસા મળી રહે છે પણ જે કાળે એવી પરિસ્થિતિ નહોતી એ સમયમાં નોકરી પણ છોડી દઈ કેવળ કલમવ્રત જ ધારણ કરવું એ ઘણી હિંમતનું કામ હતું અને તે પછી યે એ માર્ગે જતાં આવતી અનેક મુસિબતો સામે ઝઝૂમતા રહી ખંત અને સાતત્યપૂર્વક આજીવન એ ઉપાસના જારી રાખી પોતાની પ્રતિભા ને નૈપુણ્યનો જબરદસ્ત વિકાસ સાધવો ને એનાં ફળ સમગ્ર સમાજ પણ આસ્વાદી શકે એ જેવીતેવી જીવનસિદ્ધિ નથી જ. આવું કલમવ્રત સ્વીકારી છેક સુધી પોતાની આગવી લાક્ષણિકતા જાળવી રાખી ગયા સપ્ટેમ્બરની ૨૩મીએ રાત્રે ૮-૨૫એ જેઓ અનંતતામાં સમાઈ ગયા એ સ્વ૦ મામા વરેરકરની તો અનેક રીતે ખોટ પડી છે.

નાટ્ય, વાઙ્મય, પત્રકારિત્વ, ચલચિત્ર, સમાજસુધાર વગેરે ક્ષેત્રોમાં સિદ્ધિનાં શિખર સર કરી તેઓ સદ્ગત થયા એ એમને પોતાને તથા મહારાષ્ટ્રને માટે ગૌરવપ્રદ છે. પોતાની તમામ કૃતિઓ માતૃભાષા મરાઠીમાં જ લખીને એમણે એ ભાષાના સાહિત્યને સમૃદ્ધ કર્યું એ તો ખરું જ, પણ એ એક જ ભાષામાં એમની કૃતિઓ સીમિત ન રહેતાં ભારતની અન્ય ભાષાઓમાં પણ એના અનુવાદો થયા. એ રીતે તેઓ દેશભરના ગણનાપાત્ર સાહિત્યકાર બની રહેલા.

ભાર્ગવરામ વિઠ્ઠલ વરેરકર એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૮૩માં કોંકણ પ્રદેશના ચિપળૂણ ગામમાં એપ્રિલની ૨૭મીએ એમનો જન્મ થયો. માલવણ, દાપોલી અને રત્નાગિરિમાં શિક્ષણ લઇ મૅટ્રિક થયા પહેલાં જ સંજોગોવશાત એમને ટપાલખાતામાં નોકરી લેવી પડી.

એ વખતની એમની મનઃસ્થિતિનો ખયાલ, એમણે આકાશવાણી પરથી આપેલા એક વાર્તાલાપમાંથી જાણવા મળે છે. સ્વામી વિવેકાનંદ સાથે એમણે કરેલી મુલાકાત વર્ણવતાં એમણે કહેલું કે—

"...પાંચ વર્ષનો હતો ત્યારથી મારા પિતાજી પાસે આવતા સંન્યાસીઓના સાન્નિધ્યનું સૌભાગ્ય મને મળતું રહેલું. એમની સંન્યાસભાવના પ્રત્યે મને અનહદ આકર્ષણ હતું......

ગૌડપાદાચાર્યના આસન માટે જે સ્નાતકો લેવાતા એમાં મારી પણ વરણી થઇ હતી... પણ મારા માતાજીએ મને સંન્યાસી થતાં રોકયો.

આગળ જતાં મેં ટપાલખાતામાં નોકરી લીધી. પિતાજીએ મારા લગ્નનું નક્કી કર્યું ને એ માટે એમણે આપી દીધેલા વચનના પાલનાર્થે મારે લગ્ન કરવા પડયા. મારા જીવનની એ એક મોટી નિરાશા હતી. દાક્તરનું સર્ટિફિકેટ મેળવી નોકરીમાંથી રજા લઇ મેં ઘર છોડયું. મારા એક મિત્રના ભાઈ નેપાલમાં પશુપતિનાથના મંદિરમાં પૂજારી હતા. એમની સાથે હું પણ નેપાલ પહોંચી ગયો...ત્યાં પછી કેટલુંક એવું બન્યું કે મારે નેપાલથી ચાલ્યા આવવું પડયું. હું સ્વામી વિવેકાનંદના સહકારી સ્વામી તુરિયાનંદ અને સ્વામી સ્વરૂપાનંદ સાથે હિંદુસ્તાનમાં આવતો રહ્યો.

સ્વામી વિવેકાનંદ એ વખતે અલ્મોડામાં હતા. હું ત્યાં પહોંચી ગયો. બહુ દિવસોની મારી મનેચ્છા પૂરી થઇ...અલ્મોડાના આશ્રમમાં સંન્યાસીઓના મેળામાં હું પણ આશ્રમવાસીનું જીવન જીવતો હતો. અહીં સ્વામીજીના કેટલાક વિદેશી ભક્તો સાથે સ્વામીજી અંગ્રેજીમાં બોલતા પણ સંન્યાસી બંધુઓ સાથે તો તેઓ બંગાળીમાં જ વાતચીત કરતા. સાંભળી સાંભળીને હું પણ બંગાળી સમજવા માંડયો.

ભજન વખતે સ્વામીજી ધ્યાનસ્થ થઈ જતા. અન્ય સંન્યાસીઓ પણ ધ્યાન ધરતાં... મને એથી અચરજ જરૂર થતું પણ મારા અંતરને ખેંચવાની તાકાત એમાં નહોતી. હું તો મારી સમસ્યા હલ કરવા અધીરો થઈ ગયો હતો...એક દિવસ ધ્યાન પછી સ્વામીજી એકલા જ બહાર નીકળ્યા. હું એમની પાછળ ઊપડયો. સ્વામીજીને મારી હાજરીની જાણ થતાં એ થંભી ગયા ને મારી પાસે આવ્યા. મમતાથી મારી પીઠ પર હાથ ફેરવતાં અંગ્રેજીમાં પૂછયું, 'બોલો મારા ભાઈ, શું ઇચ્છો છો?' મેં સંન્યાસી થવાની મારા અંતરની ઇચ્છા કહી દીધી. મારા વિષે એમણે બધી જ વિગતો પૂછી. હું પરણેલો છું એ જાણી મારા માથે હાથ મૂકી સ્વામીજી બોલ્યા, 'નાદાન બાળક, સંન્યાસનું સૌભાગ્ય હતું, પણ તારા ભાગ્યમાં એ ટકયું નહિ. તારું લગ્ન થઈ ગયું; હવે તું સંન્યાસી થઈ શકે નહિ.'

હું એકદમ આકાશમાંથી ધરતી પર પટકાયો. અંતરની ઊંડી ઇચ્છા છિન્નવિછિન્ન થઈ ગઈ. ધ્રૂસકેધ્રૂસકે હું રડી પડયો. ત્યારે સ્વામીજીએ મને બથમાં લઈને સાંત્વના દેતાં કહ્યું, 'તારા નસીબમાં સંન્યાસ છે જ. યુવાનીમાં તને સંન્યાસાવસ્થા મળશે. તારા હાથે મોટું કાર્ય થવાનું હું સ્પષ્ટ જોઈ રહ્યો છું. હવે તું તારે ઘેર જા અને નોકરી કર. પણ આ નોકરી તારે માટે નથી. તું મુક્ત છે, સ્વતંત્ર છે. હું કાશ્મીર જઇ રહ્યો છું. ત્યાંથી પાછો આવી વિદેશયાત્રા પર જઈશ. ત્યાંથી પાછો આવું પછી કલકત્તામાં મને ફરી મળજે. ભૂલતો નહિ. ભૂલીશ તો પસ્તાઇશ.' નિરાશ થઇ હું પાછો આવતો રહ્યો.

સન ૧૯૦૧ની આખરમાં હું ફરી બેલૂર મઠ તરફ ઊપડી ગયો. પિતાજીનો દેહાન્ત થઈ ગયો હતો. સંન્યાસ લેવાની તમન્ના ફરી પ્રબળ બની ઊઠી હતી. જ્યારે હું બેલૂર પહોંચ્યો એ દિવસોમાં સ્વામીજીનું સ્વાસ્થ્ય ઠીક નહોતું. મેં ફરી મારી ઇચ્છા વ્યક્ત કરી. ત્યારે એમણે કહ્યું, 'ભાઈ, સંન્યાસી બનવાની કોઈ જરૂર નથી. રાખાલ મહારાજ (સ્વામી બ્રહ્માનન્દજી) તને મંત્ર દીક્ષા આપશે. એને જ સંન્યાસ સમજ. આજે મેં ગિરીશ ઘોષને બોલાવ્યા છે.'

ગિરીશચન્દ્રજી આવતાં એમણે મને પણ બોલાવ્યો. સ્વામીજીએ એમને કહ્યું, 'આને તમારો જ બાળક સમજી અપનાવી લો...હું એને તમને સુપરત કરું છું.'

ત્યાર પછી ગિરીશબાબુએ મને પુત્રવત્ જ રાખ્યો."

પોસ્ટ ઑફિસમાં તેઓ કારકુન હતા, પણ એમનું ચિત્ત નાટકોમાં જ ભમતું. નાટકો જોવાનો તો એમને નાનપણથી જ 'ચહડકો' હતો. અને પોતે પણ કલમ અજમાવતા: ૧૯૦૭માં એમણે 'કુંજવિહારી' નામે એક નાટક લખ્યું. એ કાળે મહારાષ્ટ્રમાં 'કિર્લોસ્કર નાટ્ય મંડળ'-ની બોલબાલા હતી. કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર, કોલ્હટકર ને ગડકરીના યશની દુંદુભીઓ ગાજતી હતી. 'શારદા' જેવા નાટકથી વાસ્તવવાદી નાટકનો આરંભ તો થયો હતો પણ તખ્તા પર હજી રંગદર્શી નાટકોનું પ્રાબલ્ય હતું. એવે વખતે એ રમ્યરંગીન ને કૃત્રિમ વાતાવરણની વચ્ચે તદ્દન વાસ્તવિક વસ્તુની રજૂઆત કરવી એ જેવીતેવી હિંમતનું કામ નહોતું જ. પણ ચીલો ચાતરવો એ તો મામાનો સદાનો સ્વભાવ હતો. એમના 'કુંજવિહારી'ને 'સ્વદેશ હિતચિંતક નાટક મંડળી'નો સધ્યારો મળી ગયો અને એની રજૂઆત થઈ. નાટકને ઘણો સારો આવકાર મળ્યો પણ નાટકકારને તો કોઇ જ ઓળખતું નહોતું. પણ એની મામાને કયાં પરવા હતી.

લોકમાન્ય ટિળકનો એ જમાનો હતો. મામાએ એ કાળને પૂરો પિછાની લીધો. ગાંધીજીના આરંભાતા રાજકારણને પણ એમણે જાણ્યું-પિછાણ્યું અને એમાં એમને શ્રદ્ધા બેઠી. તેઓ કૉંગ્રેસમાં પણ જોડાયા

અને અનેકવિધ સેવા કરનાર પ્રેરણાદાયી રાષ્ટ્રનિષ્ઠ નાટચાચાર્ય

ને નોકરીને તિલાંજલિ આપી દીધી. ટિળકના રાજકારણના પ્રવાહ-ને ઝીલનાર ખાડિલકરનાં નાટકો સામે મામાએ ગાંધીજીના રાજ-કારણને પ્રતિબિંબિત કરતાં નાટકો રચ્યાં. વાસ્તવવાદ ને ભાવનાઓને સમન્વિત કરી એમણે રંગભૂમિને એક નવું ઇષ્ટ સ્વરૂપ આપવા માંડ્યું. આ રીતે એમને નવી મરાઠી રંગભૂમિના ઘડવૈયા કહીએ તો એ ખોટું નહિ ગણાય. આ ઉપરાંત, 'હિન્દી જ રાષ્ટ્રભાષાનું સ્થાન લેવાને યોગ્ય છે અને એ સરળતાથી શીખી શકાય છે' એ ગાંધીજીની ઘોષણાથી પ્રેરાઈ એમણે હિન્દી ભાષાનો અભ્યાસ કર્યો એટલું જ નહિ ગાંધીજીના રાષ્ટ્રભાષા આંદોલનમાં ભળ્યા. પરંતુ એમણે સક્રિય કાજકારણમાં ઝુકાવ્યું નહિ. એમનાં લખાણોમાં પણ રાજકીય કરતાં સામાજિક સુધારણાનો પ્રબળ વેગ વરતાય છે. સામાજિક રૂઢિજડતા સામે જાણે કે એમણે પોતાની કલમ દ્વારા જેહાદ ઉપાડી હતી. છતાં જમાનાના રાજકીય બનાવો બાબત એમણે વખતોવખત પોતાના અભિપ્રાયો નિખાલસતાથી વહેવડાવ્યા હતા. છતાં તેઓ અસલ તો હતા લેખક, અથવા વધુ ખરું કહીએ તો કલમ દ્વારા ને ખાસ તો નાટ્યના માધ્યમ દ્વારા સમાજના સુધારક.

પણ એમનું કર્તૃત્વ માત્ર સાહિત્ય પૂરતું જ મર્યાદિત નહોતું. તેઓ અભિવ્યક્તિનાં નવાં માધ્યમોમાં સદા રસ લેતા. રેડિયો અને ફિલ્મની બહુજનસમાજ પ્રત્યેની અસરકારકતા એમણે બહુ પહેલેથી પહેચાની લીધી હતી. ચલચિત્રના ક્ષેત્રે પણ એમણે કામ કરેલું. ગાંધીજી પર થએલા એક ઑપરેશનની ચલચિત્રોના એ આરંભના કાળમાં એમણે એક દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી. હિંદુસ્તાનમાં રેડિયોબ્રૉડકાસ્ટિંગનો આરંભ થયો ત્યારથી તેઓ એની સાથે એક યા બીજી રીતે સંકળાએલા રહ્યા હતા. રેડિયો પરથી નાટકો દ્વારા લોકશિક્ષણના પ્રયોગોની પાછળ એમનો પણ ઠીકઠીક પ્રયત્ન હતો. પત્રકારત્વ પણ એમણે ખેડ્યું હતું. અને બંકિમચંદ્ર, કવિવર રવીન્દ્રનાથ, શરદચંદ્ર ને પ્રભાતકુમાર જેવાની કૃતિઓના અનુવાદો વડે તો જાણે એમણે સમગ્ર બંગાળાને મહારાષ્ટ્રમાં લાવી મૂક્યું હતું. પણ નાટક ને નાટ્યપ્રવૃત્તિમાંના જીવંત રસે એમને એવી ખ્યાતિ અપાવી કે સાહિત્યનાં અન્ય સ્વરૂપોનું એમણે કરેલું ખેડાણ નેપથ્યમાં ઢંકાઈ ગયું છે. એમણે અનેક નવલકથાઓ લખી છે. ટૂંકીવાર્તાઓ પણ ઘણી લખી છે. રહસ્યકથાઓ પણ લખી છે. 'માઝા નાટકી સંસાર' નામે જીવનસંસ્મરણો પણ લખ્યાં છે અને એમના સાહિત્યસંબધી વ્યાખ્યાનો ને નિબંધોનું સંકલન પણ પ્રકાશિત થયું છે. એમની આ બધી કૃતિઓમાં એમણે કરેલા વાસ્તવિક સમાજદર્શનનું પ્રતિબિંબ ઝિલાયું છે. હજી હમણાં જ એમની ૮૦મી વર્ષગાંઠ બહુ ધામધૂમથી ઉજવાઈ હતી. વ્યક્તિના જીવનમાં એ કેટલો લાંબો પંથ છે! એમાં એમણે કેવાકેવા પલટા જોયા અને સાહિત્યને પણ એમણે કેવા વળાંક આપ્યા! એ રીતે એમણે મરાઠી ભાષાસાહિત્યની શ્રીવૃદ્ધિ-માં એક આગવો ને અનોખો ફાળો આપ્યો છે. અને રંગમંચ પર તો તેઓ નિત્ય નવા પ્રયોગો કરતા રહ્યા. નાટક લખવું તથા રંગમંચ પર એને અભિનિત કરાવવું એ બધી બાબતો સાથે એમણે પ્રારંભથી જ સંબંધ રાખ્યો. તેઓ માત્ર નાટકકાર જ નહિ પણ કુશળ ને સફળ દિગ્દર્શક પણ હતા. અંગત રીતે પણ એમને નાટકકાર કરતાં 'રંગીસાર'—નિર્માતા-દિગ્દર્શક તરીકે ઓળખાવું વધુ પસંદ હતું.

મામા કોઈ વિશ્વવિદ્યાલયના ઉપાધિધારી નહોતા. પણ એમણે વિખ્યાત નાટકકારોની કૃતિઓનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એમની હૈયાઉકેલત પણ ભારે અને એ અનુસાર પોતે જે કંઈ સારું જુએ-વાંચે-



મામા વરેરકર

સાંભળે એને પોતાની કૃતિમાં બહુ જ સુંદર રીતે અચૂક વણી લે. ડૉ. કીર્તિકરે એમને વિખ્યાત નાટકકારોની કૃતિઓનો પરિચય કરાવ્યો. એ અધ્યયનથી એમની નાટક સંબંધી નવી દૃષ્ટિ ખીલી ને એમને નવી પ્રેરણા મળી. આ નવી અસરો તળે એમણે શિવાજીના જીવનની એક કથા પર આધારિત નાટક લખ્યું ને એ ઘણું સફળ થયું. નવા અભ્યાસથી એમનામાં નાટકો દ્વારા નવી કલ્પનાઓ, નવા નવા વિચારો ને નવા ઉમંગો નિર્માણ કરવાની શક્તિ આવી ગઈ. ડૉ. કીર્તિકરના માર્ગદર્શનના એ કાળને તેઓ 'ગુરુ ગૃહવાસ' ને 'ગુરુગૃહનું શિક્ષણ' કહી ઓળખાવતા.

એમનાં નાટકો સામાજિક વિચારોમાંથી નિર્માયાં. સમાજ પ્રત્યે એમને ઊંડો સ્નેહ અને સંબંધ હતો, પણ સમાજવિકાસને બાધક કોઈ પણ બાબત પર પોતાના આગવા ઉપહાસગર્ભ વિનોદથી એમણે અચૂક આઘાત કર્યા છે. વ્યક્તિને બદલે સમાજનું હિત જોવાની દૃષ્ટિ જ એમનામાં દેખાતી. સમાજના આદર્શો પરની શ્રદ્ધા એ એમની વિશેષતા છે. સમાજના આદર્શોને એમણે કદી નીચા બતાવ્યા નહિ કે ન તો એમનાં નાટકોને માટે કદી સમાજને નીચું જોવું પડ્યું. તેઓ પોતે જ કહેતા, 'વિધ્વંસક લખવાને બદલે વિધાયક - નિર્માણાત્મક લખવું જ મને અધિક પસંદ છે. સમાજની સ્થિતિ બતાવતી વખતે એની ગંદકી બતાવવાને બદલે સમાજને કયા આદર્શ તરફ અગ્રસર થવું જોઇએ એ વાતને આલેખવા પ્રત્યે મારું વલણ રહ્યું છે.' આ રીતે મામાસાહેબે મરાઠી રંગમંચ પર નવા સૂત્રપાત કર્યા. એકાંક પ્રવેશી નાટ્યરચનાના નિર્માણમાં તો તેઓ મરાઠી ભાષામાં એકમેવ હતા.

એમના 'અપૂર્વ બંગાલ' નાટકમાં દેશના વિભાજનને કારણે ઊભા થએલા પ્રશ્નોને નાટકનું વસ્તુ બનાવ્યું છે. અને એમાં એમણે

હિંમત અને સચ્ચાઈથી સૂચવ્યું છે કે ભાગલાને કારણે વિખૂટી પડી ગએલી કે કોમવાદીઓની હવસનો ભોગ બનેલી સ્ત્રીઓને કુટુંબમાં ફરી અપનાવી લેવી એ લોકોની ફરજ છે. આ વસ્તુ પર ગૂંથાએલું એ એક જ મરાઠી નાટક છે. છેલ્લે છેલ્લે 'ભૂમિકન્યા સીતા' અને 'દ્વારકા-કા રાણા'માં પૌરાણિક કથાઓ લઇને એના દ્વારા પ્રજાજીવનને પ્રતિષ્ઠિત કરવાની જે કરામત કરી છે એ તો મામા જ કરી શકે. 'ભૂમિકન્યા સીતા' એ એક જ નાટક પણ એમની કીર્તિને પરમ સિદ્ધિએ પહોંચાડવા માટે પૂરતું છે.

એમની નવલકથાઓ પણ આવા જ દષ્ટિકોણથી લખાએલી છે. 'ધાંવતા ધોટા', 'વિધવા કુમારી', 'ગોદૂ ગોખલે', 'સાત લાખાંતીલ એક' વગેરે નવલકથાઓ ઘણી પ્રતિષ્ઠા પામેલી. સાંપ્રદાયિકતા, અસ્પૃશ્યતા-દ્ધાર, ગ્રામસુધાર, કિસાન-મજદૂરોનું દુઃખીજીવન, વિધવાઓનો પ્રશ્ન, આંતરપ્રાંતીય કે આંતરજાતીય લગ્ન, સુશિક્ષિત નારીના પ્રશ્નો, સામાજિક વિષમતા આદિ અનેક બાબતો—જેને કારણે સમાજનું નિર્મળ જીવન ગંદું બને છે એનાં માર્મિક વિશ્લેષણો એમણે એમાં કર્યાં છે. સમાજમાં જાગૃતિ લાવવા ને એને નવા વિચારોથી પ્રેરિત કરવા-નું જ એમનું ધ્યેય રહ્યું છે. એમના સમયમાં યે સમાજજાગૃતિનું કાર્ય તો થતું હતું જ, પણ એ નિબંધ જેવા વિચારપ્રધાન માધ્યમ દ્વારા. સામાન્ય જન માટે તો એવા સાહિત્યની આવશ્યકતા હતી જે એમના ચિત્તને સતર્ક સાવધાન તો અવશ્ય કરે જ, ઉપરાંત એના હૃદયને પણ હલાવી દે. અને મામાએ એ કાર્ય કરી બતાવ્યું.

એમની કથાનાયિકાઓ શાલીન, વિનયી, મળતાવડી હોવાને બદલે જડબાતોડ જવાબો દેતી, ગર્વિલી ને તેજસ્વી છે. કોઈ બંધનમાં એ રહેવા નથી ઇચ્છતી. નારીસ્વાતંત્ર્ય માટે પુરુષો સામે એ વિદ્રોહ પોકારે છે. સુધારાને લલકારે છે. પુરુષની નિર્બંધ સ્વતંત્રતા પર ઘાત કરી એ પોતાના સ્વત્વ ને ધ્યેયને માટે ઝૂઝે છે, એટલું જ નહિ એ માતૃસત્તા પદ્ધતિને પણ આવકારે છે. એમના દ્વારા મામાએ પુરુષોને તો જાણે આડેહાથ ઝાડી નાખ્યા છે.

કાકાસાહેબના શબ્દોમાં કહીએ તો, 'એમણે જે કંઈ લખ્યું એ ઉચ્ચકોટિનું, સોજ્જ્વલ ને પ્રેરણાદાયી લખ્યું. મહારાષ્ટ્રના અન્ય લેખકોમાં શ્લેષાત્મક શાબ્દિક વિનોદ ઘણી વાર વધુ માત્રામાં જોવા મળે છે. ગડકરી જેવા નાટકકાર તો એના વિના એક પ્રવેશ પણ લખી નહોતા શકતા. મામાનો સ્વભાવ જોતાં એમનાં લખાણોમાં પણ એવા શાબ્દિક વિનોદના બાહુલ્યની અપેક્ષા થાય. પણ એમના લેખનમાં એ કમજોરી ક્યાંયે જોવા નથી મળતી. વાણી ચલાવનારા મામા ને લેખક મામા એક જ શરીરમાં રહેનારી ને પ્રેમથી રહેનારી બે ભિન્ન ભિન્ન વ્યક્તિ છે. એમની ભાષા સાદી, સંસ્કારી પ્રસન્ન અને પ્રૌઢ છે.'

સ્વભાવે અને આદર્શથી તેઓ પ્રજાકીય વ્યક્તિ હતા. સામાન્ય જનતાની ભાષા, એમનાં ગીતો, એમની કહેવતો ને એમની અભિ-રુચિથી તેઓ પરિચિત હતા એટલું જ નહિ એમની સહાનુભૂતિ પણ એ તરફ જ ઢળતી હતી. ગુજરાતની લોકભવાઈ જેવા મહારાષ્ટ્રના 'તમાશા'ના નાટ્યપ્રકારને એમણે એના ઉત્તાન શૃંગારભર્યા અશ્લીલ પ્રકારમાંથી શિષ્ટ પ્રકારમાં લાવી મૂક્યો હતો.

છેલ્લે છેલ્લે એમણે એક નવો પ્રયોગ પણ આદરેલો. કાકાસાહેબને એમણે એ વિષે જણાવતાં કહેલું કે, 'મરાઠી ભાષાની મેં એક નવી દિશામાં સેવા આરંભી છે. ગ્રામીણ જનતામાં અને શહેરના મજૂરો વગેરેનાં મોંમાં જે અશ્લીલ કહેવતો, વાક્પ્રચાર ને ગાળો સાંભળવા મળે છે એનું મેં સંસ્કરણ આદર્યું છે. એની શૈલી તો એવી જ સચોટ ને માર્મિક રહે પણ એના શબ્દો બધા જ શિષ્ટમાન્ય ને સોજ્જ્વલ. સંસ્કારી વ્યક્તિના મોંમાં પણ ખુશીથી ચાલી શકે એવા નવા વાક્-પ્રયોગો પ્રચલિત થતાં લોકોની વાતચીતમાં રંગ તો આવશે જ પણ સાંભળનારાને અસલ અશ્લીલ ભાષાપ્રયોગનું સ્મરણ પણ થઈ જશે. એને આવું સંસ્કારી રૂપ દઇને મેં ભાષાની ને સમાજિક જીવનની જે સેવા આદરી છે એ માટે લોકો કૃતજ્ઞ રહેશે.'

આજે ઓછી જોવા મળતી એમની આગવી છટા એમના આતિ-થ્યમાં પણ વ્યક્ત થતી. એમનું ઊંચું કપાળ, ભરપુર ભમ્મર ને માથા પછવાડે ફરકતા ધોળા વાળના ગુચ્છ એમને એક પ્રકારની ભવ્યતા આપતા. એમનો સ્વભાવ પણ ઘણો રમૂજી ને ખેલદિલ. એક વાર એમને નવાનકોર જેવા રેશમી ઝભ્ભામાં સજ્જ થએલા જોઈ કોઇએ પૂછ્યું, 'મામા, આજ કાય વિશેષ?' ત્યારે એમણે જવાબ આપતાં કહેલું,। '...મારી નવલકથામાં એક પ્રસંગ આવે છે. લડાઈમાંથી પાછા ફરેલા સૈનિકને ત્યાં લેણદારો કરજ વસૂલ કરવા આવે છે ત્યારે ત્યાં સૈનિક્ની પત્નીને લગ્નની કીંમતી સાડી પહેરેલી જોઇને એનું કારણ જાણવા પ્રયત્ન કરે છે ત્યારે ખબર પડે છે કે રોજિંદા વપરાશની બધી સાડી ફાટી ગઈ હતી ને નવી લવાય એવી સ્થિતિ નહોતી માટે એને એ સાચવેલી મોંઘી સાડી વાપરવા કાઢવી પડી હતી. મારી યે આજે એવી સ્થિતિ છે. છેલ્લા ધૂળે સાહિત્ય સંમેલન વેળાનો આ રેશમી ઝભ્ભો કાઢવો પડચો છે. અરે...દારિદ્રયાંતલેં વૈભવ આહે હં!' ને પછી બીડીનો એક ઊંડો દમ મારી લીધો.

ટિબરૂની એ બીડીઅને નેતરનો જાડો દંડો તો એમના સદાના સંગી. અને 'અરે...' કરી જ્યારે વાક્ય આરંભે ત્યારે સમજવાનું કે મામા પૂરા રંગમાં છે. એમની વાતોમાં દુનિયાભરનાં વિષયો આવી જાય.

'કોટિ' (શ્લેષ) પણ કરતા જ રહે. અમદાવાદમાં એક વાર તેઓ શ્રી રવિશંકર રાવળને ત્યાં મહેમાન હતા. એમને દમનો વ્યાધિ હતો એટલે મુંબાઈ પાછા ફરતાં આરામથી જવાય એ સારુ રેલવેમાં 'બર્થ' રિઝર્વ કરાવવાની હતી. એ કામને માટે જનારે પૂછ્યું કે, આજે જ જવાનું છે એટલે કદાચ બર્થ ન પણ મળે તો સાદી ટિકિટ લેતો આવું ને? ત્યારે તુરત એમણે કહ્યું, 'સ્ટેશન માસ્તરને કહેજો કે – ઈફ ધેર ઈઝ નો 'બર્થ', ડેથ ઈઝ સર્ટેન'. અહીં 'બર્થ' પરનો શ્લેષ સમજાય એવો છે. એમની અમદાવાદની એ મુલાકાત વખતે એમણે કરેલા સૂચનની પ્રેરણામાંથી જ અહીંનું અવેતન કલાકારોનું 'રંગમંડળ' સ્થપાયું હતું.

એમણે કરેલી સાહિત્યસેવા ને એ દ્વારા સમાજની સુધારણાના પ્રયત્નોને પરિણામે રાજ્યસભામાં એમની બે વાર નિમણૂક થઈ હતી. 'સંગીત નાટક અકાદમી' અને 'સાહિત્ય અકાદમી'માં પણ તેઓ હતા. એ દ્વારા અને એમની કૃતિઓના અનેક ભારતીય ભાષાઓમાં થયેલા અનુવાદો દ્વારા તેઓ દેશભરમાં પ્રતિષ્ઠા પામ્યા હતા. સરકારે ૧૯૫૮-માં એમને ઉત્તમ નાટચકાર તરીકે અકાદમીનો એવોર્ડ આપી નવા જ્યા હતા અને ઈ. ૧૯૫૯માં 'પદ્મભૂષણ' બનાવ્યા હતા.

છેક છેવટ સુધી એમણે પોતાના તન અને મનની તાઝગી જાળવી રાખી હતી. હમણાં છેલ્લા કેટલાક સમય પર એક તરુણ ચિત્રકાર એમનું પોર્ટ્રેટ ચીતરવા આવેલો. એની સામે પોઝ માટે બેસવા સાથે એક પત્રકારને મુલાકાત પણ આપી રહ્યા હતા. એક જ આસને લાંબો વખત બેસી રહેવાથી તેઓ અકડાઈ જશે એમ માની વચ્ચે થોડી વિશ્રાંતિ લેવાનું ચિત્રકારે સૂચવતાં જ તેઓ, 'અરે... વિશ્રાંતિ ઘ્યા-યલા કાય મી તરુણ આહે!'

અને ખરે જ એમણે એ જુસ્સો છેવટ સુધી જાળવ્યો. પણ આખરે કીડનીમાં તકલીફ ઊભી થતાં દિલ્હીના વિલિંગ્ટન નર્સિંગ હોમમાં જવું પડચું ને એ જ હાલતમાં ત્યાં એમનું અવસાન થયું.

ટેઇમિંગ ઑવ ધ શ્રૂ

સંક્ષેપકાર
ડૉ. મધુસૂદન પારેખ

ચંડિકા સીધી દોર

પાડૂઆ નગરીના શ્રીમંત વેપારી બૅપ્ટિસ્ટાને બે કન્યા હતી; મોટી કૅથેરીના અને નાની બિયાન્કા. બંને ખૂબસૂરત હતી; પણ બિયાન્કા સ્વભાવે નમ્ર અને મધુર હતી, કૅથેરીના મિજાજે આઝમ હતી. એ હમેશાં વંકાએલી જ રહેતી. એના જેવી કર્કશા કદાચ પાડુઆભરમાં ન જડે. વા સાથે પણ વઢે એવી એની ખ્યાતિ હતી. બંને બહેનો યૌવનને સીમાડે આવી રહી હતી. નાની બિયાન્કાનો પ્રેમ પ્રાપ્ત કરવા શિક્ષિત શ્રીમંત ઉમેદવારોની પડાપડી હતી, પરંતુ બૅપ્ટિસ્ટાને કૅથેરીનાની ચિંતા હતી. જ્યાં સુધી એનું લગ્ન ગોઠવાય નહિ ત્યાં સુધી બિયાન્કાનું કન્યાદાન કરવાની તેની ઈચ્છા નહોતી.

એવામાં વેરોના નગરનો પેટ્રુશિયો નામે એક જુવાન સહચરીની શોધમાં ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો. કોઈ શ્રીમંત ઘરની કન્યાને પરણીને સંસાર સમૃદ્ધ કરવાની તેની અભિલાષા હતી. બિયાન્કાના ઉમેદવારોએ આ વાત જાણી. તેમણે સહર્ષ પેટ્રુશિયોને ખપતી કન્યા ચીંધી! પરંતુ એના મિત્ર હોર્ટેન્સિયોએ એને ચેતવ્યો: 'કૅથેરીના સુંદર છે એની ના નહિ; એનો બાપ પણ સજ્જન અને ખાનદાન છે; પણ એની આ કન્યા તારો સંસાર 'સ-લૂણો' કરી નાખશે! એ બૈરી નથી, બલા છે. અને એ વનચર બલા-(ડી) જો તારે ગળે વળગશે તો એ તારી પત્ની નહિ, પણ પનોતી બની રહેશે! માટે વિચાર કરજે.'

પેટ્રુશિયોએ મિત્રની ચેતવણી હસી કાઢી: 'ભલેને કૅથેરીના ગમે તેવી ફાંટાબાજ હોય—વઢકણી, મારકણી, જે હોય તે મને ખપશે. સિંહની ગર્જનાથી હું ગભરાયો નથી, મેઘના ભયંકર કડાકાથી ડર્યો નથી; રણમોરચે કાન ફોડે તેવી ચીસાચીસનો પણ હું અનુભવી છું. આ બાપડી છોકરી તે કેટલું ગરજવાની હતી? અને ગાળો દેવાનું સ્ત્રીનું ગજું કેટલું? પણ મુદ્દાની વાત એ છે કે એનો બાપ દીકરીની સાથે દલ્લો કેટલો આપશે? દાયજો સારો મળતો હશે તો એની દીકરીને તો હું પહોંચી વળીશ. પનોતી સુધારતાં મને આવડે છે.'



'જુઓ મિસ્ટર, અફલાદ મેથો. આજે વહેંચવાનું કામ ગોઠવાયું છે!'
(ચિત્રકાર ફૉર્ડન બ્રાઉન)

પેટ્રુશિયો કૅથેરીનાના પિતાને મળવા ગયો ત્યારે થોડી વાર અગાઉ જ કૅથેરીનાએ બિયાન્કાને ઝાડી હતી અને પિતાને પણ પરેશાન કરી નાખ્યા હતા. બૅપ્ટિસ્ટા ખૂબ ઉદ્વેગમાં હતો. પેટ્રુશિયોએ પોતાનો પરિચય આપીને મુદ્દાની વાત છેડી: 'આપની મોટી દીકરી કૅથેરીનાનાં રૂપગુણની ખ્યાતિ સાંભળીને હું અહીં ખેંચાઇ આવ્યો છું. એના સુશીલ સ્વભાવ વિષે મેં ખૂબ સાંભળ્યું છે...'

બૅપ્ટિસ્ટા આ ઉમેદવારની પોતાની પુત્રી વિષેની અવળ(લ) વાણીથી મૂંઝાયો. તેણે નિખાલસપણે જવાબ દીધો: 'તમે મારી કૅથેરીના વિષે ભ્રમણામાં છો. હું એનો પિતા છું. મારે તમને સત્ય હકીકત કહેવી એ મારો ધર્મ છે. કૅથેરીના તમારે માટે અનુકૂળ નથી.'

'અરે, પણ અનુકૂળ છે કે નથી તે હું જોઈશ. આપ પોતે અમારાં લગ્ન માટે સંમતિ આપો એટલું જ માગું છું. મેં પોતે તો એના સદ્ગુણની ભારે પ્રશંસા સાંભળી છે. મને એ જરૂર...'

પરંતુ પેટ્રુશિયોના ઉદ્ગારો અધૂરા જ રહી ગયા. એનો મિત્ર હોર્ટેન્સિયો ગભરાટમાં અંદરના ઓરડામાંથી બહાર દોડી આવ્યો. એ કૅથેરીનાનો સંગીતશિક્ષક હતો. બૅપ્ટિસ્ટાએ એને બેબાકળો જોઈ પૂછ્યું: 'કેમ મહાશય, શી વાત છે? મારી કૅથેરીના સંગીતમાં કેટલે પહોંચી?'

'સાંબેલા સુધી!' દાઝનો માર્યો હોર્ટેન્સિયો બોલી ઊઠ્યો: 'તમારી દીકરીને સંગીતમાં કોઈ નહિ પહોંચે.' એનું મોં કટાણું થઈ ગયું.

'પણ વાત શી છે?'

'મેં કૅથેરીનાને લ્યૂટ (સારંગી) વગાડતાં શીખવવા માંડ્યું. પણ આપની સુપુત્રીને એ આવડે ત્યારે ને? મેં એની સહેજ ટીકા કરી: 'તમને લ્યૂટ વગાડતાં આ ભવે તો આવડી રહ્યું!' જવાબમાં એણે, જુઓ, આ મારા માથા પર લ્યૂટ પછાડી, ને આ ઢીમણું થઈ ગયું! તમારી દીકરી લશ્કરમાં નાયક થાય તો ભલે, બાકી ગાયક તો એ થઇ રહી!' હોર્ટેન્સિયોએ માથું પંપાળતાં રોષથી કહી દીધું.

બૅપ્ટિસ્ટાએ સૂચક દૃષ્ટિએ પેટ્રુશિયો સામે જોયું. એ નજરમાં મર્મ હતો: 'સાંભળીને એની ખ્યાતિ?' પરંતુ પેટ્રુશિયો આ બનાવ સાંભળી હરખાઈ ઊઠ્યો: 'અરે વાહ, શિષ્યાને હાથે ગુરુનો પરાજય થાય એથી રૂડું શું? મને તો આવી તેજસ્વી કન્યા જ ગમે. મારો લગ્ન કરવાનો નિશ્ચય હવે દશગણો દૃઢ થયો છે. આપ સંમતિ આપો.'

બૅપ્ટિસ્ટા આ જુવાનને અજાયબીથી જોઈ રહ્યો. તેણે કહ્યું: 'ભલે, કૅથેરીનાને અહીં મોકલું છું. તમે એનો પરચો મેળવી લો; પછી આગળ વાત કરીશું.' આમ કહી એ અને હોર્ટેન્સિયો વિદાય થયા, અને થોડી વાર થઈ ન થઈ ત્યાં તો ધમધમ કરતી પગ પછાડતી કૅથેરીના આવી. એ ખૂબ ખફા લાગતી હતી. પેટ્રુશિયોએ સામે દોડીને ઉમળકાભેર તેને સત્કારી: 'હલ્લો, પ્રિય કેટી...'

'જીભ સંભાળો! મારુ નામ કૅથેરીના છે.' તેણે તોછડાઈથી કહ્યું.

'નહિ નહિ, મારી મધુર કેટી! હું જાણું છું તું સૌની લાડકી જ છે. કેટલું અદ્ભુત નામ છે તારૂં! અને તારી નામના તો એથી યે વિશેષ.

મેં તને જ ઝંખી હતી; તારા આકર્ષણે જ હું અહીં સુધી દોડી આવ્યો. મેં તને માગી લીધી તારો બોજો હું સંસારમાં આનંદથી વહીશ.'

'જુઓ મિસ્ટર! બકવાદ મેલો. બોજો વહેવાનું કામ ગધેડાનું છે!'

'ઓ! તારો આ ચડભડાટ પણ શો મધુર છે! પ્રિય મધુમક્ષિકે!'

'ડંખ ન લાગે, ચેતજો!'

'ડંખનો ઉપચાર મને માલૂમ છે પ્રિય કેટી! હવે રોષ કોના પર?'

'જાનવર પર!'

'પણ અહીં કોઈ જાનવર નથી, કેટી!'

'આયનો હોત તો દેખાડી દેત!'

'પ્રિય કેટી, મારો સ્નેહ હજુ તેં જાણ્યો નથી! મારી જુવાની—'

'જુવાની?! ડાચાં તો બેસી ગયાં છે!'

'એ તારી ચિંતામાં.'

'એની મને ચિંતા નથી.'

'ઓહ! તને મેળવીને હું કેવો ભાગ્યશાળી થઈશ! મેં તો સાંભળ્યું હતું કે તારી ઉદ્ધતાઇનો પાર નથી; તારી જીભે કાંટા છે; તારા હૃદયમાં વિષ છે... પણ લોકો કેવા નિંદાખોર અને બેવકૂફ છે! તારી નમ્રતા અપાર છે, તારી વાણીમાં ફૂલ ખરે છે, અને તારા હૃદયનું અમી પીને હું અમર થઈ જઈશ... પણ પ્રિય કેટી, તું આમ પૂતળીની જેમ સ્થિર કેમ ઊભી છે? તારી ચાલવાની છટા તો હું જોઉં?'

એકદમ કૅથેરીનાનો રોષ ભભૂકી ઊઠચો: 'મૂર્ખ! મને આજ્ઞા કરવાની હિંમત કરે છે? આવા બેવકૂફોને અહીં દાખલ કોણ કરે છે?' અને ધૂંધવાએલી કૅથેરીના ઝડપથી બારણા સુધી પહોંચી ગઈ.

'બસ; વાહ વાહ! અદ્ભુત! સુંદર! તારી ગતિ પર આફરીન છું. હંસગતિ કહું? ના ગજગામિની! કેવો રાજકુમારીના જેવો રુઆબ અને કેવી લલિત મનોહર છટા! વાહ!'

કૅથેરીના જરા મૂંઝવાઇ. આ નવતર આદમી એની હાંસી ઉડાવતો હતો કે પછી સાચેસાચ સંવનન કરવા આવ્યો હતો? એ ઠસ્સામાં પાછી ફરી: 'મિસ્ટર, તમારા આ વાણીના વિલાસથી હું મોહિત થાઉં તેવી નથી. આ બધું ક્યાં ભણી આવ્યા?'

'અરે, વિલાસ તો તેં હજુ દીઠો નથી. આ તો માત્ર આકસ્મિક વાણી છે. મારી માતાએ મને વારસામાં વાણીનો વૈભવ આપ્યો છે.'

'એમ? ચતુર માતાનો આવો મૂર્ખ સપૂત?'

'તારી ગાળ પણ મને વહાલ કરતી લાગે છે. તું ઇચ્છે કે ન ઇચ્છે, પણ મારી હૃદયેશ્વરી તો હવે તું જ! તારી રીસ મને રીઝવે છે, તારી વાણીમાં મીઠો કલશોર છે. કેટી, તું ચિત્તચોર છે. પ્રેમમાં આટલે તણાયા પછી પ્રિય, હવે શી લજ્જા? આ મારું ઉર... અને અરધી સજ્જા!'

'ધૃષ્ટ! નફ્ફટ!' કૅથેરીના ફૂંફાડો મારી ઊઠી. એ જ પળે એના પિતાએ પ્રવેશ કર્યો. દીકરીની આંખ પરથી જ અરધી વાત એ પામી ગયો. પેટ્રુશિયોની સામે જોઇને તરત મર્મ કર્યો: 'કેમ, શી ગતિ છે?'

'ગતિ નહિ, પ્રગતિ! તમારી પુત્રી આટલી બધી સ્નેહાળ, લાજાળ હશે એ તો આજે જાણ્યું. એની જીભે સરસ્વતી છે. હું તૃપ્ત થઈ ગયો, એની પ્રેમવૃષ્ટિમાં ભીંજાઇને ધન્ય બની ગયો. લગ્નનો કોલ મને આપીને તેણે મારો ભવ સફળ કરી દીધો. હવે આ શુભ પર્વ માટે હું વધારે વાટ જોવાનો નથી. આવતા રવિવારે જ અમારાં લગ્ન!'

કૅથેરીનાએ જબરો ચિત્કાર કર્યો: 'ડૅડી, આ ચક્રમ તમે મારે માટે શોધી કાઢચો? રવિવારે એ મને પરણે તે પહેલાં તો હું એને ફાંસીને માંચડે લટકતો જોવાનું વધુ પસંદ કરીશ.'

'ઓહ! હું સમજ્યો. પેટ્રુશિયો—'

'નહિ, આપ સમજ્યા જ નથી. કેટીની આ વિશિષ્ટ પ્રેમપદ્ધતિ છે. કોઇની પણ હાજરીમાં કેટીએ મારી સાથે ઝગડતા દેખાવાનું નક્કી કર્યું છે, અને મેં સંમતિ આપી છે. હાસ્તો! અમારા પ્રેમને કોકની નજર લાગી જાય તો?' અને જરાક હસીને તેણે કહ્યું: 'થોડી વાર પહેલાં જ એની પ્રેમવર્ષા મારા પર થઈ ગઈ! એવી તાજગી આવી ગઇ છે! એની માયા, મમતા અને માવજતની શી પ્રશંસા કરું? તમે તો એના પિતા છો, જાણતા જ હશો.' અને નાટકી છટાથી એણે કેટીને વહાલથી સંબોધી: 'પ્રિય કેટી! હજી શરમાયા કરીશ? તારી પ્રશંસા હું ન કરું તો કોણ કરશે? પણ મૂંઝાઇશ ના. હવે રવિવાર ક્યાં દૂર છે? તને શોભે એવો પોશાક, લગ્નની વીંટી અને તારાં આભૂષણો લઇને હું આવી પહોંચીશ. આટલો વિયોગ મારે ખાતર પણ વેઠી લેજે, મારી મીઠી કેટી!' અને એણે એકદમ કૅથેરીનાનો હાથ પકડીને ચૂમી લીધો!

કૅથેરીના આ અજાણ્યા પુરુષની નફ્ફટાઈ ને નફકરાઈ જોઈ સમસમી ઊઠી. પણ ન જાણે કેમ, એને કાળજે કંઈક અનેરો કંપ થયો. પેટ્રુશિયોએ એનો હાથ ચૂમ્યો તેના આહ્લાદથી હૈયામાં ઉમંગના બુદ્બુદ ઊછળ્યા. સાથે જ એના અહં પર ઘા પણ પડચો. પ્રેમ ને દ્વેષની ખેંચાખેંચ એના હૈયામાં મચી રહી. પણ એ કશું યે બોલે તે પહેલાં પેટ્રુશિયો તો વિદાય પણ થઈ ગયો. એના પાતાળકૂવામાં પેટ્રુશિયોનું પ્રેમબાણ આબાદ વાગ્યું હતું!

અને બૅપ્ટિસ્ટાના હરખનો તો પાર ન હતો. એણે પેટ્રુશિયોને વીસ હજાર ક્રાઉન દહેજમાં આપવાનું વચન આપ્યું અને... મરણ પછી અરધી મિલકત વધારાની!

રવિવાર સુધી કૅથેરીનાની સ્થિતિ વિચિત્ર રહી. એને પોતાને જ સમજાતું નહોતું કે એકાએક શું થઈ ગયું. આવો ધૃષ્ટ-લહેજતદાર, તેની ગાળોને પણ વધામણી માનીને વહાલ કરનારો જુવાન તેણે આ અગાઉ જોયો નહોતો. પોતે સાચે જ સ્નેહાળ-સુશીલ હતી? આ સાવ અજાણ્યો આદમી તેની કેટલી બધી ઇજ્જત કરી ગયો! એ પરાણે તેનું પાણિગ્રહણ કરી ગયો અને પોતે વિરોધનો એક હરફ પણ હોઠ પર ન આણી શકી એ તે કેવું કૌતુક? પોતાનું હૃદય આમ પોચું કેમ પડી ગયું? ચિત્રવિચિત્ર તરંગોમાં રવિવાર સુધી તે તરફડતી રહી.

રવિવાર ઊગ્યો. રાગ ને કૌતુકથી તે પેટ્રુશિયોની પ્રતીક્ષા કરતી રહી. એના પિતાએ પણ લગ્નભોજનની ધામધૂમ કરી હતી. સૌને મનમાં કૅથેરીનાને ઉમળકાથી પરણવા તત્પર થનાર આ જુવાન માટે કુતૂહલ હતું. પરંતુ બપોર થવા આવી છતાં એ આવ્યો નહિ. લગ્નની ઘડી પણ વીતવા માંડી. કૅથેરીના ખૂબ બેચેન બની ગઈ: 'એ નહિ આવે કે શું? એનો પ્રેમમંત્ર એ માત્ર પ્રપંચ હશે? પોતાને એ ભોળવી ગયો? અપશબ્દોનું એણે આમ વેર વાળ્યું?' જાહેરમાં જો આમ ફજેતી થાય તો લોકોને મોં શું દેખાડીશ? મનમાં ને મનમાં એ સમસમી રહી. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. પણ હવે ઇલાજ શો? એની આંખો વરસવા માંડી, પણ એનો ભાવી પતિ દેખાયો નહિ. બૅપ્ટિસ્ટા, લગ્ન કરાવનાર ધર્મગુરુ અને આમંત્રિત મહેમાનો, સૌ ઊંચાનીચા થઈ રહ્યા હતા. પેટ્રુશિયો સૌને બનાવી ગયો કે શું?

પણ આખરે મોડોમોડો એ વરરાજા દેખાયો ખરો. હતાશ કૅથેરીનાને હૈયે હાશ થઇ. બૅપ્ટિસ્ટાએ નિરાંતનો દમ ખેંચ્યો. બધા લોકો એને ટીકીટીકીને જોઈ રહ્યા. એનો પહેરવેશ સાવ વિચિત્ર હતો. ઢંગધડા વગરની એની હૅટ, મેલોદાટ કોટ, મોજડીનું તો કશું ઠેકાણું જ નહિ, ને મડદાલ ખચ્ચર જેવા ઘોડા પર ચડીને એ ભારે રુઆબમાં આવ્યો હતો. એની સાથે એનો નોકર ગ્રૂમિયો પણ એની જેમ જ લઘરવઘર હતો. બૅપ્ટિસ્ટા અને બીજા મહેમાનોએ એને સત્કાર્યો, પરંતુ એ તો કૅથેરીનાને મળવા-ભેટવા ઉત્સુક બની દોડાદોડ કરી રહ્યો હતો. એના

મિત્રે એને પોશાક બદલીને કૅથેરીનાની મુલાકાત લેવાની સલાહ આપી; પણ એણે તો ધસીને ના પાડી દીધી. બૅપ્ટિસ્ટાએ ચમકીને પૂછ્યું: 'તમે... આવા વેશે પરણવા બેસશો?'

'હારતો! મારી કેટી મને પરણી છે કે મારા પોશાકને? તમે મને નાહક પજવો નહિ. મારી કેટી ક્યાં છે? એને મળ્યા વિના મને ચેન નહિ પડે.' એમ કહીને એણે તો ધમાધમ કરી મેલી.

કૅથેરીના ને પેટ્રુશિયોની મુલાકાત થઈ ગઇ. લગ્ન નિમિત્તે ભોજન-સમારંભ માટે રોકાવાની પેટ્રુશિયોએ ચોખ્ખી ના પાડી. બૅપ્ટિસ્ટાને એણે પોતે ખૂબ તાકીદના કામમાં રોકાયો હોવાની વાત કરી સમજાવી દીધો. મહેમાનોની ક્ષમા માગી. પરંતુ કૅથેરીનાનો પિત્તો ગયો: 'તમારે જવું હોય તો જાઓ, બારણાં ખુલ્લાં છે મારાથી આ રીતે નહિ અવાય. આ તે કંઈ તમારા પરણ્યાના ઢંગ છે?' અને કૅથેરીનાએ સૌને જમવા બેસવાનો આદેશ આપી દીધો.

પેટ્રુશિયોએ રંગમાં આવીને બૂમ પાડી: 'શાબાશ! મારી કેટીની આજ્ઞાનો સહુ અમલ કરશે જ એનો મને વિશ્વાસ છે. તમે સહુ નિરાંતે ભોજન શરૂ કરો. પણ મારી કેટી તો મારી સાથે જ આવશે અને હું એને લઇને જ જઇશ. કેટી મારું સર્વસ્વ છે. મારું ઘર, મારી દોલત, મારાં ઢોરઢાંખર, એ બધું જે કહો તે મારી કેટી જ છે! કોની તાકાત છે અમને જતાં રોકે?' અને પેટ્રુશિયોએ તો નાટકી અદાથી તલવાર ખેંચી: 'ગ્રૂમિયો! જોજે, મર્દાનગી લાજે નહિ—હોશિયાર!'

અને એણે ઊંચકીને કૅથેરીનાને પોતાના ઘોડા પર નાખી: 'વહાલી કેટી, તને હાથ લગાડનાર કોઇ માઇનો પૂત નીકળે તો ખરો! મારા પ્રાણને ભોગે તારી રક્ષા કરીશ.' એમ કહી એણે તત્કાલ ઘોડો મારી મેલ્યો! કૅથેરીના પતિના આ વર્તનથી એવી તો ડઘાઈ ગઈ કે પિતાની કે બહેનની વિદાય લેવાનું યે વીસરી ગઈ. અને પેટ્રુશિયો પણ એને એવો મોકો આપે ત્યારે ને? એને એ વસ્તુતઃ ઘસડી જ ગયો! મહેમાનો આ વહુ-ઘેલા વરરાજાને આશ્ચર્ય અને રમૂજથી જતો જોઈ રહ્યા.

ખચ્ચર જેવું ખખડધજ ઘોડું અને ખાડાખૈયાવાળો રસ્તો! કૅથેરીનાનાં હાડકાં-પાંસળાં ખખડી ગયાં! અને કૅથેરીનાની તકલીફનો બધો દોષ પોતાના નોકર ગ્રૂમિયો પર ઢાળવતો પેટ્રુશિયો આખે રસ્તે રાતોપીળો જ રહ્યો. એની રુદ્રમૂર્તિ જોઇને કૅથેરીનાની બોબડી જ બંધ થઈ ગઇ! ઘર આવતાં સુધીમાં તો એ સાવ ઢીલી ઢફ થઈ ગઈ.

ઘર આંગણે પેટ્રુશિયો અને કૅથેરીના ઘોડા પરથી ઊતર્યાં ને પેટ્રુશિયોનો પિત્તો ગયો! ઘરના બધા નોકરો સ્વાગત માટે હાજર નહોતા! એણે તો ગાળોની ઝડી વરસાવી! નોકરોને સખત ખખડાવી નાખ્યા! ગભરાએલી કૅથેરીનાને એકબે પળ મીઠા શબ્દોમાં આશ્વાસન આપતો-કને પેટ્રુશિયો થોડી જ પળોમાં નોકરોની ધૂળ ખંખેરવા માંડતો. પુરસ્કાર અને તિરસ્કારનો આ બેવડો પ્રયોગ એકસાથે જોઇ કૅથેરીના દિગ્મૂઢ બની ગઈ! એટલામાં નાસ્તો લઇને આવતા એક નોકરને ઠેસ વાગી અને વાસણો ફૂટ્યાં. પેટ્રુશિયો એકદમ ઊકળી ઊઠચો: 'રંડીના! પાજી! બદમાશ! આંધળો છે? દેખતો નથી?' એણે બોચીમાંથી પકડીને નોકરને ઢીબી જ નાખ્યો! કમકમી ઊઠેલી કૅથેરીનાએ વચ્ચે પડીને નોકરને માંડ બચાવ્યો. પણ પેટ્રુશિયોની વાણી તો પ્રાણીની પેઠે ફૂટતી જ રહી. કૅથેરીનાએ પતિનો ક્રોધ જેમતેમ શાંત કર્યો. કેવા પતિને પનારે પોતે પડી હતી તેનું હવે તેને જ્ઞાન થવા માંડ્યું હતું!

પેટ્રુશિયોએ તેને હાથ પકડીને પાસે બેસાડી: 'વહાલી કેટી, ભૂખ લાગી હશે, કેમ? તને ખૂબ અથડામણ પહોંચી હો! અને આ દુષ્ટ નોકરે નાસ્તો ભોંયભેગો કર્યો? તું વચ્ચે ના પડી હોત તો હું એને પણ ભોંયભેગો કરી નાખત. એ રંડીપુત્તર શાહજાદાને ખયાલ નથી કે તારા ઘરમાં હવે આ બધું નહિ ચાલી શકે!'

થોડી વારમાં બીજો નોકર નાસ્તાની રકાબીઓ લઇને આવી પહોંચ્યો. પેટ્રુશિયોએ ઉમળકાથી કૅથેરીનાને કહ્યું: 'હાશ, હવે શાંતિથી આરોગીએ. તને બહુ ત્રાસ પડચો, હોં!'

નોકરે રકાબીઓ બરાબર ગોઠવી. કૅથેરીના ભૂખીડાંસ થઇ ગઇ હતી. એ મટનનો ટુકડો મોઢામાં મૂકે તે પહેલાં તો ફરી પાછો પેટ્રુશિયો ગરજી ઊઠચો: 'ક્યો કમબખત મરવાનો થયો છે? કેટી, ડાર્લિંગ આ મટન ખાઇશ નહિ. અણઘડ બટલરે એ સાવ બાળી નાખ્યું છે.' અને એણે નાસ્તાની રકાબીઓ ભોંય પર ફેંકી દઇને ફરી ગાળવૃષ્ટિ કરવા માંડી! કૅથેરીનાનો મોં સુધી આવેલો કોળિયો ઝૂંટવાઈ ગયો! એના હોશકોશ ઊડી ગયા! ભૂખથી એનું માથું ભમતું હતું. પેટ્રુશિયો વારેવારે કૅથેરીનાનું નામરટણ કરતો, પણ એનું ધ્યાન તો મટનમાં હતું!

એ રાતે કૅથેરીનાને ઉપવાસ જ કરવો પડચો. પેટ્રુશિયોએ ખૂબ પ્રેમપૂર્વક તેને ઉપવાસ કરવામાં 'કંપની' આપી! ભૂખથી લથડતી કૅથેરીના ઊંઘવા માટે શયનખંડમાં આવી. એ શય્યામાં આરામ લેવા પડે ત્યાં તો એનો પ્રેમ-નાથ આવી પહોંચ્યો: 'વહાલી કેટી, ખૂબ થાકી ગઈ, નહિ? એમાં પાછો આ અક્કર્મી નોકરોએ આપણને ઉપવાસ કરાવ્યો! હવે નિરાંતે આરામ કર... પણ અરે! આ શું? આવી મેલી-દાટ ચાદર? અને ઓશીકાંના ગલેફ આવા ગંધાતા? છી! છી! છી! કેટી, જરાક થોભી જા...' અને ફરી એની ગાળાગાળી ચાલી. એણે નોકરોની રેવડી દાણાદાણ કરી નાખી. કૅથેરીના પલંગમાંથી ઊતરીને ખુરશી પર ઝોકાં ખાતી રહી! ગંધાતી પથારીમાં એ પહેલી જ રાતે પોઢે એ પ્રેમાળ પતિથી શે સહ્યું જાય? કૅથેરીનાને સહેજ ઝોકું આવે ત્યાં પતિની ધાંટાધાંટથી આખું ઘર ગાજવા માંડે... આમ પરોઢ સુધી એ જાગતી જ બેસી રહી, અને પેટ્રુશિયો કૅથેરીના પ્રત્યે પ્રેમના શબ્દો ઠાલવતો જ રહ્યો ને નોકરોને ખંખેરતો જ રહ્યો.

સવારે કૅથેરીનામાં ચાલવાની પણ શક્તિ નહોતી! પેટ્રુશિયો શું આવા પ્રેમોપચાર માટે એને પરણી લાવ્યો હતો? આ પ્રેમોપચાર તો સીધો મોક્ષની સીડી દેખાડનારો હતો! બાપજન્મારે એણે કોઇને કાલાવાલા કર્યા નહોતા. પણ પેટ્રુશિયોએ એને પ્રેમની લહેજત બરાબર ચખાડી દીધી! પ્રેમને નામે એ ભૂખી રહી, પ્રેમને કારણે એણે આખી રાતનો ઉજાગરો વેઠચો... એને ચક્કર આવવા માંડ્યાં. ગ્રૂમિયોને એણે ગમે તેવી કાચીપાકી પણ નાસ્તાની ડિશ લાવવા માટે માન મૂકીને કાલાવાલા કરવા માંડચા. પણ પોતાનાં નવા માનવંતાં શેઠાણીને એ કાચું-પાકું ખવડાવે તો શેઠ તો એને શૂળીએ જ ચડાવે! એવું જોખમ ખેડવા એ તૈયાર નહોતો. કૅથેરીના સાવ ગરીબડી બનીને બેસી રહી.

આખરે મોડો મોડો પેટ્રુશિયો આવ્યો. એના હાથમાં નાસ્તાની ડિશ હતી: 'વહાલી કેટી, જો, તારે ખાતર મેં જાતે આ ખાણું પકાવ્યું. પેલા બબૂચકોએ કાલે મટન બાળી નાખ્યું; પણ હવે મારું પકાવેલું ખાણું ખાઈને તારી તબિયત ખુશ થઈ જશે.' એણે ડિશ ટેબલ પર ગોઠવીને વહાલપૂર્વક કૅથેરીના સામે જોયું: 'કેમ? આ ખાણું તો ગમશેને? અરે, જરા મારો ઉપકાર તો માન! તારે માટે મેં કેવી કાળજી લીધી! મારી કદર નહિ કરે?'

પણ કૅથેરીનાનો જીવ ડહોળાતો હતો. એ શું બોલે? પેટ્રુશિયો દુ:ખી થતો હોય તેમ કહેવા લાગ્યો: 'ઓહ! સમજી ગયો. આ ખાણું પણ તને મનપસંદ નથી. મારું કમનસીબ, બીજું શું?' અને એણે બૂમ પાડીને હુકમ કર્યો: 'બૉય, આ ડિશ ખાળ...'

કૅથેરીના એકદમ ચોંકી ઊઠી: 'અરે, ના ના; ખાણું બહુ ફક્કડ છે—એકદમ ફક્કડ. રહેવા દો!' પેટ્રુશિયો હરખાઈ ઊઠયો: 'હાં, હવે બરાબર. પણ મારો આભાર નહિ માને?'

'હા. હું ખૂબ ખૂબ આભારી છું'. એટલું કહ્યું ન કહ્યું ને કૅથેરીના ભૂખ્યા વરુની જેમ નાસ્તા પર તૂટી પડી; પરંતુ ઉપવાસ પર સામટું ખાઇને કદાચ કૅથેરીનાની તબિયત બગડે તો? કૅથેરીનાએ થોડા કોળિયા ભર્યા ત્યાં તો પેટ્રુશિયોની આજ્ઞાથી નોકર ડિશ ઉઠાવી ગયો. પેટ્રુશિયોની આ માવજત (!) કૅથેરીના જોઇ જ રહી!

નાસ્તો પૂરો થયા પછી પેટ્રુશિયોએ સસરાની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવી કાઢયો. લગ્ન સમયે ઉતાવળમાં તેમનું સ્નેહમિલન બરાબર થયું નહોતું. અને કૅથેરીનાને લગ્નપ્રસંગે સારામાં સારી રીતે વિભૂષિત કરવાનું તેણે વચન પણ આપ્યું હતું. કૅથેરીનાના વિવિધ પ્રકારના પોશાક માટે દરજીને તેણે વરધી પણ આપી દીધી હતી.

કૅથેરીનાના હૃદયમાં આશાનો સંચાર થયો. પિતાનો મેળાપ ને અફલાતૂન પોશાકના ખયાલથી તે ઉમંગમાં આવી ગઈ. દરજી ઑર્ડર મુજબ પોશાક તૈયાર કરીને લાવ્યો. કૅથેરીના તેની સિલાઈ જોઇને છક થઈ ગઈ. દરજીએ પોતાની તમામ કલા તેમાં ઠાલવી હતી. કૅથેરીનાએ પોશાક ખૂબ પસંદ કર્યો, પણ પેટ્રુશિયો એકદમ દરજી પર છેડાઈ પડયો. એણે એની સિલાઈમાં એવાં તો છીંડાં શોધ્યાં કે દરજી દયામણો થઈ ગયો અને કૅથેરીના સ્તબ્ધ બની ગઇ. પેટ્રુશિયોએ દરજીને ઉધડો લઈને કાઢી જ મેલ્યો. કૅથેરીના હતાશ થઈ ગઈ. જન્મારામાં ય આવો પતિ તેણે કલ્પ્યો ન હતો. પેટ્રુશિયોએ ખૂબ સ્નેહથી કેટીનો હાથ પંપાળતાં કહ્યું: 'તારા સુંદર દેહને શોભે તેવો જ પોશાક ખપે. નહિતર તારી ખૂબસૂરતી લાજે. ફિકર નહિ. આપણે આ સાધારણ વેશમાં જ તારા પિતાને મળીશું. પોશાક તો તુચ્છ ચીજ છે, આપણાં ચિત્ત સમૃદ્ધ હોય તો બસ છે.'

કૅથેરીના પાસે આ ફિલસૂફીનો કશો ઉત્તર ન હતો. એનું મન પોશાકમાં મોહ્યું હતું, પણ પતિને વિનંતી કરવાની પણ હામ તેનામાં હવે હતી નહિ. વધારે રકઝક કરવામાં કદાચ પિતાની મુલાકાત પણ ટળી જાય તો? આ પતિ (આપત્તિ)નો સામનો કર્યા વિના એને સ્વીકારી લેવામાં જ હવે તો મજા હતી.

કૅથેરીના પિતૃગૃહે જવા સજ્જ થઇ. પેટ્રુશિયોએ પણ તૈયાર થઇને કહ્યું: 'કેટી, ડાર્લિંગ! અત્યારે સાત વાગ્યા છે એટલે આપણે બપોરના ભોજન સમયે ત્યાં પહોંચી જઈશું. કેમ, બરાબર છે ને?'

કૅથેરીના ગૂંચવણમાં પડી: 'સાત વાગ્યા છે? અત્યારે તો બપોરના બે:થયા છે. આપણે જઈશું ત્યારે તો વાળુની વેળા હશે.'

પેટ્રુશિયોએ એકદમ પોશાક બદલી નાખ્યો: 'મેં કહ્યું કે સાત વાગ્યા છે એટલે સાત વાગવા જ જોઈએ! આજે મુલાકાત બંધ!'

કૅથેરીના ઠંડીગાર થઈ ગઈ!

થોડા દિવસ પછી પેટ્રુશિયો અને કૅથેરીના ફરી પાછાં બૅપ્ટિસ્ટાની મુલાકાતે જવા નીકળ્યાં બપોરના તાપમાં બંને પરસેવે રેબઝેબ થઇ ગયાં હતાં. કૅથેરીનાના મનમાં બાપને મળવાનો ઉમંગ હતો. વાટમાં પેટ્રુશિયોએ વાત છેડી: 'કેટી, ડિયર, કેવી મધુર ચાંદની ખીલી છે!'

'ચાંદની? આ ધોમ ધખતા બપોરે...'

'ચાંદની નથી? ચાલો પાછાં...આજની મુલાકાત બંધ! હું મારી માના દીકરાના સોગંદ ખાઇને કહું છું કે મેં ચાંદની કહી એટલે ચાંદની હોવી જ જોઈએ! પણ હું જે કહું તેનાથી તું હમેશાં અવળું જ બોલે છે! ચાલો પાછાં ઘેર!' અને એણે તો ઘોડાને પાછો ફેરવ્યો! કૅથેરીના ખરેખર ગભરાઈ ગઈ. અરધો રસ્તો તેઓ વટાવી ચૂકયાં હતાં અને હવે પાછાં ઘેર? આ પતિથી તો પ્રભુ તોબા! પિતાના ઘરને ઉંબરેથી પણ એ પાછો વળે એવો ફાંટાબાજ હતો. કૅથેરીના હાથ જોડીને કરગરી પડી: 'મારી ભૂલ થઇ. આપણે હવે મારા પિતાના ઘરની ખૂબ નજીક છીએ. હવે તમે કહેશો તે કબૂલ.'

'ઠીક ત્યારે, આ ચાંદનીમાં આપણે આગળ વધીશું ને?'

'હા, જરૂર. તમે ચાંદની કહેશો તો ચાંદની, ને વરસાદ કહેશો તો વરસાદ. તમે કહેશો મીણબત્તીનો પ્રકાશ છે તો ય મારે કબૂલ, બસ? હવે માફ કરો.' અને સંતોષનું સ્મિત કરીને પેટ્રુશિયોએ કૂચ શરૂ કરી.

બંનેએ થોડુંક અંતર કાપ્યું એટલામાં તેમણે સામેથી એક ઘોડેસવાર આવતો જોયો. પેટ્રુશિયો એને ઓળખતો હતો. એનું નામ વિન્શેન્સિયો. પેટ્રુશિયોએ કૅથેરીનાને દૂરથી તેની સામે આંગળી ચીંધીને કહ્યું: 'જો કેટી, કેવી સુંદર યુવતી આવી રહી છે! આવું રૂપ તેં ક્યાંય દીઠું છે? એ બાઇને કંઈ નહિ તો એના રૂપને ખાતર જરા ભેટ જોઇએ!'

કૅથેરીના પળભર ગૂંચવાઈ, પણ તરત ગભરાઈને એકદમ ઘોડા પરથી ઊતરી. ઉમળકાથી પેલા ઘોડેસવારની પાસે જઈ તેનો હાથ પકડીને કહે: 'સુંદર કુમારિકા, કેવાં મધુર અને ફૂલ જેવાં તમે લાગો છો? તમને જન્મ આપનાર માતા કેવી સુંદર હશે!'

પેટ્રુશિયોએ એકદમ વચમાં જ બૂમ પાડી: 'અરે કેટી, ડિયર, આ શો બકવાદ કરે છે? એ તો ભાઈ છે, બાઈ ના હોય!'

કૅથેરીના સાવ ખસિયાણી પડી ગઇ! એકદમ ઝંખવાઈને તેણે ઘોડેસવારની ક્ષમા માગતાં કહ્યું: 'માફ કરજો ભાઈ, હોં. આ સૂર્યના તાપમાં મારી આંખો એવી અંજાઈ ગઇ કે હું આપને બરાબર પિછાની શકી નહિ. આપ તો મારા પિતાના જેવા વડીલ છો; પણ આ તડકો...'

'અરે કેટી, તને આ તડકો લાગે છે? ચાંદની...'

'હા, હોં; ભારે ભૂલ થઈ.' કેટી એકદમ પેટ્રુશિયો પાસે દોડીને કહેવા લાગી: 'આ ચાંદની જ છે—હોં, ચાંદની જ.'

પેટ્રુશિયો હસ્યો: 'પ્રિય કેટી, હવે બધું બરાબર. ચાલો.'

એણે વિન્શેન્સિયોને પણ વધામણી આપી. એનો પુત્ર બૅપ્ટિસ્ટાની નાની દીકરી બિયાન્કાને તાજેતરમાં જ પરણ્યો હતો. આ વિચિત્ર યુગલના વર્તનથી અચંબો પામેલો વિન્શેન્સિયો પણ એમની સાથે જ થઇ ગયો. ગામની ભાગોળેથી એ છૂટો પડયો. પેટ્રુશિયો ખુશ હતો: 'વહાલી કેટી, આપણો મુકામ આવી લાગ્યો! કેવી આનંદની વાત છે! એક ચુંબન તો મને કર!'

કૅથેરીના ગભરાટમાં બોલી ઊઠી: 'રસ્તા વચ્ચે?'

'કેમ? તારે શરમાવું પડે એવો હું છું?'

'ના, ના...એમ તો નહિ...પણ આમ જાહેરમાં રસ્તા વચ્ચે...'

'ઠીક, ચાલો ઘેર પાછાં! આપણા ભાગ્યમાં આજે આ મુલાકાત લખાઈ લાગતી નથી.'

'ના, ના એમ ન કરશો' અને કૅથેરીનાએ પતિને ચુંબન કરી લીધું!

'હાશ! કેવું મીઠું ચુંબન! કેટી, તું સાચે જ મધુરી છે.'

બૅપ્ટિસ્ટાના ઘરમાં એ દિવસે મેહફિલ હતી. ઘણા બધા આમંત્રિતો ત્યાં ભેગા મળ્યા હતા. બિયાન્કાનો પતિ લ્યૂશેન્સિયો મુખ્ય મહેમાન હતો. પેટ્રુશિયો અને કૅથેરીનાનું બૅપ્ટિસ્ટાએ ઉમળકાથી સ્વાગત કર્યું. પરંતુ કૅથેરીનાને પરણનાર પેટ્રુશિયો સામે મહેમાનો મજાકવૃત્તિથી જોઇ રહ્યા હતા. બૅપ્ટિસ્ટાએ પણ એના સંસારની ખબરઅંતર પૂછી લીધી: 'મહાશય પેટ્રુશિયા, મારી પુત્રી અંગે સંતોષ તો છે ને?'

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૪ મે)



નાનચંદ માસ્તર

કોઇ દુકાનના વેપારી જેવી માથે ફેંટા-પાઘડી, અંગ પર કેડિયું, ઊંચું ખોસેલું ધોતિયું, પગમાં જાડાં તળિયાંના ગામઠી જોડા અને ટૂંકા કદ પર મોટું ભારેખમ માથું જરા બેડોળ લાગતાં; પણ કતરાવેલી ધોળી મૂછ નીચેથી જે મીઠું સ્મિત તથા પ્રેમાળ વચનો તે આપતા એ આશીર્વાદ જેવાં લાગતાં.

૧૫૦ મૅટ્રિકની સાધના અને સાથીઓ

મૅટ્રિકની બીજી ટર્મમાં મેં બધા જ વિષયો પાકા કરી લેવાનો પ્રબળ સંકલ્પ કર્યો હતો. શનિ-રવિ કે બીજી રજાઓમાં જે તે વિષયમાં પ્રવીણ મિત્રો અને વડીલોની પાસે જઈ મારી ગૂંચો ઉકેલતો. બંગલાની રોજની મુલાકાતો અટકાવી દીધી. ચિત્રકામ અભરાઈ પર ચડાવી દીધું. સવારના વહેલા ઊઠી પહેલું સંસ્કૃત વાંચી લેતો. જરા મોં-સૂઝણું થાય કે ડહેલાના એકબે મિત્રો સાદ પાડે. તેમની સાથે નાહવા-ધોવાનાં ધોતિયાં લઈ ઊપડતો મોતી તળાવના આરા પર. સ્ટેશનની પાછળ ગઢેચી (ભાવનગર પરા)થી એક વહેળિયું આવતું તેને બંદર તરફ બંધ બાંધી રોકી લઇને આ તળાવ બનાવ્યું હતું. બંધના આરા આગળ પાણી ઊંડું રહેતું તેમજ બંધની પાળના પથ્થરો પર ધોવાની સગવડ હતી. બાકી બધો કાંઠો કાદવવાળો રહેતો. સવારની ટોળીમાં વર્ગમિત્રો ઉપરાંત પડોશના અનેમહોલ્લાના બીજા મિત્રો પણ તળાવની પાળે ભેગા થઈ જતા અને તેમાંથી પણ મિત્ર-સંબંધો થયા હતા. સવાઈલાલ વકીલના પુત્ર ભોગીલાલ અને લીંબડી-વાળા ભોગીલાલ નાનાલાલ અહીંથી જ આજીવન મિત્રો બન્યા હતા.

આવી જ રીતે સાંજના ફરવા નીકળનારા મિત્રોનું એક જૂથ ગામ-તળાવની વચ્ચેના ગંગામંદિરમાં આથમણા ચોતરે મળતું. સંધ્યાના રંગો અંધારામાં લોપ પામે ને બીજનો ચંદ્ર તથા શુક્રનો તારો ચમકવા માંડે ત્યાં સુધી સૌ પોતપોતાની તરંગમાળાઓ ત્યાં ચગાવતા. આ મંડળીમાં ગજાનન ભટ્ટ, લાભ મોરારજી ભટ્ટ, અંબુભાઈ ભટ્ટ અને બળવંત પંડ્યા વગેરે ભેગા થઈ જતા.



ગંગામંદિરના સુરેખ શાંત પ્રતિબિંબનું જે દૃશ્ય મેં ૧૯૦૯માં જોએલું તે હવે ભાવનગરની પ્રજા જોવા પામશે નહિ.

૧૫૧ ઘર આગળ

ઘર આગળ તો મોટા ભાઈ અને ભાભીની સંભાળ હતી. નાનુભાઇને બાથી પહેલી જ વાર છૂટો પાડચો હતો તેથી સૌ તેને ખૂબ સાચવતા. તેની સાથે ફૈબાનો ભાંકો (ભાણિયો) મોટો થતો આવતો હતો અને કાકાનો કીકો પણ એમની જ વયનો હતો. ઘરના આ ત્રણ છોકરાઓને ભણાવવા જુવાન રામશંકર માસ્તર રોજ સવારના હાજર થતા. બહારના ઓટલા પર કે ઓસરીમાં કોથળા પાથરી ત્રણેને પાઠ, દાખલા વગેરે પાકા કરાવતા. કીકાનું મન પાઠો સામે ગૂંચવાતું; ભાંકાની નજર ડહેલાના સોબતીઓ તરફ રહેતી. ક્યારે માસ્તર ઊઠે ને બહાર દોડી જાઉં એમ તેને થતું. અમારો નાનુભાઈ (પ્રાણશંકર) બહુ ધ્યાનથી ભણતો પણ તેના શરીરની કાઠી કોમળ અને નબળી લાગતી એટલે તે રમતગમત વધુ કરે એવું અમે ઇચ્છતા.

ત્રણે એક જ કુટુંબમાં મોટા થતા હતા ને એક જ નિશાળે જતા હતા, પણ સ્વભાવ, ટેવો, અને વલણોમાં ફરક પડતો જતો હતો. ભાંકાને ભાન થતું જતું હતું કે તેનાં માતા નથી, પિતા પરવા બતાવતા નથી ને મોસાળમાં પોતે કાયમ રહેવાનો નથી. આ વિચારોએ તેનામાં આઝાદ સ્વભાવ અને કોઇને પડકાર કરવાની હિંમત કેળવી હતી. પણ તેના અભ્યાસમાં અને ઘડતરમાં તે ટેવ ઊલટું પરિણામ લાવતી હતી. કીકાને અને નાનુભાઇને મા-બાપ અને ભાઇઓનું જૂથ હતું, પણ બંનેનાં માતાપિતાના સ્વભાવ ને વલણ જુદાં હોઈ તેનો ફરક તેમના અરસપરસના વ્યવહારોમાં પડી જતો હતો. છતાં દરેક જણ વડીલોના શાસનને અધીન રહેતો. એકબીજાની આંતરિક ફરિયાદો આવતી, પણ એમાં તો બાલિશતા જ હોય. ભાણાએ પોળના છોકરાઓમાં દમ બેસાડચો હતો તેથી બીજા છોકરાઓ સામે કીકા-નાનુને રક્ષણ મળતું. આથી તેના એ ગુણથી રીઝેલા ભાઇઓ ઘરમાં તેની બહારની વિચિત્રતાઓને છાવરતા. છતાં ભાંકાને નાનાં મામીના હાથનો પ્રસાદ મળતો.

હું મૅટ્રિકનાં થોથાં મગજમાં ખાંડવા રોજ વહેલો ઊઠતો તે સાથે જ ભાભી ઊઠતાં અને મને વખતસર ગરમ પાણી, દૂધ-ચા જે જોઇએ તે કરી આપતાં. બજારનું બધું કામ મોટા ભાઈ સંભાળી લેતા અને ઘરનો હિસાબ રાખતા. ભાઈ-ભાભીએ મને કે નાનુભાઇને કદી બા-બાપુની ગેરહાજરી કે ઓશિયાળાપણું જણાવા દીધું નહિ. ભાણાને પણ સાચવી લેવાની તેમની હિંમત અને મનની મોટાઈ દૃષ્ટાંતરૂપ હતી, કારણ કે કાકીએ તો ભાણાની કજિયાખોરીથી હાથ ધોઈ નાખ્યા હતા અને કાકાના હાથ સજાઓ કરતાં થાકી ગયા હતા.

૧૫૨ મંગળ-મહેલમાં મહાત્માશ્રીનો ચાતુર્માસ

એવામાં જાણવા મળ્યું કે આ વરસે પૂજ્ય મહાત્માશ્રી નથુરામ શર્માએ ચાતુર્માસ-નિવાસ માટે ભાવનગર શિષ્ય-મંડળે કરેલી વિનતિ સ્વીકારી હતી. તે પ્રમાણે રૂવાપરી દરવાજે, નાગર જ્ઞાતિએ પોતાના મંગળ પ્રસંગોની વ્યવસ્થા માટે બંધાવેલા 'મંગળ-મહેલ'માં તેમનો નિવાસ નક્કી થયો અને આષાઢી પૂર્ણિમાથી રોજ સવાર-સાંજ તેમનાં વ્યાખ્યાનોનો સમય જાહેર થયો. નિવાસની બધી તૈયારીઓ અગાઉથી

થઈ ગઈ હતી. કોઠાર, રસોડું, સ્વાગત વગેરે સંભાળનારા મોઢા નિમાઈ ગયા હતા. શ્રી નાનાભાઈ ભટ્ટે તેમાં આગેવાની લીધી હતી. મોટા ભાઈ હરગોવિંદભાઈ સ્ટેશનની નોકરી પતાવી બધો સમય ત્યાં જ આપતા. અમારી વિદ્યાર્થીઓની મંડળીને મૅટ્રિકના અભ્યાસનો બોજો હોવાથી વિશેષ કામ ન સોંપાયું, પણ રોજ સાંજે વ્યાખ્યાનમાં આવવું અને મહાત્માશ્રી નિજ મંદિરમાં જાય ત્યારે પોતાની હાજરી બતાવવા પ્રણામ કરી વિદાય લેવી, એટલો નિયમ કર્યો.

આ સમય સાચવવા હું હમેશાં સાંજના હાઈસ્કૂલમાંથી છૂટતાં સીધો મંગળ-મહેલ પર પહોંચી જતો. ત્યાં વંચાય તો નહિ, પણ જે વખત મળે તેનો ઉપયોગ કરી લેવા ડ્રૉઈંગ-કાગળોની એક પાકા પૂઠાવાળી ચોપડી મેં જાતે બનાવી, અને તેમાં નવરા બેઠેલાં જે પાત્રો મળે તેમના ચહેરા આલેખવાનો નિયમ કર્યો. આ ચહેરા પડાવનારા ઘણાને હું ખેંચી શક્યો અને મારા કામનું કુતૂહલ પણ ઠીક જાગ્યું. એ સમયના સ્કેચ તારીખો સાથેના સચવાયા છે. એ પોથીમાંના કંઈક માણસો આજે નથી, પણ એમની સ્મૃતિ આ રીતે રહી છે, અને કેટલાક સહયોગી મિત્રો તે વખતે કેવા હતા તેનો અચ્છો ખયાલ અંકાયો છે.

મહાત્માશ્રીનું માહાત્મ્ય વધતું હતું. સાધકો-શિષ્યો વધતા હતા. નાનાભાઈ અને મોટાભાઈનું વ્યક્તિત્વ પણ વિકસતું હતું. મહાત્માશ્રીના નિવાસનો રોજનો ભોજનખર્ચ એક એક શિષ્યે નોંધાવી દીધો હતો. તેમાં જ્યારે અમારા અંગત સંબંધવાળા તરફથી રસોઈ હોય ત્યારે હું, મસ્તરામ, મનુભાઈ બધેકા વગેરે જમવામાં સાથે થઈ જતા. બપોરે રીસેસનો કલાક મળે ત્યારે અમે સીધા મંગળમહેલ પહોંચી જતા અને નાસ્તા તરીકે થોડો પ્રસાદ પણ પામતા. રજાને દિવસે તો ઘણી વાર બપોરથી સાંજ સુધી ત્યાં રહેતા. મારી સ્કેચ બુક તો હું ત્યાં જ એક ગોખલામાં રાખી મૂકતો અને એ રીતે મારી ચિત્રો કરવાની તલપ નિભાવી રાખતો. આ દરમ્યાન એક વાર અમે સર્વે વિદ્યાર્થીઓ સંધ્યા-પ્રાણાયામ બરોબર કરીએ છીએ કે નહિ તેની પરીક્ષા લેવાનું ગુરુશ્રીએ નાનાભાઈને ફરમાવ્યું. એ પરીક્ષામાં હું પહેલો આવેલો તે યાદ છે.

૧૫૩ મૅટ્રિકના વર્ગમાં કવિ 'કાન્ત'

મૅટ્રિકના ક્લાસમાં અમારું ચિત્ત બરાબર ચોંટયું હતું એવામાં હેડમાસ્તર બરજોરજી ઍન્ટી નિવૃત્ત થયા અને શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') જે કેળવણી અધિકારી હતા તે હાઈસ્કૂલના હેડમાસ્તર થયા. મુખ્ય ઍસિસ્ટન્ટ માસ્તર વયોવૃદ્ધ શ્રી નાનચંદભાઈએ અમને જણાવ્યું કે તેઓ મૅટ્રિકમાં અંગ્રેજી કવિતાના વર્ગો લેશે. શ્રી મણિશંકર ભટ્ટ વિષે ઘણી વાતો જાણીતી હતી. તેઓ ગુજરાતના એક પ્રૌઢ વિદ્વાન અને કવિ હતા. વડોદરામાં પ્રો. ગજ્જર પછી તેઓ કલાભવનના પ્રિન્સિપલ થએલા અને ત્યાંથી પટ્ટણી સાહેબ તેમને ઈ. ૧૯૦૯માં ભાવનગરમાં લઈ આવેલા. થોડો વખત સામળદાસ કૉલેજમાં પ્રોફેસર હતા અને પછી કેળવણી અધિકારી થએલા. વચ્ચે સ્વીડનબૉર્ગના લેખોથી આકર્ષાઈ એમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલો અને જ્ઞાતિએ એમનો બહિષ્કાર કરેલો. પણ પાછળથી પશ્ચાત્તાપ થતાં આર્ય સમાજ દ્વારા શુદ્ધિ લઈ આર્ય બન્યા ને સગાં સંબંધીઓએ આવકાર્યા. દૂરથી મેં તેમને ઘણી વાર જોએલા. ઘણે ભાગે તો મહારાજા સાહેબની બગીમાં દેખાય કે કોઈ સીગરામમાં એકલા નીકળે. એમની એક કવિતા હાઇસ્કૂલના એક મેળાવડામાં એક નાગર યુવાને બાગેસૂરીના સૂરમાં ગાએલી તેની મારા ઉપર ઊંડી અસર થઈ હતી:

ઉતરોજી, અમ દેશ ઇશ્વર આશીર્વાદ,
બાંધવ દેશ થયા જાગ્રત સૌ, એક રહી અમ ઉર દાદ...

એમાં એ વખતની દેશની દબાએલી સ્થિતિનો આર્તનાદ હતો.

એઓ લીલો ગુલબેરનો આંટીદાર ફેંટો છટાથી માથા પર બાંધતા અને બે ખભેથી સીધો નીચો ઝૂલતો ખેસ અને હાથમાં રૂપાની મૂઠવાળી લાકડી રાખી ગજરાજની જેમ ચાલતા ત્યારે રાજમાર્ગ પર ભાત પાડી રહેતા. પરંતુ તેઓ અમારા મૅટ્રિકના વર્ગમાં આવ્યા ત્યારે તો કાળી અંગરેજી ફેલ્ટ ટોપી જ પહેરી હતી ને ખેસ ગળામાં વીંટી લીધો હતો. સાથે લાકડી તો ખરી જ. તેમની સાથે કુમારવયના તેમના પુત્ર મુનિકુમાર હતા. મંચ પર ચડી, ટેબલ પાસે ઊભા રહી તેમણે મુનિકુમારને આંગળીથી આગલી બેંચ પર બેસી જવા સૂચના કરી અને વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું: 'તમે મૅટ્રિકના વિદ્યાર્થીઓ સાથે એને પણ બેસવાનો અધિકાર છે. આપણે બધા પ્રભુના ચેલા છીએ. આ તો પાઠશાળા છે. આજે મારે ત્યાં પ્રભુએ પાઠશાળામાં એક નવો બાળક મોકલ્યો છે તેની મને ખુશાલી છે. એમ થાય છે કે તમને બધાને ચા પાઉં. આપણે કોઈ નાનામોટા નથી; બધા જ પ્રભુનાં બાળકો છીએ. મેં એક નવું ગીત રચ્યું છે તે આપણે સાથે ગાઇએ.' એમ કહી ટોપી અને લાકડી ટેબલ પર રાખી મંચના આગળના ભાગમાં ટહેલતા ટહેલતા ગીત ગવડાવવા લાગ્યા:

અમે ઘેલા, બધા ચેલા પ્રભુની પાઠશાળાના.
અમે ઘેલા અને મેલા
છતાં છઈએ બધા ચેલા, પ્રભુની પાઠશાળાના.

નાનામોટા સૌ વિદ્યાર્થીઓએ આના કોરસથી મૅટ્રિકનો ક્લાસ ગજાવી મૂક્યો. બાજુના ક્લાસના શિક્ષકે આવીને જરા ડોકિયું પણ કરી લીધું!

ગીત શમ્યું એટલે તેઓ ખુરશી પર ગયા અને ચોપડી હાથમાં લીધી. 'એન્શ્યન્ટ મૅરીનર (પુરાણો નાવિક)ની લાંબી કવિતા ભણવાની હતી. એમણે આગલી પાટલીના એક વિદ્યાર્થીને થોડી લીટીઓ વાંચવા કહ્યું, પણ તેના ઉચ્ચારોમાં ભાષાનો કંઈ પ્રભાવ નહોતો એટલે તેમણે પોતે ફરી વાંચી પૂછયું: 'આ એન્શ્યન્ટ મૅરીનર કોણ તે સમજો છો? પ્રભુ પોતે. કદી તમારા પુરાણા ગ્રંથોનું નામ જાણ્યું છે? એકાદ જણે ડોકું હલાવ્યું એટલે પૂછયું: 'કયા ગ્રંથો?' કોઇએ કહ્યું 'વેદો.'

'એમ? એ વેદોનાં નામ જાણો છો?' પહેલો ન બોલ્યો, બીજો યે ન બોલ્યો, એટલે મંચ પરથી નીચે ઊતરી આવ્યા: 'બેવકૂફો! તમારા મહાન ગ્રંથોનાં નામ પણ નથી જાણતા?' કહેતાક ને કાન પકડી એક એક લપાટ ચોડી દીધી! ત્રીજાનો વારો આવ્યો તેણે હા કહી બોલવા માડયું: 'રઘુ...'

'રહે! શું બોલ્યો?—રઘુ? ન્યાતે કેવો છે?' 'નાગર'.
'નાગર એ કોઈ જ્ઞાતિ નથી'. કહેતાં એક ચોડી!
'હું—હું—નાગર બ્રાહ્મણ છું'.

'ત્યારે બ્રાહ્મણ કહેતાં શું શરમ આવે છે? આજકાલ નાગરો પોતાને ઊંચા ગણી બ્રાહ્મણ ગણાવવામાં હલકાપણું માને છે!' તરત મારો વારો આવ્યો. સુભાગ્યે મને વેદનાં ચારે નામ આવડયાં: ઋક્, યજુસ્, સામ, અથર્વ. મારી પછી શાંતિશંકર ભટ્ટ નામે મારા જેવડા જ કદના ગભરુ કુમાર હતા તે પણ બોલી શક્યા. પછી મારી તરફ ફરી બોલ્યા: 'હું તારા બાપાને ઓળખું છું. તે સારા માણસ છે, પણ પેલા નથુરામ શર્માના પંથમાં ભળ્યા છે. હું બધા સાધુઓને ઓળખું છું. પેલા દેવકીનંદનની ભક્તિ પણ જાણું છું. દુનિયામાં શયતાનો વસે છે. તેમના સ્વાંગ હું ખોલી દઈશ. I shall show to the world what a truthful man can do. (હું દુનિયાને બતાવી દઈશ કે એક સત્યપ્રિય માણસ શું કરવા સમર્થ છે.)'

એ વખતે એમનું રુદ્ર-રૂપ જોઈ વિદ્યાર્થીઓ ડઘાઈ ગયા. તમાચાનો પ્રોગ્રામ આગળ ન ચાલ્યો. પણ પાંચ પાંચ સાલથી મૅટ્રિકમાં અટ-

સ્વ. શ્રી મસ્તરામ પંડયા

આત્મકથાનકનાંમારાં કિશોરકાળનાં સ્મરણોના અનેક પ્રસંગોમાં ઓતપ્રોત રહેલા મારા પરમ મિત્ર મસ્તરામ (માણેકલાલ હ.) પંડયા ૭૦ વર્ષનો જીવનકાળ સમાપ્ત કરી ગઈ તા. ૧લી સપ્ટેમ્બરે (૧૯૬૪) દિવંગત થયા તેની નોંધ કઈ રીતે લેવી તે સૂઝતું નથી. આ કથાના પ્રવાહમાં અનેક વર્ષોના સંભારણાંમાં તેની સજીવતાનો હજુ સાથ રહેશે. તે આજ નથી એમ માનવા મન તૈયાર થતું નથી.

ઈ.૧૯૧૦થી અમારાં જીવનક્ષેત્રો બદલાયાં, પણ મનથી અમે કદી દૂર થયા જ નહોતા. ગમે ત્યાં, ગમે ત્યારે મળતાં હૃદયનાં દ્વાર ખૂલી જતાં; શોક-સંતાપને ઠારતી તેમની મધુર પ્રકૃતિ, સદાય સ્મિતભર્યો તેમનો ચહેરો અને વિનોદભર્યા ટહુકા ભુલાય એમ નથી. અનેક માણસો વચ્ચે તેમનું વ્યક્તિત્વ પ્રકાશ, આનંદ અને ઉત્સાહ પ્રસારતું. ભાવનગરના વીસરાતા યુગમાં લાંબા સમય માટે સંસ્કાર સાહિત્ય અને સમાજમાં અગ્રપદનાં માનમોભો તેમણે ભોગવ્યાં, ભાવનગરમાં આવતા ભલભલા પ્રસિદ્ધ પુરુષોએ તેમના અતિથ્યની મોહિની અનુભવી હતી. નાવીન્યસભર આવકાર અને સત્કારની કળા તેમને હસ્તગત હતી. ગવર્નર, મિનિસ્ટર, લોકનેતા કે મોટા અમલદાર પલવારમાં તેમના સમકક્ષી મિત્રો બની જતા. પણ બીજી બાજુ તેમના શરીરમાં અનેક વિચિત્ર રોગોએ થાણાં નાખેલાં. છેવટે કૅન્સરના અસાધ્ય દર્દે તેમને મુંબાઈની હરકિસનદાસ ઑસ્પિટલને શરણે મૂકયા. બચવાની હવે આશા નહોતી તેમ છતાં ડૉકટરો, મિત્રો ને સંબંધીઓને પોતાના નિત્યના મુગ્ધકર હાસ્યથી તે અવકારતા. તેમનાં સ્નેહસભર પત્ની ને પરિવારજનોને પડેલી ખોટ અકથ્ય બની છે.

કૉન્ટ્રૅક્ટર તરીકેના પોતાના જીવનવ્યવસાયમાં એમણે કરેલાં બાંધકામ ભાવનગરમાં યાદગાર રહેશે. તે પૈકી સામળદાસ કૉલેજ, નટરાજ થીએટર, ક્રેસંટ તથા ગાંધીસ્મૃતિ એ એમનાં કુશળ સ્થાપત્યનિર્માણો છે.



હરકિસનદાસ ઑસ્પિટલમાંના એમના છેલ્લા દિવસોમાં લગભગ રોજ એમની મુલાકાત લેનાર એમના જેવા જ મારા મિત્ર શ્રી પરમાનંદ કાપડિયા (તંત્રી, 'પ્રબુદ્ધ જીવન')એ તા. ૯-૯-૬૪ના રોજ મારા ઉપરના પત્રમાં લખ્યું: 'ભાઇ મસ્તરામ બે મહિના ઑસ્પિટલમાં રહ્યા તે દરમિયાન લગભગ હમેશાં હું તેમની ખબર કાઢવા જતો હતો. આ દરમિયાન તેમણે એક પણ દિવસ તેના મનમાં કાઈ મૂંઝવણ હોય એવું જણાવ્યું જ નથી. એવી કાઈ બાબતનો તેના મન પર ભાર જ ન હોય એમ તે વર્ત્યા છે. મોટેભાગે મળવા જતો ત્યારે સ્મિતપૂર્વક આવકારે અને તબિયત અંગે કંઇ પૂછીએ તેનો જવાબ આપે. કોઇ વાર એક યા બીજા વિષય ઉપર છૂટીછવાઈ વાતો થતી, પણ એ વાતોને તેમની અંગતચિંતા સાથે કશો જ સંબંધ ન હોય. બીજી રીતે એમ પણ કહેવું પડે કે તેમણે માંદગી એક વીર પુરુષની માફક ભોગવી છે. વ્યથા તો અવારનવાર ખૂબ થતી, પણ ભાગ્યે જ તે દુઃખસૂચક ચેષ્ટા દ્વારા તેમણે વ્યક્ત કરી છે. કદી પણ તેમણે નિરાશાનો સૂર કાઢયો નથી. જ્યારે પૂછીએ ત્યારે હસીને કહેતા કે 'મને સારું છે.' આ એક પ્રકારની આધ્યાત્મિક વૃત્તિનું લક્ષણ ગણાય.'



જે કાળનાં આ સ્મરણો છે ત્યારે મેં કરેલો સ્કેચ

વળી 'પ્રબુદ્ધ જીવન' (૧૬-૯-૬૪)માં શ્રી પરમાનંદભાઇએ લખ્યું: ભાવનગર ખાતે શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના વિસર્જન બાદ ઘરશાળા – હોમસ્કૂલ – તેમણે તથા શ્રી હરભાઈ ત્રિવેદીએ સાથે મળીને ઊભી કરી હતી.. સ્વ. મોહનલાલ મોતીચંદના અવસાન બાદ ઝીંથરીના ટી. બી. ઑસ્પિટલનું કાર્ય ઘણાં વર્ષો સુધી તેમણે સંભાળ્યું હતું. તેઓ ગુજરાતી સાહિત્યના એક સિદ્ધહસ્ત લેખક હતા. તેમની લેખિનીને એક કલાકારનું સૌષ્ઠવ વરેલુંહતું. તેમના જીવનનાં અનેક પાસાંઓમાં સુરુચિનું હૃદયંગમ દર્શન થતું. તેમના જવાથી તેમના કુટુંબને વાત્સલ્યપૂર્ણ વડીલની, મિત્રોને સહૃદય સન્મિત્રની, સાહિત્યકારોને એક સૌરભપૂર્ણ લેખકની ને ભાવનગરને ઉદાત્ત કોટિના સંસ્કારી નાગરિકની ખોટ પડી છે.'

કેલા પાછળના વળદાર મૂછોવાળા ગરાસિયા ઉશ્કેરાઈ ગયા હતા કે અમારા પર હાથ પડે તો જોવા જેવી કરી નાખીશું. સુભાગ્યે રીસેસનો ઘંટ વાગ્યો અને તેઓ તેમના પુત્રને લઈ વિદાય થયા.

વિદ્યાર્થીઓમાં ગુસપુસ ચાલી કે હવે આ મુલાકાત રોજ થવાની. શું કરવું? મૅટ્રિકના વિદ્યાર્થીને માર પડે તે ભારે અપમાન છે. આજે બપોરે ક્લાસમાં કોઈ ન આવીએ અને આપણી ફરિયાદ પટ્ટણી સાહેબને લેખિત મોકલીએ. મારે તો મંગળ-મહેલમાં જવું હતું. મહાત્માશ્રીના નામ સામે પણ કટાક્ષ થયો હતો તેનું મનમાં દુઃખ તો હતું જ.

પાછો આવ્યો ત્યારે હાઈસ્કૂલના દરવાજા પાસે વર્ગના વિદ્યાર્થીઓ ભેગા થયા હતા. ઘંટ વાગ્યો પણ કોઇ વર્ગમાં જવા ખસ્યું નહિ. બપોરનો ક્લાસ મુખ્ય શિક્ષક ઍસિ૦ હેડમાસ્તર વૃદ્ધ નાનચંદભાઈ લેતા. ઍલજિબ્રા કાં ગણિત હોય. તે ઉપર જતાં પરિસ્થિતિ પામી ગયા અને સીધા કૅમ્પાઉન્ડના દરવાજા પાસે અમારી નજીક આવીને પોતાની ઠાવકી નરમ ભાષામાં કહ્યું: 'ગાંડા ન થાઓ. સાહેબની તબિયત બરોબર નથી એટલે તેમનું બોલ્યું-ચાલ્યું ન ગણવું જોઈએ. અમે આ હકીકતના ખબર પટ્ટણી સાહેબને પહોંચાડ્યા છે ને ઘણે ભાગે કાલે તેઓ આવશે જ નહિ.' જેમતેમ કરીને તેમણે વર્ગ ચાલુ કર્યો. બીજે દિવસે કેટલાક ગરાસિયા અને પુખ્ત વયના વિદ્યાર્થીઓએ પટ્ટણી સાહેબને લેખિત અરજ પહોંચાડી હતી. પટ્ટણી સાહેબે શ્રી મણિભાઈને બંગલે બોલાવી તેમને તરત રજા પર ઉતારી દીધા. પાછળથી જાણ્યું કે જ્યારેજ્યારે એમના ઘરમાં બાળકજન્મનો પ્રસંગ આવે છે ત્યારે તેમની મનોદશા એવી જ થઈ જાય છે. અમારો બનાવ



ભીષ્મની બાણશય્યાનું દૃશ્ય: જેનું વર્ણન સામે આવે છે.

બન્યો તેના આગલા દિવસે રાત્રે નવ વાગ્યે તેઓ સિહોર ગામે ગએલા અને કન્યાશાળા ઉઘડાવી હેડમાસ્તરને ફરમાવેલું કે 'આ ચંદ્રિકામાં કન્યાઓ પાસે મારે રાસ સાંભળવા છે!' બિચારા હેડમાસ્તર એમના પ્રભાવ સામે શું બોલી શકે? કન્યાઓનાં માતાપિતાને સમજાવી તેમને ભેગી કરી અને ગરબા લેવડાવ્યા! મણિભાઇએ પ્રસન્નતાપૂર્વક પોતાના ખિસ્સામાંથી પૈસા આપી સૌને પેંડા વહેંચાવ્યા. આમાં કવિ 'કાન્ત'ની રસિકતા, કોમળતા અને સહૃદયતા છે, તેમ અમારા વર્ગમાં પ્રકટેલો પુણ્યપ્રકોપ પણ તેમના સ્વભાવનો દ્યોતક છે.

૧૫૪ ઇતર અનુભવો

આસપાસનાં તમામ આકર્ષણોમાંથી મન ખેંચી લઇને હું અભ્યાસ સંભાળી રહ્યો હતો, પણ પ્રસંગોપાત્ત કોઈ પણ ખૂણે ચિત્રકળા કે કારીગરીના નમૂના અથવા થતું કામ જોવાની તક મળતી તો તે ચૂકતો નહિ. શ્રાવણ માસમાં ઘણા મેળા અને ઉત્સવો રૂવાપરીના રસ્તા પરના કોઈ સ્થાને થતા. નવરાત્રિમાં ગામની એક-બે ભવાઇ મિત્રોના સંઘમાં જોઈ. તે વખતે અમુક સ્થળે ભૂત કે ડાકણ થાય છે એવું જાણીએ એટલે કોઈ અનુભવ થાય તે જોવા ખાતર તે ઠેકાણેથી ચક્કર લઇને પણ પસાર થતા, પણ કદી કશું જોવામાં આવ્યું નહિ. સ્થાન એકાંત હોઈ ત્યાંની નિર્જનતા કે પુરાણાપણું કૈંકૈં તર્કો કરાવે ને તેમાંથી મનમાં ભણકાર થાય, પણ વિચારપૂર્વક હિંમત રાખીએ તો કશું જ બને નહિ.

રૂવાપરીના દરવાજે બાર્ટન લાયબ્રેરી સામે એક સાદા મકાનમાં રામજીમંદિર હતું. તેના પૂજારી ગોરધનદાસ નામે બાવાજી હતા. તે ખાસ બાવાજી જેવી દાઢી-જટા રાખતા નહિ; સાદો વહેવારુ પોશાક અને ફેંટો પહેરી ફરતા. પણ તેમને ચિત્રો ને ઉત્સવ કરવાનો ભારે ચસકો. અષ્ટમી જેવા તહેવારે તેમના મંદિરમાં કોઈક પુરાણકથાનાં પાત્રોનાં મોટાં પૂતળાં ગોઠવે અને રોશની કરે તે જોવા લોકોની ભીડ થાય. એક વાર ભીષ્મની બાણશય્યાનું દૃશ્ય કરેલું. શરશય્યા ઉપર સૂતેલા ભીષ્મ પિતામહને અંતિમ પળે અર્જુને પૃથ્વીમાં બાણ મારી ગંગાની સેર તેમના મુખ સુધી પહોંચાડી હતી તે દૃશ્યમાં ખરેખર પાણીની સેર પડતી હતી ને પડખે અર્જુન બાણ તાકી ઊભો હતો. બધું ગામઠી, જાડું કામ હતું, છતાં લોકોને તે પ્રસંગની તાદૃશતા અનુભવતા કરી શકેલા. એમના મંદિરમાં રાજા રવિવર્માની બજારમાંથી મળી તેટલી છબીઓ એમણે રાખી હતી. ત્રિભુવન પટેલનું કામ જોઇ તેને મંદિરની ભીંતો ચીતરવા થોડા દિવસ રોકી લીધેલા. એ વખતે મંગળ-મહેલનાં સાંજનાં પ્રવચનો પછી હું ત્યાં ઘણી વાર જતો. બાવાજીને મારી કલાવૃત્તિ પરની વાતો બહુ ગમતી અને પછી તો અવારનવાર અમે બહુ સદ્ભાવથી મળતા.

આ ઉપરાંત બાર્ટન લાયબ્રેરીમાં આવતાં અંગ્રેજી 'પંચ' અને ગુજરાતી 'હિંદી પંચ' અઠવાડિકો હું નિયમિત જોતો. બીજાં પણ અંગ્રેજી સામયિકો જોતો. Century નામના એક સામયિકમાં આવેલાં બે રંગીન ચિત્રોની તો મને એટલી મોહિની લાગી કે મૅટ્રિકની પરીક્ષા પૂરી કર્યા પછી તેની નકલો કરવાનો નિર્ધાર કરી રાખ્યો અને એ માસિકનો નંબર લખી રાખ્યો.

૧૫૫ ફૉર્મ મળ્યું

બીજી કોઈ આળપંપાળ કે રોકાણો ધ્યાન પર લીધા વિના મેં મૅટ્રિકની પ્રીલિમ૰ (પ્રાથમિક) સ્થાનિક પરીક્ષામાં બધા પાસ માર્ક મેળવી યુનિવર્સિટી-પરીક્ષાનું ફૉર્મ મેળવ્યું. સાથેના કેટલાય રોજના મિત્રો રહી ગયા, તેમાં મસ્તરામ, મનુભાઈ બધેકા, બળવંત પંડયા વગેરે હતા. હાઈસ્કૂલના વર્ગો બંધ થયા. પરીક્ષા આપવાનું ગુજરાત આખા માટેનું એકમાત્ર કેન્દ્ર અમદાવાદ હતું. પરીક્ષા આડે હવે ફક્ત એક મહિનો હતો. તેમાં વાંચેલું-શીખેલું બધું તાજું કરી રાખવાનું અને કાચું હોય તે પાકું કરી લેવાનું હતું. અંગ્રેજી, સંસ્કૃત વગેરે ઘર આગળ થતાં, પણ શ્રી નાનચંદ માસ્તરે શનિ-રવિમાં ગણિત, અંગ્રેજી પારાફ્રેઝ અને નિબંધ-લેખન માટે કેટલાક વિદ્યાર્થીઓ સારુ વર્ગો ચાલુ રાખ્યા. આ કામ માટે તેમને વિદ્યાર્થીઓ કે ખાતા તરફથી કશો બદલો મળતો નહિ, પણ વિદ્યાર્થીઓ કેમે કરી મૅટ્રિક વટાવી જાય, નિરાશ ન બની જાય તેની તેઓ આપમેળે કાળજી કરતા. કોઇ દુકાનનો વેપારી પહેરે એવી ફેંટા-પાઘડી તે બાંધતા. માથે જરા જેટલી ધારી અને ફગફગતી ચોટલી, અંગ પર કેડિયું કે લાંબો કોટ, ઊંચું ખોસેલું ધોતિયું અને પગમાં જાડાં તળિયાંના ગામડી જોડા. એમના ટૂંકા કદ ઉપર મોટું ભારેખમ માથું જરા બેડોળ લાગતું, પણ તેમની પાણી ભરાઈ આવતી આંખો લૂછી, કતરાવેલી ધોળી આછી મૂછ નીચેના મોટા હોઠમાંથી જે મીઠું સ્મિત આપી શકતા તે તથા તેમનાં મીઠાં પ્રેમાળ વચનો આશીર્વાદ જેવાં લાગતાં. મારા જેવા અનેક વેઠિયા નિશાળિયાઓને તેમણે મૅટ્રિકનાં ભમરાળાં જળમાંથી પાર ઉતાર્યા હતા.

યુનિવર્સિટી-પરીક્ષાની તારીખો પાસે આવી તેમ અમદાવાદ જવાની તૈયારીઓ અને યોજનાઓ વિચારાવા લાગી. (ચાલુ)

શતરંજના કોયડાનો ઉકેલ

1. Q–K1 ch!

સફેદ વજીરનો ભોગ આપે છે; પણ જો કાળો 1..., K×KQથી તે સ્વીકારે તો 2 N×Bch અને 3 N×Qથી ફક્ત વજીર જ નહિ પણ સાથે ઊંટ પણ મેળવે. પરિણામે તેની પાસે બે પ્યાદાં વધુ રહે અને તે જીતે. આથી કાળો તે સ્વીકારતો નથી.

1..., K–B7; 2 Q–B1 ch, K–N6. વળી, એ જ રીતે સફેદ વજીરનો ભોગ આપે છે. અને કાળો તેનો અસ્વીકાર કરે છે. આ વિધિ છ વખત ચાલ્યા પછી કાળાને ફરજિયાત સફેદ વજીર મારવો પડે છે. 3 Q–N2ch, K–B5 (3...,K–R5; 4 Q–N4ch પછી 4..., K×Q ફરજિયાત છે). 4 Q–N4ch, K–Q4; 5Q–Q6ch, KB4; 6 Q–B5ch, K–N6 ch; 7 Q–N4ch, K–R7 અથવા K–B7. 8 Q–N2ch, K×Q. વજીર માર્યા સિવાય હવે ઉપાય જ નથી.

9 N×Bch, K–B6; 10 N×Q અને પછી બે પ્યાદાં વધુ હોવાથી હવે જીતશે.

આ કોયડાને૧૯૩૫માં પ્રથમ ઈનામ મળેલું.

પિંગળ અને સંગીત

લેખક
આપણા સુગમ સંગીતના જાણીતા પુરસ્કર્તા



અજિત શેઠ

સંગીત અને પિંગળ બંનેને કશો સંબંધ નથી, એ માન્યતા બરોબર નથી. 'સંગીત રત્નાકર'ની વ્યાખ્યા પ્રમાણે "વાગ્ગેયકારોએ લક્ષણયુક્ત જનરંજન કરનારું જે ગાન રચ્યું તે 'દેશી' સંગીત," ગુજરાતનું પ્રાચીન કાળથી દયારામ સુધીનું સાહિત્ય ઘણુંખરું 'દેશી'બદ્ધ ગેય છે; ગુજરાતી કવિતા સુગમ (પ્રયોજિત) સંગીત તરીકે જ પાંગરી છે. અને સુગમ સંગીત એ શુદ્ધ કળા નથી, પણ સંગીત અને કવિતા એમ બે કળાના સંયોજનથી ઉદ્ભવેલી સંકીર્ણ કળા છે. છેક ફાગુ સાહિત્યથી લઇને દયારામ સુધીના આપણા કવિઓ વાગ્ગેયકાર હતા. ગેય પદ્યરચના બહુધા જાતિ છંદો — માત્રામેળ છંદોમાં હોય છે, જેમાં અમુક નિયત સંખ્યાની માત્રાની સંધિઓ હોય છે. એ સંધિમાં અમુક સ્થળે તાલ હોય છે. આ સંધિના તાલ અને સંગીતના તાલ બંને એક જ વસ્તુનાં બે પાસાં છે. આમ, આપણું ગેય – સુગમ – સંગીત એ એકલું સંગીત જ નથી, ગુજરાતી કવિતા છે,—બલ્કે કવિતા એ સુગમ સંગીતનું અવિભાજ્ય અંગ છે. એટલે ગુજરાતના કવિએ, ગેય પદ્યકારે આપણા પદ્યના વિકાસ માટે સંગીતાભિમુખ થવું પડશે, અને ગુજરાતી સંગીતકારે પદ્યનો અભ્યાસ — પિંગળની સમજ ધરાવતા થવું પડશે.

ગુજરાતી પદ્યનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે આપણે ત્યાં પદ્યરચનાઓ પરંપરાથી ગવાતી જ આવી છે. પ્રાકૃત પિંગળમાં છેક ફાગુ સાહિત્યથી લઈ બારમાસી સાહિત્ય, હેમચંદ્રાચાર્ય કૃત કુમારપાલપ્રતિબોધ, જૈન કવિઓ, તેમજ શ્રીધર વ્યાસ, અસાઇત, ભીમ વગેરે જૈનેતર કવિઓની કૃતિઓ તથા નરસિંહ, મીરાં, અખો, ધીરો, ભોજો, પ્રેમાનંદ અને છેક દયારામ પર્યન્ત આપણું કાવ્યસાહિત્ય ઘણુંખરું 'દેશી'બદ્ધ હતું. આ સમગ્ર 'દેશીઓ' ગેય છે. દયારામ સુધીના આપણા કવિઓ સંગીતની સારી સમજણ ધરાવતા. દયારામ બાદ નરસિંહરાવ, નાનાલાલ, મેઘાણી વગેરેમાં પણ સંગીતસમજ તો જણાય છે, પણ તે ક્વચિત્. દયારામ સુધી તો પદ્યસાહિત્ય ગાવા માટે જ રચાતું. રચયિતા કવિ પોતે જ સંગીતકાર હતો. તે જ સ્વરબંદિશ યોજતો ને ગાતો. એ ખરા અર્થમાં વાગ્ગેયકાર હતો. 'વાચં ગેયં ચ કુરુતે યઃ વાગ્ગેયકારકઃ' (વાણી ને સંગીત બંનેનો રચનાર તે વાગ્ગેયકાર). છેક ફાગુ સાહિત્યથી લઇને દયારામ સુધીના આપણા કવિઓ વાગ્ગેયકાર કોટિના હતા. તે પછી ધીરેધીરે ગાનરહિત પઠનનું દૃષ્ટિબિન્દુ આવ્યું. આધુનિક અંગ્રેજી કવિતાના પરિચયથી આપણા વાઙ્મયે નવીન દિશામાં પગ માંડ્યા.

પરંતુ અગેય રચના શરૂ થવા છતાં યે ગુજરાતમાં ગેય પદ્યનો પ્રવાહ અટક્યો નથી. બલ્કે છેલ્લાં વીસ વર્ષોમાં તો ગેય પદ્યરચનાઓ ઉત્તરોત્તર વધતી ચાલી છે. કિન્તુ એમાં દયારામ સુધીની રચનાઓ કરતાં ઘણો ફેર જણાય છે. આજના કર્તાઓ સમર્થ કવિઓ હશે, પણ સમર્થ વાગ્ગેયકારો નથી. ગુજરાતનું અર્વાચીન પદ્ય વર્તમાન યુગની ભાવનાઓનું સમર્થ વાહક બન્યું છે; તેમાં નવા વિષયોનો ઉદય થયો છે; અત્યાર સુધી અંગત ઊર્મિઓ કૃષ્ણ-રાધાનાં પ્રતીક દ્વારા જ વ્યક્ત થતી હતી તેની જગ્યાએ સ્વાનુભવ ગેય પદ્ય રૂપે અભિવ્યક્તિ પામતો આવ્યો છે; કિન્તુ આધુનિક ગુજરાતી ગેય પદ્યરચનાઓ બહુધા સંગીતક્ષમ નથી જણાતી. કવિતા સંગીતથી ઘણે અંશે વિખૂટી પડી હોય તેમ જણાય છે. ગુજરાતનો કવિ સંગીત તરફ ઉદાસ થતો ચાલ્યો છે. આજે ગેય પદ રચાય છે ખરાં, પણ સંગીતની કે સંગીતના તાલ વિષેની સમજણ કવિઓમાં ઝાઝી જણાતી નથી.

પિંગળ અને સુગમ સંગીત

શાસ્ત્રમાં એવો મત પ્રવર્તે છે કે સંગીત અને પિંગળ બંને ભિન્ન છે. બન્ને શાસ્ત્ર ભિન્ન ખરાં, કિન્તુ બંનેને કશો સંબંધ નથી એમ કહેવું તેમજ માનવું ભ્રામક છે. બંને શાસ્ત્રોની પરસ્પર સૂગ, અસ્પૃશ્યતા અશાસ્ત્રીય છે. પિંગળ તેમજ સંગીતનો સંબંધ કદાચ શુદ્ધ શાસ્ત્રીય સંગીતમાં, કે જેમાં રસની નિષ્પત્તિ કેવળ સ્વર દ્વારા જ થાય છે તેમાં કદાચ ઉપસ્થિત નહિ થતો હોય; પણ સુગમ સંગીતમાં, કે જેમાં સ્વરબંદિશ, કાવ્યકલા તેમજ શબ્દાર્થના સંયોજનથી રસ નિષ્પન્ન થાય છે, એમાં તો એ સંબંધ અત્યન્ત નિકટનો છે.

ગુજરાતી ગેય પદ્યનો ઇતિહાસ તપાસતાં એક હકીકત સ્પષ્ટ જણાય છે કે આપણી ગેય કવિતાનો ઉપયોગ મુખ્યત્વે સુગમ સંગીત તરીકે જ થયો છે. યુગબળોને કારણે ખયાલ, ટપ્પા કે ઠુમરીમાં, તેમજ અગાઉ ધ્રુપદ-ધમારની શાસ્ત્રીય બંદિશમાં, ગુજરાતી કવિતામાં સંપૂર્ણ સામર્થ્ય હોવા છતાં, ખુદ ગુજરાતમાં પણ દેવાશ્રયે કે રાજ્યાશ્રયે શાસ્ત્રીય સંગીતમાં 'ચીજ' તરીકે વ્રજ કે હિન્દી પદો જ બહુધા વપરાયાં છે. બાકી ગુજરાતી ગેય કવિતા તો 'સુગમ સંગીત' તરીકે જ—'પ્રયોજિત સંગીત' તરીકે જ પાંગરી છે અને તેથી ગુજરાતી ગેય કવિતા અને સુગમ સંગીત વાસ્તવમાં એક જ વસ્તુનાં બે પાસાં બની રહ્યાં છે.

'સુગમ સંગીત' તરીકે ઓળખાતું સંગીત વસ્તુતઃ શું છે? સંગીતમાં બે પ્રકાર ગણાયા છે: 'માર્ગી' તથા 'દેશી'. માર્ગી સંગીતને નાદસ્વરની આરાધના વડે ઇશ્વરપ્રાપ્તિનું દિવ્ય સંગીત કહેવામાં આવ્યું છે; દેશી સંગીત માટે 'સંગીત રત્નાકર' કહે છે:

यत्तु वाग्गेयकारेण रचितं लक्षणान्वितम्।
देशि रागादिषु प्रोक्तं तद् गानं जनरंजनम्॥

વાગ્ગેયકારોએ લક્ષણયુક્ત જનરંજન કરનારું જે ગાન રચ્યું તે 'દેશી' સંગીત. આ દેશી સંગીત તે જ સુગમ સંગીતનું મૂળ – પ્રાચીન સ્વરૂપ

છે. નર્મદ બાદ ગુજરાતી ગેય પદ્યે જેમ યુગનો ધ્વનિ ઝીલ્યો અને યુગને અનુસરી અનુકૂળ પરિવર્તનો અપનાવ્યાં તેવી જ રીતે ગીતના સંગીતે પણ સમય સાથે તાલ મેળવ્યો. આપણી 'દેશી' પદરચનાઓમાં કાવ્ય-અભિવ્યક્તિની જેમ મર્યાદાઓ હતી તેમ તે સમયના દેશી સંગીતની અભિવ્યક્તિમાં પણ હતી. વર્તમાન યુગની ગીતરચનાઓમાં આ મર્યાદાઓ તૂટી અને ક્રાન્તિ આવી, તેવી જ રીતે આ દેશી સંગીતનાં સ્વરૂપ તથા ઘડતરમાં યે ક્રાન્તિ આવી. દેશી સંગીતના આ બદલાએલા વર્તમાન રૂપને નામ આપવામાં આવ્યું 'સુગમ સંગીત'. એ શબ્દ જોકે આકાશવાણીએ પ્રચલિત કર્યો કિન્તુ તેણે તો તેને હળવા સંગીત (Light Music)ના પર્યાય તરીકે ગણ્યું છે. જ્યારે સુગમ સંગીત માટેની મારી સમજ જુદી છે. એ એકલું 'સંગીત' જ નથી, ગુજરાતી કવિતા પણ છે. તેનું સંગીત પણ હળવું નથી કે તેની કવિતા પણ હળવી નથી. વાસ્તવમાં હું તેને કાવ્યસંગીત ગણું છું. સુગમ સંગીતમાં હું કવિતાનું મહત્ત્વ સંગીત કરતાં જરા પણ ઓછું આંકતો નથી.

સુગમ સંગીત એ શુદ્ધ કળા નથી. એ સંગીત અને કવિતા એમ બે કળાના સંયોજનથી ઉદ્ભવેલી સંકીર્ણ કળા છે. સુગમ સંગીતમાં શાસ્ત્રીય રાગોનાં બંધનો ભલે ન સ્વીકારાતાં હોય, પણ તેમાં કાવ્યકલાનાં બંધનો તો સ્વીકારવાં જ પડે છે. રસના સર્જન માટે સંગીતના સ્વરો ઉપરાંત કાવ્યકળાની તેમજ શબ્દના અર્થની સહાય લેવાય ત્યારે સુગમ સંગીતનું સર્જન થાય છે, વળી અનુભૂતિ જ્યારે classified સૂરો દ્વારા, એટલે કે રાગોમાં નિશ્ચિત થએલા સ્વરો દ્વારા જ વ્યક્ત કરવાની નથી હોતી ત્યારે સંગીતનું સર્જન વધુ દુર્ગમ બને છે. સુગમ સંગીત સાંભળવું ભલે સરળ લાગે, પણ તેની રચના દુર્ગમ છે. આમ મને અભિપ્રેત સુગમ સંગીત આકાશવાણીએ પ્રચલિત કરેલી તેની સમજ કરતાં કંઈક વધુ સૂક્ષ્મ છે. સુગમ સંગીત એ હળવા સંગીતનો પર્યાય નથી. હળવી જોડકણા કવિતા, કે જેનું પ્રસારણ આકાશવાણી પરથી સંગીત બંદિશ દ્વારા થતું રહે છે, તેને સુગમ સંગીતમાં સ્થાન નથી.

સુગમ સંગીતમાં તો સંગીત અને કાવ્યકલા બન્ને સંપૂર્ણ રીતે વિકસે છે. જે ગીત-રચનાઓમાં શબ્દો ફક્ત સ્વરની રમણા માટે ટેકા રૂપે જ લેવાએલા છે ને કાવ્ય-કલાનાં બીજાં કોઈ પણ ધોરણ સ્વીકારાતાં નથી તેવી રચનાઓ હું સુગમ સંગીતના ક્ષેત્રની બહારની ગણું છું. કેવળ સ્વરની શક્તિ વડે જ નહિ કિન્તુ કાવ્યકલા દ્વારા તેમજ તેમાં આવતા શબ્દનાં અર્થ વડે જ્યાં અભિવ્યક્તિ કરાય છે (અને પરિણામે જેનું શ્રવણ સુગમ થઈ પડે છે) તેને હું સુગમ સંગીત કહું છું. કેવળ ગેય નહિ, કોઈક નિબદ્ધ પદ્યરચનાની આવશ્યકતા સુગમ સંગીતમાં રહે છે જ. આમ, શુદ્ધ શાસ્ત્રીય સંગીતમાં નહિ પણ સુગમ સંગીતમાં કાવ્યશાસ્ત્રનું—પિંગળનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. અને તેથી પિંગળના સાથેના સંબંધનો અભ્યાસ કરવો આવશ્યક છે.

કાવ્યકલાથી સુગમ સંગીતમાં પ્રવેશતી મર્યાદા

કોઈ પણ ગેય પદ્યરચના પર સ્વરબંદિશ નિરૂપવા સંગીતકાર પ્રયત્ન કરે છે ત્યારે પોતાને મનફાવતી, અંતકરણમાં જે સ્ફુરે છે તે સ્વરની અભિવ્યક્તિ માટે તે સ્વતંત્ર હોય છે. એક જ ગેય પદ્યરચનાને સંગીતકાર અનેક સ્વરબંદિશો આપી શકે છે; તેમજ અલગ અલગ સંગીતકારો તેને પોતપોતાની સૂઝ અને આંતરસ્ફુરણાથી અલગ અલગ સ્વરબંદિશ આપી શકે છે. કિન્તુ ગેય પદ્યરચનાનો ઢાળ બાંધતા સંગીતકાર આપોઆપ બે મર્યાદાઓ સ્વીકારી લે છે.

પદ્યરચનાને કઈ અને કેવી સ્વરબંદિશ આપવી તેનો આધાર સંગીતકારની વિવક્ષા ઉપર રહે છે. કિન્તુ તે સ્વરરચના, તેના ગાન દ્વારા તેનો કાવ્યાર્થ ગાયક તેમજ શ્રોતાનાં ચિત્તમાં સંક્રાન્ત કરીશકેતેવી હોવી ઘટે. પદ્યરચના પર સંગીત પ્રયોજતા સંગીતકારને આટલી મર્યાદા સ્વીકારી જ લેવી પડે છે. મતલબ કે સ્વરરચના પદ્યાર્થ-અનુકૂળ હોવી જોઇએ, સ્વરબંદિશ કાવ્યના ભાવને પૂરક હોવી જોઇએ. પદ્યમાંથી કરુણ રસ નિષ્પન્ન થતો હોય તો (સંગીતકાર) તેને આનંદરસની સ્વરબંદિશ આપી શકે નહિ.

બીજી મર્યાદા છે તાલના સંપાદનની. જેમ સ્વરરચના કાવ્યાર્થપૂરક કરવી ઘટે તેમ જ સ્વરબંદિશના તાલનું સંપાદન પદ્યરચનામાં રહેલા છંદના પ્રવાહને પરિપોષક હોવું ઘટે. હું આમ કહીને સુગમ સંગીત કલાની સ્વતંત્રતા પર મર્યાદા મૂકવા નથી માગતો. સંગીતકાર કોઈ પણ પદ્યરચનાને ગમે તે રાગે અને તાલે ગાઈ શકે છે. સંગીતનો તાલ ભલે અક્ષરમાત્રાઓમાં ઊતર્યો ન હોય, જણાતો ન હોય, અક્ષરવિન્યાસથી એ તાલ પ્રતીત ન થતો હોય, પરંતુ દક્ષ તાલકોવિદ છંદના પ્રવાહને તેની અટપટી તાલરચનાથી જ્યાં સુધી તોડતો ન હોય ત્યાં સુધી અને તેવા પ્રકારની સગીતરચના કરવા તે સ્વતંત્ર છે. સંગીતકાર કોઈ પણ સંધિછંદ કોઈ પણ તાલમાં ગાઈ શકવા સમર્થ હોય છે. 'અયં સર્વેષુ તાલેષુ ગીયતે તાલકોવિદઃ ગમે તે તાલમાં ગાતાં મૂળ સંધિના પ્રવાહને હાનિ પહોંચાડચા વગર સ્વરબંદિશ કાવ્યના શબ્દબોધ અને તાત્પર્યબોધને પોષક થતી હોય ત્યાં સુધી તે આવકાર્ય છે: પણ તાલરચના છંદસંધિના પ્રવાહને પોષક હોવી ઘટે, એટલી મર્યાદા સંગીતકારે સ્વીકારવી રહી.

તાલ

કવિતા સુગમ સંગીતનું અવિભાજ્ય અંગ છે તે આપણે જોયું. હવે સંગીતમાં આવતા નાનાવિધ તાલ, તાલનું સંગીતમાં મહત્ત્વ, વિવિધ તાલવાદ્યોમાં જણાતી રસસર્જન કરવાની શક્તિ તેમજ પિંગળનો તાલ જોડે જણાતો અવિભક્ત સંબંધ, એ હવે આપણે તપાસીએ.

સંગીતમાં તાલનું મહત્ત્વ ઘણું છે. સંગીતકાર કોઈ પણ સ્વર ગાય કે વગાડે તેને લંબાવવાની મર્યાદા હોય છે. સ્વરોના અલ્પત્વ અને બહુત્વથી રાગમાં ફરક પડી જાય છે. દા. ત. બિહાગ રાગમાં અવરોહમાં ધૈવત અને રિષભ બહુ જ આછા. સંગીતની પરિભાષામાં કહું તો આ સ્વરોની ફક્ત આસ જ લેવાય છે. તે લંબાણથી લેવાય તો બિહાગને બદલે હમીર કલ્યાણ રાગ થઈ જાય. આમ, સંગીતમાં કાલમાપનું, લયનું અને તેમાંથી નીપજતા તાલનું ઘણું મહત્ત્વ છે. રાગની આકૃતિ સ્વર અને સ્વરની કાલમાત્રા એ બેથી નિયત થાય છે.

કાળ માપવા માટે સંગીતમાં માત્રાનું માપ હોય છે. જુદીજુદી કાલમાત્રાની રચનાથી સંગીતમાં જુદાજુદા તાલોનું નિર્માણ થાય છે. જેમ ગણ-માત્રાઓથી કવિતામાં અનેક વૃત્તો, પ્રબંધો થાય છે અને તેના ઉપયોગ વિધવિધ રસોના સર્જન માટે થાય છે તેવી જ રીતે સંગીતમાં સ્વરબંદિશ ઉપરાંત તાલપ્રબંધો પણ જુદા જુદા રસો ઉત્પન્ન કરવા સમર્થ હોય છે.

'તલ્' ધાતુ પરથી તાલ શબ્દની ઉત્પત્તિ થઈ. 'તાલસ્તલ પ્રતિષ્ઠાયાં' તાળી મારવાથી જેની પ્રતિષ્ઠા થાય છે તે તાલ. જે માત્રા પર તાળી પડે તે 'સશબ્દ' અને ખાલી રહે તે 'નિઃશબ્દ' કહેવાય છે. સંગીતની પરિભાષામાં તેને 'સમ' અને 'ખાલી' કહેવાય છે. આ માત્રાઓના ઘટકથી, આવર્તનોથી તેમજ સમ (એટલે કે તાળી) અને ખાલીથી તાલરચનાઓ થાય છે. કરુણ, શૃંગાર, વીર, અદ્ભુત, બીભત્સ વગેરે રસોનું સર્જન સૂરના તાલ જોડેના સંયોગથી થાય છે. તાલમાં એટલું કલાસામર્થ્ય છે કે સ્વરો વિના પણ તેને કલાજગતમાં સ્વતંત્ર સ્થાન છે. આમ, તાલ સ્વતંત્રપણે રસનું તેમજ ભાવનું સર્જન કરવા સમર્થ છે. આ હકીકત વિવિધ તાલવાદ્યોના અભ્યાસથી પ્રતીત થાય છે.

ભારતમાં તાલવાદ્યોનું વૈપુલ્ય નોંધપાત્ર છે. પ્રાન્તે પ્રાન્તે વપરાતાં મબલખ તાલવાદ્યોમાંથી અત્યાર સુધી લગભગ ૧૦૮નું જ વર્ગીકરણ થએલું જાણ્યું છે. શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોકસંગીત, ભક્તિ-સંગીત તેમજ નૃત્યસંગીતમાં આ વાદ્યો વપરાય છે. તબલાં, મૃદંગ, પખવાજ, ખોલ, માંદલ, ઢોલક, ઢોલકી, ઢોલ, કંજીરા, ઘટમ્, તવીળ, સીપલા, ડુગ્ગીતરંગ, તબલાતરંગ ઝાઇલોફોન, ચેંડા, ઈડળ, કરતાલ, મોરસંગ વગેરે કંઈક તાલવાદ્યો આપણે ત્યાં આજે પણ વિદ્યમાન છે.

આ દરેક વાદ્ય તેના વાદનથી અમુક ચોક્કસ રસ નિષ્પન્ન કરે છે. દા.ત. પખવાજમાં ગંભીર અને ભક્તિરસ નિષ્પન્ન થાય છે. પંજાબની ઢોલકીમાં ભારોભાર શૃંગાર રસ ભર્યો છે. ખોલમાંથી અમુક ધીર ગંભીર શાન્ત રસ ઝરે છે. નૃત્યનાં નાનાવિધ તાલવાદ્યો તેના વાદન-થી કંઈક અનેરું અલૌકિક વાતાવરણ ઊભું કરે છે. પ્રખ્યાત કલાકાર ઉદયશંકરના કાર્તિકેય નૃત્ય વેળા વપરાતા તબલાતરંગ, ચેંડા, ઝાઈલો-ફોન, જલતરંગ આદિનાં વાદન દ્વારા દૈવી સૃષ્ટિ આપોઆપ ઊભી થઈ જાય છે. આપણા લોકસંગીતમાં આવતો ઢોલ જુઓ. માત્ર આઘાતજનક ધ્વનિથી જ એ રસનિષ્પાદક કલાત્મક આકૃતિઓ રચે છે. આપણા લોકમેળાઓમાં ગરબે રમતી સ્ત્રીઓ ઢોલી ઉપર વારી જતી કોણે નથી જોઈ? ભારતીય સંગીતમાં તાલવાદ્યોનો વૈભવ અપૂર્વ છે. આજે એ બધાંનો વપરાશ નથી થતો તે શોચનીય છે.

કાલમાત્રાના ઘટકથી સંગીતમાં અનેક તાલોની રચના થઈ શકે છે. તાલમાત્રાનું પોતાનું અલાયદું ગણિત છે. ભારતીય શુદ્ધ શાસ્ત્રીય સંગી-તમાં તેમજ આપણા નૃત્યસંગીતમાં મળી લગભગ ૧૦૮ તાલ ઉપલબ્ધ છે, જે પૈકી લગભગ ૩૫ તાલ અગત્યના ગણાયા છે. આમાંના પણ ઘણાખરા તો અરૂઢ છે અને પ્રચારમાં તો ઘણા થોડા તાલ જ જણાય છે. એ છે: ચાર કાલમાત્રાનો બનેલો કેરવો, ૬ માત્રાનો દાદરો, ૧૦ માત્રાનો ઝપતાલ અને ૭ માત્રાનો રૂપક. વળી ૮ માત્રાના કેરવાનાં બે આવર્તન થતાં ૮ માત્રાનો ધુમાલિ તાલ થાય છે, અને તેનાં ૪ આવર્તન થતાં, વજન બદલાતાં અને સમ તથા ખાલી દર્શાવતાં ૧૬ માત્રાનો ત્રિતાલ બને છે. આવી જ રીતે ૬ માત્રાના દાદરામાંથી ૩ માત્રાનો ખેમટો, ૧૦ માત્રાના ઝપતાલનાં બે અડધિયાં કરતાં ૫ માત્રાનો ઝમક કે સૂરફાક, અને ૭ માત્રાના રૂપકનાં બે આવર્તનથી, વજન-બદલથી અને તાલી-ખાલીની રચના બદલાતાં ૧૪ માત્રાનો દીપચંદી થાય છે. આમ તાલપ્રબંધોમાં મૂળ ૪ તાલો જ જણાય છે, ને તેનાં આવર્તન તેમજ વજન-બદલથી બીજા ૪ તાલ ઊપજતા જણાય છે. હવે આ મૂળ ૪ તાલો ને તેમાંથી ઊપજતા બીજા તાલોનાં ઉદાહરણો જોઈશું.

(૧) ચાર માત્રા: કેરવો

મારાં નેણુમાં શમાવ્યા નંદલાલને રે! (હરીન્દ્ર દવે)

સંધિ: મારાં | નેણમાં શ | માવ્યા નંદ | લાલને રે |
મારી | મટુકીમાં | જમુનાનાં | નીર (ચતુરાક્ષરી)
(અક્ષરમેળ)

તાલબોલ:	ધાગી	નક	નક	ધીન |	ધાગી	નક	નક	ધીન |
	૧	૨	૩	૪	૧	૨	૩	૪
	×	–	–	–	×	–	–	–

(૨) છ માત્રા: દાદરા

દિલને ખબર નથી કે શું આંખો કરી ગઇ. (શેખાદમ આબુવાલા)

સંધિ: દિલ | ને ખબર ન | થી કે શું આં | ખો કરી ગ | ઈ
દા | દાલા દાલ | દાલ દાલ | દાલ દાલ | દા
(માત્રામેળ)

તાલબોલ:	ધા	ધીન	ના |	ધા	તીન	ના |
	૧	૨	૩	૪	૫	૬
	×	–	–	०	–	–

(૩) દસ માત્રા: ઝપતાલ

આજ મહારાજ જલ પર ઉદય જોઇને ('કાન્ત')

સંધિ: આજ મ્હા | રાજ જલ | પર ઉદય | જોઇને
ચંદ્રનો | હૃદયમાં | હર્ષ જામે |
(માત્રામેળ)

તાલબોલ: ધી ના | ધી ધી ના | તી ના | ધી ધી ના |
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
× – – – – ० – – – –

(૪) સાત માત્રા: રૂપક

(અ) જયતુ જય જય પુણ્ય ભારતભૂમિ સાગર અંબર (રાજેન્દ્ર શાહ)

સંધિ: જયતુ જય જય | પુણ્ય ભારત | ભૂમિ સાગર | અંબર
જયતુ જય જય | ઋતુ અધીશ્વર | જય વિધાતૃ શિ | વંકર

તાલબોલ:	તીન	તીન	ના |	ધીં	ના	ધીં	ના |
	૧	૨	૩	૪	૫	૬	૭
	×	–	–	०	–	–	–

દા | દા લદાદા | દા લ દાદા | દાલ દાદા | દાલ દા |
(હરિગીત)

(બ) આશકોની આહની અંગૂર ખાતો જાઉં છું (ત્રેણીભાઈ પુરોહિત)

સંધિ: આશકોની | આહની અં | ગૂર ખાતો | જાઉં છું
દાલદાદા | દાલ દાદા | દાલ દાદા | દાલદા |

(૫) સોળ માત્રા: ત્રિતાલ

મારા નેણુમાં શમાવ્યા નંદલાલ ને રે (હરીન્દ્ર દવે)

સંધિ: (ઉપર્યુક્ત પહેલા ગીતમાં આપી તે જ)

તાલ: ૧ ૨ ૩ ૪ | ૫ ૬ ૭ ૮ | ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧૩ ૧૪ ૧૫ ૧૬
× – – – – – – – ० – – – – – – –

(૬) ત્રણ માત્રા: ખેમટો

વનમાં વાયરે ઘેરી'તી આજ મને (રાજેન્દ્ર શાહ)

સંધિ: વ | નમાં વા | યરે ઘે | રી'તી આ | જ મને

તાલબોલ:	ધાગ	તીના	ધીન |	ધાગ	તીના	ધીન |
	૧	૨	૩	૪	૫	૬
	×	–	–	×	–	–

અક્ષર-વજનથી ત્ર્યાક્ષરી થાય છે

(૭) ચૌદ માત્રાનો દીપચંદી

મારું મનડું વીંધાણું રાણા, ચિતડું ચોરાણું રાણા (મીરાં)

સંધિ: મારું | મનડું વીં | ધાણું રાણા | ચિતડું ચો | રાણું રાણા
(ચતુરાક્ષરી)

તાલબોલ: ધા ધી ન | ધા ધા તી ન | તા તી ન | ધા ધા તીન |
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
× – – – – – – ० – – – – – –

છંદ

સંગીતમાં જણાતા મૂળ ચાર તાલોની અને તેમાંથી જન્મેલા ને પ્રચલિત થએલા બીજા ચાર તાલોમાં બાંધેલી આઠ રચના આપણે જોઈ, તેમજ એ આઠ પદરચનાના પઠનથી તેમજ અક્ષર-વિન્યાસથી જણાતી સંધિઓ પણ તપાસી. હવે સંગીતના આ મૂળ ચાર તાલ તેમજ છંદોમાં જણાતી સંધિઓના પરસ્પરના સંબંધ તપાસીએ.

ઉપર આપેલી પદ્યરચનાઓ પિંગળદૃષ્ટિએ તપાસતાં જણાશે કે તે બહુધા માત્રામેળ છંદોમાં બંધાએલી રચનાઓ છે. પિંગળનો અભ્યાસ કરતાં જણાય છે કે ગેય પદ્યરચના બહુધા જાતિછંદો – માત્રામેળ છંદોમાં હોય છે. આર્યામાં ગેયતા છે, પણ જુદાજુદા તાલોને અનુરૂપ એનું સ્વરૂપ જણાતું નથી. જુદાજુદા રાગોમાં તેમજ બરોબર ગાઈ શકાવું માત્રામેળ છંદોમાં જ શક્ય છે. કોઈક વાર જ્યારે અક્ષરમેળમાં આવતી સંધિઓનાં આવર્તનો થતાં હોય છે ત્યારે તે રચના પણ ગેય બને છે. પણ બહુધા વૃત્તરચનામાં સંધિઓનાં આવર્તનો નથી થતાં, તેથી તે અગેય બને છે. જાતિછંદોમાં સંધિઓનાં આવર્તનો થતાં હોવાથી સંગીતના તાલોનો વ્યવસ્થિત પ્રવાહ તેમાં વહી શકતો હોય છે. જોકે કેટલાક સંગીતપટુઓ વૃત્તોમાં પણ સંગીતના તાલના પડઘા સાંભળી શકે છે અને સ્વરબંદિશ પ્રયોજી શકે છે. કિન્તુ સાધારણતઃ વૃત્તો અનાવૃત્ત હોતાં સંગીતક્ષમ નથી જણાતાં. જોકે સ્વ. કેશવ હ. ધ્રુવ એક જગ્યાએ લખે છે કે 'પૃથ્વી, શિખરિણી આદિ વૃત્ત લઘુગુરુ રૂપની સંવાદી યોજના દ્વારા ઊપજતી નાદલહરીને લીધે ગેય છે. તોટક, ભુજંગપ્રયાત, પંચચામર આદિ આવૃત્ત સંધિના રૂપબંધો તાલબદ્ધ હોઈ ગેય જ છે.'

આમ, સંગીતને જાતિછંદો (માત્રામેળ છંદો) જોડે, તેમજ તેમાં આવતી સંધિઓ જોડે સંબંધ જણાય છે. આ જાતિછંદોનો અભ્યાસ કરતાં મને પ્રતીતિ થઈ છે કે સમગ્ર જાતિછંદો સંગીત માટે જ પ્રયોજવામાં આવ્યા છે, બલ્કે સંગીતમાંથી જ આ જાતિછંદોની રચના થઈ હોવાનું મારું માનવું છે. આ માન્યતા માટે કારણો પણ ઘણાં છે.

તાલનું મહત્ત્વ સંગીતમાં કેટલું છે તે તો આપણે જોયું. માત્રામેળ છંદોમાં પણ તે એટલું જ અગત્યનું જણાય છે તે હવે આપણે તપાસીએ.

માત્રામેળ છંદોમાં અમુક અમુક નિયત સંખ્યાની માત્રાની સંધિઓ હોય છે. આમાંની કોઈ પણ એક સંધિનાં અમુક સંખ્યાનાં આવર્તનથી માત્રામેળ છંદનું ચરણ બને છે. આ માત્રામેળ છંદો તેથી આવૃત્તમાત્રા છંદો કહેવાય છે.

આ સંધિઓમાં, કવિ દલપતરામ કહે છે તેમ, અમુક સ્થાને તાલ હોય છે. આ તાલ સંધિની નિયત માત્રા ઉપર જ પડવો જોઇએ એમ દલપત-પિંગળમાં કહ્યું છે. માત્રામેળ છંદોના આ બધા નિયમો તાલની રચના જાળવવા માટે જ હોય તેમ જણાય છે. આ સંધિના તાલ અને સંગીતના તાલ એ એક જ વસ્તુનાં બે પાસાં છે, બલ્કે એ એક જ વસ્તુ છે. એટલે કે સંગીતના તાલ આવૃત્ત માત્રામેળસંધિ છંદોનો પ્રાણ જણાય છે. જાતિછંદો સંગીતમાંથી જન્મ્યા હોવાનું પ્રબળ સૂચન જાતિરચનામાં આવતી સંધિઓ છે.

અગાઉ આપણે જોયું કે તાલરચનાઓ અનેક છે, પણ તે સર્વેના મૂળમાં ચાર તાલો જ મુખ્ય જણાયા છે: ચાર માત્રાનો કેરવો, છ માત્રાનો દાદરો, દસ માત્રાનો ઝપતાલ અને સાત માત્રાનો રૂપક. એ જ રીતે પિંગળમાં સંધિઓ પણ મૂળે ચાર જ જણાય છે: ચતુષ્કલ, પંચકલ, ત્રિકલ અને સપ્તકલ. એટલે આ સંધિઓ સંગીતના તાલમાંથી જ જન્મી હોય તેમ જણાય છે. સંગીતના તાલની માત્રાઓ શુદ્ધ કાળની માત્રાઓ છે, જ્યારે પિંગળની સંધિઓની માત્રાઓ અક્ષરની બનેલી છે. સંગીતની આ કાળમાત્રા અને પિંગળસંધિની અક્ષરમાત્રાઓ એ બન્ને એક જ વસ્તુ છે. જોકે સદગત્ પાઠક સાહેબ 'બૃહદ્-પિંગળ'માં એક જગ્યાએ લખે છે કે 'આ સંખ્યાઓનો પદ્ય સાથેનો સંબંધ કોઈ સંખ્યા તરીકેનો નહિ પણ કોઈ ઇતર તત્ત્વોનો છે' આ ઇતર તત્ત્વો ક્યાં? અભ્યાસે મને પ્રતીતિ થઈ છે કે આ ઇતર તત્ત્વો તે કાલમાત્રા છે. અને આ કાલમાત્રાના ઘટકો સંગીતના તાલ છે, ને તેમાંથી જ સંધિઓનું આવરણ થયું છે. આ તાલબંધ એકલા સંગીતનો જ નહિ, પણ ગેય પદ્યરચનાનો પણ પ્રાણ છે. સમગ્ર ગેય પદ્યરચનાના પિંગળનાં મૂળ આ તાલોમાં પડયાં છે.

ટૂંકમાં માત્રામેળની ચતુષ્કલ સંધિઓ જેમાં જણાતી હોય તે છંદરચનાઓ સંગીતના ચાર કાલમાત્રાના કેરવા તાલ જોડે બંધબેસતી જણાય છે. આ સંધિઓનાં આવર્તનો વધારતાં-દોહરાવતા ચતુષ્કલ સંધિના બંધો, સંગીતની આઠ માત્રાની લાવણી, તેમજ સોળ માત્રાના ત્રિતાલમાં બેસે છે. તેવી જ રીતે ત્રિકલ સંધિ સંગીતના દાદરા તેમજ ખેમટા તાલમાં જાય છે. પંચકલ સંધિ જોડે ઝપતાલ તથા ઝંપક, અને સપ્તકલ સંધિ જોડે સાત માત્રાનો રૂપક તાલ જાય છે. પરંતુ સપ્તકલનાં બે આવર્તનોથી સંગીતનો ૧૪ માત્રાનો દીપચંદી બહુધા બેસતો નથી જણાયો. પ્લુત વગેરે દ્વારા બહુધા ચતુરાક્ષરી પદો જ દીપચંદીમાં બંધાતાં જણાયાં છે. ચતુરાક્ષરીનાં ચાર આવર્તનો કરી, સંગીતની ૧૬ માત્રાને બદલે લઘુનો ગુરુ, દીર્ઘનો હ્રસ્વ, પ્લુત વગેરે દ્વારા ૧૪ માત્રા કરાય છે. આપણા લોકસંગીતમાં આ ૧૪ માત્રાનો દીપચંદી ઘણો જ પ્રચલિત છે. પણ લોકસાહિત્યના તેમજ દેશીના દીપચંદીમાં ગવાતાં પદો સાધારણતઃ ચતુરાક્ષરી હોય છે. ચતુરાક્ષરી પદોને ૧૪ માત્રામાં ગાવાં એ ઘણું કઠિન કામ છે. છતાં ગુજરાતની નારી ગાન જરા પણ કર્ણકટુ કર્યા વગર જે સૌંદર્યથી આ પદો ગાય છે તે એક અજબ સિદ્ધિ છે. ચતુરાક્ષરી પદોને ૧૪ માત્રાના દીપચંદીમાં સ્વરબંદિશ આપવાની ગુજરાતની લોકસાહિત્યની આ કળા ને કૌશલને આજના કવિએ બરોબર સમજવાં પડશે. એ ગુજરાતની જ સિદ્ધિ છે. આપણે તેને શિષ્ટ કવિતા-જગતમાં પુનર્જીવિત કરવાની છે. અને તે માટે દેશી રચનામાંથી જ પ્રેરણા લેવાની છે.

ટૂંકમાં પિંગળના અભ્યાસે મને સંગીતના ચાર માત્રાના ઘટક જોડે માત્રામેળ છંદના ચરણાકુળ, રોળા, સવયા, રુચિરા, લીલાવતી, પ્રજ્ઞાવતી, તથા પ્રાચીન છંદો જેવા કે મરહઠ્ઠા, ત્રિભંગી, દુમિલા, ગીતિ, ઉપગીતિ વગેરે બંધબેસતા જણાયા છે. છ માત્રા જોડે હીરછંદ, મહીદીપ, તોટક ઇત્યાદિ; પાંચ તથા દસ માત્રા જોડે ઝૂલણા, દીપક, મદનાવતાર, ટૂંકો ગમક વગેરે, તેમજ સાત માત્રા જોડે, હરિગીત, વિષમ હરિગીત અને અઘોર છંદ તેમજ ગઝલના હઝજ, રમલ વગેરે છંદો બેસતા જણાય છે.

સંગીતની બીજી વિશિષ્ટતાઓનું પિંગળમાં અવતરણ

સંગીતના તાલોમાંથી છંદોની માત્રાસંધિઓ રચાઈ તેવી જ રીતે સંગીતશાસ્ત્રની બીજી વિશિષ્ટતાઓ પણ કાવ્યશાસ્ત્રમાં પ્રવેશી છે. તે છે યતિ, પ્લુત, તેમજ લઘુને ગુરુ કરી કે ગુરુની માત્રાઓમાં વધઘટ કરી ભંગિઓનું સર્જન, ધ્રુવ-ટેક કે સ્થાયી, અંતરા, સંચારી વગેરે. ગેય રચનાઓ ઉપર સંગીતની બંદિશ પ્રયોજવા માટે ઢાળ નિરૂપવા સારુ કાવ્યમાં પંક્તિઓનો અંત વ્યક્ત કરવો પડે છે. ધ્રુવ-ટેક તેમજ સંગીતમાં સ્થાયી, અંતરા ને સંચારી વિભાગો યોજવા તેમજ પુનઃ પુનઃ સ્થાયી ધ્રુવપંક્તિઓ દોહરાવવા માટે અંત્ય સંધિને કોઈ વાર અમુક સ્થિર લઘુ-ગુરુ ક્રમરૂપ લગાત્મક રૂપ આપવું પડે છે. ઘણી વાર અંત્ય એક કે બે સંધિઓને ખંડિત કરી પ્લુતબદ્ધ કરી સંધિની માત્રાઓ પૂરી કરવામાં આવે છે. માત્રામેળ છંદોમાં આ બધાં લક્ષણો સંગીતશાસ્ત્રમાંથી આવ્યાનું મારું માનવું છે.

આમ ગુજરાતી ગેય પદ્યને, શાસ્ત્રીય સંગીત નહિ પણ સુગમ સંગીત જે અગાઉ દેશી સંગીત તરીકે ઓળખાતું તેની જોડેના ઐતિહાસિક સંબંધ આપણે તપાસ્યો; તેમજ પિંગળના માત્રામેળ છંદો તથા તેમાં

આવતી સંધિઓનો સંગીતના મૂળ ચાર તાલો જોડેનો સંબંધ તપાસ્યો; ઉપરાંત, મૂળ ચાર તાલ જોડે કયા માત્રામેળ છંદો અનુકૂળ જતા લાગે છે તેનું વર્ગીકરણ કર્યું. હવે સંગીતના આ મૂળ ચાર તાલો ઉપરાંત અન્ય તાલોમાંથી છંદોમાં સંભવિત નવાં તાલમાનો, ઘટકો, છટાઓ વિષે તેમજ ગુજરાતમાં ગીત અને સંગીત બન્ને સર્વોત્તમ અભિવ્યક્તિ પામે તે માટે શા પ્રયત્નો કરવા તે વિષે વિચારીએ.

એ નિર્વિવાદ છે કે ગુજરાતી ગેય પદ્યકારે આપણા પદ્યના વિકાસ માટે સંગીતાભિમુખ થવું પડશે. તેવી જ રીતે ગુજરાતી સંગીતકારે પદ્યનો અભ્યાસ—પિંગળની સમજ ધરાવતા થવું પડશે. તેમાં યે ગેય પદ્યકારે વિશેષ પ્રયત્ન કરવાના રહે છે. આનાં કારણો બે છે.

એક તો એ કે સુગમ સંગીતના સર્જનમાં મૂળ કવિનો જ હાથ છે. ગેય પદ્યરચના દ્વારા કવિ જ તેની આકૃતિ દોરે છે. સંગીતકારે પછી તે આકૃતિમાં રંગપૂરણી જ કરવાની રહે છે. તે મૂળ આકૃતિને ફેરવી શકતો નથી. સુગમ સંગીતની રચનામાં આમ પદ્યકારની જવાબદારી સવિશેષ રહે છે. બીજું, આજના ગુજરાતી સંગીતમાં કવિતાક્ષેત્રે જણાય છે તેવા સંસ્કારી વાતાવરણનો અભાવ છે. કાવ્યશાસ્ત્રમાં જરૂરી એવી બુદ્ધિગ્રાહ્ય પ્રવૃત્તિ માટે, શબ્દના અર્થગ્રહણ અર્થે બુદ્ધિની પ્રવૃત્તિ માટે સાધારણતઃ આજનો ગુજરાતી સંગીતકાર સંપૂર્ણપણે તૈયાર નથી. ગુજરાતી ગેય પદ્ય માટે આથી આજના કવિએ સવિશેષ પ્રયત્ન કરવાના રહે છે. આ માટે આજના કવિએ શું કરવું રહ્યું? આ વિષે અનુભવે એક યોજના સરળ લાગી છે તેમજ તેનાં પરિણામો તાત્કાલિક જણાય તેમ છે.

આજના પદ્યકારે, અગાઉ જણાવેલા મૂળ ચાર તાલો સમજવા કોશિશ કરવી. સૌપ્રથમ કેરવો તાલ સમજવો. સંગીતનો આ સાદામાં સાદો તાલ છે. તે ચાર માત્રાનો છે. આ કેરવા તાલની વિવિધ છટાઓને તબલા, બાંયા કે ઢોલક-ઢોલકી પર સમજવી. કેરવાનાં અલગ અલગ વજન તેમજ છટાઓ સમજી, તેની સાથે કઈ માત્રાસંધિઓ બેસે છે તે સમજી નવીન રચનાઓ કરતા થવું ઘટે. આ જ પ્રમાણે છ માત્રાનો દાદરો, દસ માત્રાનો ઝપતાલ તેમજ સાત માત્રાનો રૂપક સમજવો. આ ચાર તાલ-ઘટકો તેની અલગ અલગ છટાઓ તેમજ ચલણ સાથે સમજ્યા બાદ તે ચાર તાલમાંથી જન્મતા અનુક્રમે સોળ માત્રાનો ત્રિતાલ, ત્રણ માત્રાનો ખેમટો, પાંચ માત્રાનો ઝંપક તેમજ ચૌદ માત્રાનો દીપચંદી સમજવા. તે માટે તેમની ચાલો વિધવિધ વાદ્યો પરથી પકડવી. એકલું તાલવાદન સાંભળવાનો કંટાળો આવતો હોય તો વિવિધ તાલરચના પર બંધાએલી સ્વરરચનાઓ સાંભળવી. વાદ્યવાદન રચના પણ સાંભળવી. આ તાલોની ઉપલબ્ધ રેકૉર્ડ સાંભળવી, વસાવવી. ટેઈપ-રેકૉર્ડર હોય તો તેનો ઉપયોગ કરવો. આકાશવાણી પર આવા કાર્યક્રમનું પ્રસારણ થાય તેને નોંધી સાંભળવું.

પણ આ તો થઇ સંગીતના ચાલુ સરળ તાલોની વાત. બીજા અનેક તાલો બીજી ભાષાના આજના આધુનિક સંગીતમાં વિદ્યમાન છે તેમજ બીજા ઘણા અરૂઢ તાલો સંગીતશાસ્ત્રમાં છે તે યે ધીરેધીરે સમજવા પડશે. આ બધું સમજવા માટે સહેલામાં સહેલો ઉપાય છે તે તે પ્રાંતના સંગીતનું શ્રવણ. આ શ્રવણથી આપણા ગુજરાતમાં પ્રચલિત નથી એવા તાલોની પકડ તેમજ સમજણ મળશે. આ ઉપરાંત સંગીતશાસ્ત્રના બીજા અરૂઢ તાલો સમજવા માટે સરળમાં સરળ રસ્તો છે રવીન્દ્ર-સંગીતનું પરિશીલન. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર વીસમી સદીના સમર્થ વાગ્ગેયકાર હતા. તેમણે આપણા કંઇ કેટલા યે અરૂઢ તાલોને સરળ સ્વરરચનામાં સુંદર પદ્ય દ્વારા મઢયા છે. આ તાલો છે નવ માત્રાનો નવતાલ, બાર માત્રાનો ચૌતાલ તેમજ એક તાલ, આઠ માત્રાનો રૂપકડા, તેમજ ધુમાલી, નવપંચ તાલ, પંચમસવારી, એકાદશી તાલ, લક્ષ્મી તાલ વગેરે. આમાંનો નવમાત્રાનો નવતાલ જોઇએ:

નવતાલ: નિબિડ ઘન આંધારે જ્વલી છે ધ્રુવતારા

બોલ:	ધા	ધિં	તા	|	નિટિ	ક્ત	|	ગદિ	ગન	|	ધાગ	તિટ
	૧	૨	૩	|	૪	૫	|	૬	૭	|	૮	૯
	×	–	–	|	–	–	|	–	–	|	–	–

ઉપર્યુક્ત બધા તાલ—નવતાલ, એકાદશી તાલ, ઝપતાલ, નવપંચતાલ, પંચમસવારી, લક્ષ્મીતાલ વગેરે ગુજરાતી પદ્ય તેમજ સંગીત માટે નવીન તાલો છે. આ તાલોનો સમજી, પચાવી, આજના પદ્યકારે તેને અનુકૂળ ગેય પદ્યરચનાના બંધો આપવા જોઇએ. રવીન્દ્રનાથે ત્રણ માત્રાથી લઈ ૧૯ માત્રાના તાલો પર પદ્યરચના કરી છે. આ પદ્યરચનાઓને સમજી આપણા પિંગળમાં નવા ઘટકો, નવી છટાઓ લાવવા ગુજરાતના કવિએ પ્રયત્ન કરવાના છે.

સંગીતના તાલોની સાથેસાથે આજના કવિએ નૃત્યના તાલો પણ સમજવા રહેશે. આપણે ત્યાં ભવાઇમાં તાલોની કૈં અનેક નવી છટાઓ પડી છે તેનું પણ અન્વેષણ કરવું પડશે. ઉપરાંત ગુજરાતી કવિઓએ ગીતિ-નાટય તેમજ નૃત્ય-ગીતિ વિષે ઘણું ધ્યાન આપવાનું છે. ઉચ્ચાંગ નૃત્યો—જેવાં કે ભરતનાટયમ્, મણિપુરી, કથક વગેરેમાં આવતાં પદો તેમજ તાલોને અનુરૂપ ગુજરાતીમાં પદ્યરચનાઓ કરવી પડશે. આ માટે આપણે ત્યાં પદ્ય, સંગીત તેમજ નૃત્ય ત્રણેનો અન્યોન્યનો ગાઢ સંપર્ક જરૂરી છે. જ્યાં સુધી આ ત્રણે કલાના કોવિદો ભેગા મળી આ વિષે પરામર્શ નહિ કરે ત્યાં સુધી ગુજરાતમાં લલિત કળાનો વિકાસ અધૂરો જ રહેશે. આપણે ત્યાં હાલમાં પ્રચારમાં આવેલી ઘણીખરી નૃત્ય-નાટિકાઓમાં પદ્યરચના પક્ષે કશું ધ્યાન જ અપાતું નથી. આ અરાજકતા અટકાવવા આજના કવિએ જાગવું પડશે.

સંગીત તેમજ નૃત્યના તાલ-ઘટકો વિષે વિચાર્યા બાદ આપણે ત્યાં ગીત-સંગીતના ક્ષેત્રમાં થતી પદ્યની અવહેલના અટકાવવા વિષે વિચારીએ. આજનો સંગીતકાર બહુધા પિંગળને કે તેમાં આવતા સંધિઓ અને તેના પ્રવાહને સમજવા કોશિશ કરતો નથી હોતો. આ છન્દસંધિભંગ ઘણી વાર પિંગળદૃષ્ટિએ અરુચિકારક અને કર્ણકટુ જણાતા હોય છે. તે અટકાવવા સાદામાં સાદો ઉપાય એ છે કે ગીતની ઉપર તે કયા તાલમાં ગાઇ શકાય તેમ છે તે લખવું. તાલના અભ્યાસમાં પોતાની કચાશ હોય તો રચના કયા છંદની છે અને તે છંદમાં કઇ સંધિઓ છે તે લખવું. આથી સંગીતકારને સ્વરરચના કરતી વેળા તેના તાલના સંપાદન માટે સરળતા પડશે અને કર્ણકટુ સંધિભંગ ઘટશે.

આ ઉપરાંત આકાશવાણી પર પદ્યની ગુણવત્તાનું ધોરણ સચવાય તે વિષે આજના ગુજરાતી પદ્યકારે સામૂહિક પ્રયાસ કરવા પડશે. પદ્ય એ સુગમ સંગીતનું અવિભાજ્ય અંગ છે. ગીતની ગુણવત્તાનું ધોરણ એકલી સુંદર તરજથી નહિ પણ ઊંચી પદ્યરચના દ્વારા બંધાવું જોઇએ તે વિષે આકાશવાણીના સંચાલકોને કવિઓએ સમજાવવું પડશે. આકાશવાણી પર કવિઓને અપાતી ગીત પરની રૅાયલ્ટીનું ધોરણ પણ બદલાવવું પડશે. ત્યાં સુધી ગુજરાતી પદ્યરચના તેમજ સુગમ સંગીતની કક્ષા ઊંચી નહિ લાવી શકીએ. આકાશવાણી એ એક જબરું માધ્યમ છે અને તે તરફ ઉદાસીનતા રાખ્યે હવે નહિ પાલવે.

છેલ્લે, લોકસાહિત્ય—'દેશી' વિષે પણ કૈં વિચારીએ. આપણા 'દેશી' છંદોનો—લોકસાહિત્યનો—સાંગીતિક તેમજ પિંગળની સંયુક્ત દૃષ્ટિએ વિશદ અભ્યાસ કરવો ઘણો જ આવશ્યક છે. આપણી પદ્યરચનાએ તેમજ આપણા સંગીતે વિકાસ કરવો હશે તો આપણી પરં-

પરામાં જળવાએલી શક્તિઓ અને સિદ્ધિઓ પુનઃ પ્રાપ્ત કરવી જ પડશે. સદ્દગત્ શ્રી મેઘાણીએ લોકસાહિત્ય – દેશીઓ સારા પ્રમાણમાં ગ્રંથસ્થ કરી છે કિન્તુ દેશીઓમાં રહેલા સાંગીતિક તાલો અને તે પદ્યરચનામાં રહેલા માત્રાસંધિઓ વગેરે અંગે આપણી પાસે હજી ખુલાસા નથી. આજના પદ્યકારે આ બધું તપાસવું પડશે અને તેને ઝીલી, આત્મસાત્ કરી વર્તમાન રચનાઓમાં લુપ્ત થએલા આ આપણા જ ઘટકો પુનઃ પ્રચલિત કરવા પડશે.

આપણાં પદ, દેશી, ગરબા, ગરબીઓ તેમજ લોકગીતો સંગીતપ્રધાન છે. પણ રચના સંગીતપ્રધાન બનતાં તેમાં પિંગળ નથી રહેતું એમ સર્વે કૃતિઓ માટે માની બેસવું ભ્રામક છે. આપણાં પદો કે લોકગીતો સંગીતપ્રધાન ભલે હોય, પણ તેની સંધિઓ માત્રામેળની જ સંધિઓ છે. માત્રામેળમાં પ્લુતનું નિયત સ્થાન છે જે આ પદોમાં સાધારણતઃ નથી હોતું; કિન્તુ પઠનમાં તો માત્રાસંધિનો પ્રવાહ જણાતો જ હોય છે, એટલે એ રચના પિંગળને અધિકારી જ છે. આ કૃતિઓ ગાઈને બતાવાય ત્યારે જ તેમાં રહેલી સંધિઓ તેમજ ભંગિઓની ખૂબી સમજાય છે. અક્ષરવિન્યાસથી એમાંની સંધિઓ ઓળખાતી નથી. એનું સમગ્ર મૂર્તિસ્વરૂપ તો ગવાતાં જ સ્પષ્ટ થાય છે.

ચતુષ્કલમાં બંધાએલી રચના આવાં સંગીતપ્રધાન પદોમાં ક્યારેક સપ્તકલ બને છે; ક્યાંક લઘુ ગુરુ થઈને સપ્તકલ પુરાય છે, તો ક્યાંક ગુરુ પ્લુત થઈને સપ્તકલ પુરાય છે. વિલંબિતમાં ગવાતા આવા ચતુષ્કલો સપ્તકલ કે ષટ્કલ બને છે. પદ્યરચના સંગીતપ્રધાન બનતાં આવી કેટલી યે માધુર્યયુક્ત સંધિભંગિઓ રચાય છે. અક્ષરવિન્યાસથી ભાગ્યે જ આ ગવાતી સંધિઓ પ્રતીત થાય છે.

ઉદાહરણ: ઢોલાજી! દિલ્હીને દરબારે નોબત વાગી

સંધિ:	ઢોલા જી	દિલ્હીને દર	બારે નોબત	વાગી રે...
	હાંહાં રે	નોબત વાગી	માણારાજ	
તાલબોલ:	૧ ૨ ૩	૪ ૫ ૬ ૭	૮ ૯ ૧૦	૧૧ ૧૨ ૧૩ ૧૪
(દીપચંદી)	× – –	– – – –	० – –	– – – –

આમ છંદશાસ્ત્ર અને તાલશાસ્ત્રના સામીપ્યના સ્રોતની શોધ આપણને બહુ દૂર લઈ જાય છે. આ વિષય હજુ ઊંડો અભ્યાસ અને સંશોધન માગી લે છે. આજે તો ફક્ત ખેડાણની આ દિશા તરફ, કેડી તરફ, આંગળી ચીંધ્યાનું કર્તવ્ય બજાવીને જ સંતોષ માનીશ. વધુ ગહન અંતરાલમાં જવાનો આ તબક્કે અવકાશ નથી. પરંતુ એટલું તો નક્કી કે એક બાજુ જુદાજુદા માત્રાવિન્યાસને લીધે બહુરૂપ લાગતા છંદો અને બીજી બાજુ જુદાંજુદાં વજન, તાલવાદ્યોની નિજી વિશેષતાઓ તથા અનેકાનેક આવર્તનોથી ભિન્ન લાગતા તાલવૈભિન્ય વચ્ચે સંધિઓનો સમાન સેતુ છે. હકીકતમાં પદ્યનું નાદમાધુર્ય ઉચ્ચારિત શબ્દની કાલમર્યાદાના વિસ્તાર પર આધારિત છે. આ કાલમર્યાદાનું નિયમન જેમ સંગીતમાં તાલે કર્યું, એ જ રીતે પદ્યમાં તે માટે છંદો રચાયા છે, અને આ મૂળભૂત એકતાને આધારે એક વિશાળ વટવૃક્ષ ઊભું થયું છે. એક પક્ષે જેમ આ ત્રિકલ, ચતુષ્કલ, પંચકલ અને સપ્તકલ સંધિના સુયોગથી નિષ્પન્ન થતાં પદો ને લોકગીતો, તથા લઘુગુરુની છેડછાડથી ચતુષ્કલ સંધિયુક્ત ગીતોનો દીપચંદીમાં વિનિયોગ પિંગળશાસ્ત્રની દૃષ્ટિએ કાવ્યમાં પણ સ્થાન પામવાં જોઇએ તેમજ બીજે પક્ષે, એકતાલ, નવતાલ વગેરે સંગીતના અવનવા તાલઘટકો સાથે મેળ ખાય એવી છંદોલયની રચનાઓ કાવ્યમાં કરવી પડશે. જુદાંજુદાં તાલવાદ્યોની નિજી વિશેષતાઓ તથા નૃત્યાદિ માટે વિવિધ બોલ અને તોડાઓ સહિત મેળ ખાય એવી શિષ્ટ સાહિત્યિક પદ્યરચનાઓ ગુજરાતી કવિએ તૈયાર કરવી પડશે. સંપૂર્ણ નૃત્ય અને સંગીતનું શિષ્ટ સાહિત્યીકરણ કરવું પડશે એમ કહેવું પણ અસ્થાને નહિ ગણાય. આજે ગુજરાતી નૃત્યકારો દ્વારા રજૂ થતાં ભરત નાટયમનાં નૃત્યોમાં પણ 'પદમ્' દક્ષિણ ભારતીય જ હોય છે, એ એક અભાવની સ્થિતિ છે, જે આપણે મિટાવવી રહી.

છંદશાસ્ત્રનાં બંધનોને ફગાવવા મથતી, અછાંદસની વ્યોમમાં વિહરતી આજની નવીનતર પેઢી, પરપ્રાન્તીય અને પરરાષ્ટ્રીય ગીતરચનાઓના તાલછંદના વૈવિધ્યનું પ્રગાઢ અનુશીલન કરી, છંદશાસ્ત્રના પેટાળમાં પેસી અવનવાં મોતી બહાર લાવે એવા પ્રયત્નો કરવાનો સમય હવે પાકી ગયો છે. આમ કરતાં છંદ અને તાલનું ફલક વિસ્તૃત થશે અને અભિવ્યક્તિ માટે નવાં ઉડ્ડયનો શક્ય બનશે. આ નવપ્રસ્થાન જેટલું સુગમ સંગીતને ઉપકારક નીવડશે તેથી યે વધુ કાવ્યક્ષેત્રને ઉપકારક નીવડશે એવો મારો દૃઢ વિશ્વાસ છે.


શતરંજ

સુરેશ મોદી

End-Game Study

ગયે મહિને પૂરી થએલી કોયડા હરીફાઈમાં બે અને ત્રણ ચાલવાળા Direct mate કોયડાઓ તેમ જ End-game study મૂકવામાં આવેલા. એમાં વાચકોને ત્રણ ચાલવાળા કોયડા કરતાં બે ચાલવાળા કોયડા વધુ સહેલા લાગતા હતા. એમાં જે ત્રણ end-game studies મૂકવામાં આવી હતી તે સહેલી હતી, એમાંના એકનો તો કોઈ પણ વાચકથી સાચો ઉકેલ આપી શકાયો ન હતો.

અંતની સ્થિતિને લગતા કોયડાઓ, બાજીના એ સૌથી અગત્યના ભાગની રમત સુધારવામાં ઘણા ઉપયોગી છે. આ બે બાબતોને લક્ષમાં લઇને હવે દર મહિને એક તેવો કોયડો ઉકેલ સાથે આપવાનું નક્કી કર્યું છે. વાચકો પ્રથમ આપમેળે પ્રયત્ન કરે અને પછી જ તેનો ઉકેલ જોશે તો વધુ લાભ થશે. આ વખતે A. O. Herbstmanનો એક સહેલો અને જાણીતો કોયડો લઇએ.



સ્થિતિ: 16/5P1P/4P3/3p1q2/3-bn2K/3k1N2/7Q.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં કાળા પાસે સફેદનાં બે પ્યાદાંના બદલામાં એક ઊંટ છે એટલે તેની સ્થિતિ મહોરું અને સંખ્યા જોતાં સારી કહી શકાય. તેમ છતાં સફેદ જે રીતે જીતે છે તે આકર્ષક અને મનોરંજક છે. પ્રથમ તમે પ્રયત્ન કરી જુઓ. ખરો ઉકેલ પૃ. ૩૯૨ પર છે.

શતરંજની આ લેખમાળા પુસ્તકાકારે પ્રકટ કરવા વિષે વાચકો પોતાનો અભિપ્રાય મોકલશે તો આભારી થઈશું.

થોડો મેલ પણ ભરાયો હતો. એ બધી રજ પણ એણે સાચવીને લઇ લીધી.

એના બીજા સાથીદારે મરનારનાં આંગળાંની છાપો લઈ લીધી. કદાચ એ માણસ કોઈ જૂનો ગુનેગાર હોય તો એના પરથી તેને ઓળખી શકાય એ માટે એ તુરત પોતે લીધેલી છાપોનાં પ્રિન્ટ તૈયાર કરવા ને રૅકૉર્ડ તપાસવા ઊપડી ગયો.

ડિટેક્ટિવોની તપાસ પતી ગઈ એટલે કૉરૉનરે લાશનો કબજો લીધો ને કાગળિયા કરી લાશને પોસ્ટમૉર્ટમ માટે મોકલી આપી.

પોલીસખાતા પાસે પહેલો પ્રશ્ન મરનારને ઓળખવાનો હતો. છાપાંમાં એનો ફોટો આવે અને એ ઓળખાય એમાં કદાચ ઘણો વખત વીતી જાય. કદાચ માણસ બહારગામનો પણ હોય. પણ પોલીસ પાસે એની ઓળખ મેળવવા માટે ઘણા માર્ગ હતા. મરનારનો ફોટો તો હતો જ. એના હાથમાંથી મળેલું બટન અને કપડાનો લીરો, એક વાળ, એના નખમાં ભરાએલો મેલ ને એનાં આંગળાની છાપ વગેરે બધાંનો પોલીસ ઉપયોગ કરી શકે તેમ હતું.

મરનારના હાથમાંથી મળેલા વાળને સ્ટાન્ડર્ડ રંગના વાળ સાથે સરખાવવામાં આવ્યો. એ વાળ કથ્થાઈ રંગની ઝાંયવાળા કાળા રંગનો હતો, જે દૂરથી ફક્ત કાળો જ જણાય. એની જાડાઇ માપવામાં આવી. એનો આડછેદ કાપી અત્યંત શક્તિશાળી સૂક્ષ્મદર્શક તળે મૂકી એનો ફોટો લેવાયો. આ બધી તપાસ પરથી નક્કી થયું કે એ વાળવાળો માણસ પાંચ ફૂટ અને સાતથી આઠ ઈંચ ઊંચાઇનો હશે. એનો વાન કાળો હશે. એનું વજન આશરે ૧૫૦ રતલ અને ઉમર લગભગ ૩૮ વર્ષની હશે. કદાચ તે દક્ષિણમાંથી મુંબાઇ આવ્યો હશે. વાળની સફાઈ વગેરે પરથી એ માણસ વાળની માવજત કરનારો જણાતો હતો.

વાળ પરથી આટલી માહિતી મળી શકે એ જલ્દી ગળે ન ઊતરે; પણ એ ખરું છે. વાળના આડછેદની રચના પરથી દક્ષિણ તરફના માણસનો વાળ હોવાનું જણાયું. વાળના કોષના વિકાસ ઉપરથી એની ઉમર અંદાજી શકાઈ. એની જાડાઇ પરથી માણસની ઊંચાઈ પણ નક્કી થઇ. એના પરની તૈલી ચીકાશ પરથી એ માણસ કેવું સસ્તું કે મોઘું તેલ વાપરે છે એ નક્કી કરી એની આર્થિક સ્થિતિનો ખયાલ બાંધી શકાયો. વાળના રંગ-દ્રવ્ય પરથી એ વાળવાળા માણસના શરીરનો વાન પણ નક્કી થઈ શક્યો. ઊંચાઈ પરથી વજનનો અંદાજ લગાડી શકાયો.

હવે આવા વર્ણનવાળા માણસના માથાનો વાળ મરનારના નખમાં ભરાયો હતો એ પરથી લાગતું હતું કે એ માણસ ખૂનની સાથે સંકળાએલો હતો. સંભવ હતો કે મરનાર સાથે ઝપાઝપી પણ થઈ હોય જેથી એનો વાળ મરનારના નખમાં ભરાયો હોય. એમ પણ બને કે એ પોતે ખૂની હોય કાં તો ખૂન વખતે મરનારને પકડી રાખનારો હોય.

મરનારની મૂઠીમાંથી મળેલા બટન ને તેની સાથે ખેંચાઈ આવેલા કપડાના લીરાની ઝીણવટભરી તપાસમાં જણાયું કે એ બટન વિદેશી કીમતી કાપડ પર ટંકાએલું હતું. બટન અચૂક કોટનું જ હતું. એને ટાંકવામાં વપરાએલો દોરો દરજીઓ વાપરે એવો સાધારણ બનાવટનો હતો. કપડાના લીરા પરથી કાપડનો રંગ પણ નક્કી થઈ શકે એ તો સ્વાભાવિક છે. અને ઝપાઝપીમાં કદાચ એ પણ સામેલ હતો; અથવા એમ પણ હોય કે પેલા વાળવાળો અને આ વિદેશી કાપડ પહેરનારો એક જ માણસ હોય. મતલબ કે જે કપડા પર એ બટન હતું એનો પહેરનારો કીમતી કાપડ વાપરતો હતો.

નખ અને એની નીચે ભરાએલા મેલના રજકણોની તપાસમાં મળેલી માહિતી ઉપરના અંદાજોને પુષ્ટિ આપે એવી હતી. નખમાં ચામડીના કણ પણ હતા. મરનાર સાથેની ઝપાઝપીમાં સામા માણસની ચામડી પર મરનારના નખે ઊઝરડો પાડ્યો હશે. સાથે દાઢીના વાળનો ટુકડો પણ હતો, એટલે એ ઊઝરડો ગાલ પર કે દાઢી પર થયાનું માની શકાય. એ ચહેરા પર સ્નો લગાડ્યાનું પણ જણાતું હતું.

પોસ્ટમૉર્ટમથી જણાયું કે મરનારને બહુ નજીકથી ત્રણ ગોળી મારવામાં આવી હતી. એની ચામડી પર એના દારૂના ડાઘ પણ હતા તથા ચામડી દાઝી ગઇ હતી. શરીરમાંથી મળેલી ગોળી પરથી જણાયું કે એ નવ મિલિમીટર કૅલીબરની ઑટૉમૅટિક પિસ્તોલની ગોળી હતી. દાક્તરના રિપૉર્ટ પરથી જણાયું કે એ માણસનું મોત ત્રણ કલાકના ગાળામાં થયું હતું અને ગોળીના ઘા પરથી આ કેસ આપઘાતનો નહિ પણ ખૂનનો જ હોવાનું નક્કી થતું હતું. વળી આપઘાત કરનાર એકી સાથે ત્રણ ગોળી પોતાના શરીર પર ન ચલાવી શકે. અશોક દવે અને બિપિન મહેતા, નામના બે ડિટેક્ટિવોને આ કેસની તપાસ સોંપાઈ.

મરનારના પરદેશી કાપડના પોશાક પરથી એમણે નક્કી કર્યું કે એ કોઇ દાણચોરી સાથે કદાચ સંકળાએલો હોય, જેને અંગે કંઈ મતભેદ થતાં એનું ખૂન થયું હોય. અથવા એ કોઈ જુગારી પણ હોઈ શકે. દાણચોરીના અંદાજને આધારે એમણે બંદરની આસપાસની ખર્ચાળ હૉટેલોથી એમની તપાસ આરંભી. એ કામ લાંબું ને કંટાળાભરેલું હતું. બધે જ એમણે આંખકાન ખુલ્લાં ને મોં બંધ રાખી તપાસ કરવાની હતી. જૂના રૅકૉર્ડ પર કોઇ માહિતી નહોતી, એટલે મરનાર કોઈ નોંધાએલો ગુનેગાર તો નહોતો જ. દિવસો વીત્યા પણ કંઈ એવી માહિતી મળી નહિ કે જેના આધારે તેઓ તપાસ આગળ ચલાવી શકે. એક દિવસ અશોક ડૉક વિસ્તારની એક હોટેલમાં બેઠો હતો. સામે કોકાકોલાની બાટલી પડી હતી પણ એનું ધ્યાન ક્યાંક બીજે જ હતું. બાજુના ટેબલ પર બે જણ ધીમે સાદે કંઈ વાત કરી રહ્યા હતા.

'માદન સાથે કામ કરનાર પેલા દક્ષિણીનું શું થયું? હમણાં એ દેખાતો કેમ નથી? એ સારો માણસ હતો. આપણને યે ચાનાસ્તો છૂટથી ને પ્રેમથી કરાવતો. દુલ્લા દિલનો હતો નહિ?' એક બોલ્યો.

'એ જ મોકાણ થઇને!' બીજો બોલ્યો: 'એ બહુ ખરચ કરતો. પણ એના પૈસાથી નહિ. બધા પૈસા માદનના હતા. તને ક્યાં ખબર નથી કે માદનને બનાવનારની કેવી વલે થાય છે?'

'બહુ ખોટું થયું.' પેલાએ કહ્યુ: 'આવો જુવાન ને ભલો માણસ ચાલ્યો ગયો. માદનનાં બધાં કામમાં એ હિંમતથી ઝંપલાવતો. માદનનો તો એ કમાઉ દીકરો હતો ને તો યે માદને આમ કર્યું?'

'છોડને યાર એ વાત. નકામું કોઈ સાંભળી જશે.'

પણ અશોકે વાતનો તાગ મેળવી લીધો. ધીરે રહી એ ત્યાંથી ઊઠી ગયો ને તુરત બિપિનને ફોન જોડ્યો: 'થોડી વાત સાંભળી છે. માદનનો એક દક્ષિણ તરફનો માણસ હમણાં દેખાતો નથી. છૂટે હાથે પૈસા વાપરતો ને એ પૈસા માદનના હતા. માદનને એની ખબર પડ્યા પછી એ માણસ દેખાતો નથી. કદાચ એ આપણો જ આદમી હશે.'

હવે બંને ડિટેક્ટિવોએ માદનના વર્તુળમાં ઘૂમવા માંડ્યું. માદન તો પોલીસને ચોપડે ચડી ચૂકેલો બદમાશ હતો. એમની માહિતી ખરી લાગતી હતી. પણ એ ખૂન માદને જ કર્યું છે એવું પ્રતિપાદિત થવું નહોતું. અલબત્ત, કોઇ પણ મોટો ગુનો માદનથી અજાણ્યો રહે એ અસંભવિત હતું એવો એ અઠંગ દાદો હતો.

ત્રણેક અઠવાડિયાં થઇ ગયાં હતાં. માદનના મોં પર ઊઝરડો થયો હોય તો એ હવે તો રૂઝાઈ પણ ગયો હોય. એટલે તપાસમાંથી હવે એ એક નિશાનનો આધાર ઢીલો પડી ગયો હતો. પણ બંને જણે માદનની દરેક હિલચાલ પર નજર તો રાખવા માંડી જ.

એક દિવસ એક રેસ્ટોરાંમાં માદન બેઠો હતો ત્યાં બંને જણ એની પાસે પહોંચી ગયા. માદન બંનેને ઓળખી ગયો. એણે એમને બંનેને આવકાર્યા ને એમને માટે ઠંડાં પીણાં મંગાવ્યાં.

'કાંઈ ઘણે વખતે?' માદને પૂછ્યું: 'કોઈ કેસ માટે નીકળ્યા લાગો છો. ભૂખ પણ લાગી હશે એમ મોઢાં કહે છે. ચાલો સાથે જ જમીએ.'

બંને એની સાથે બેઠા. એમની નજર માદનની પૂરતી ઝડતી લઇ રહી હતી. લૅબોરેટરીના અંદાજ સાથે એ બરાબર મળતો આવતો હતો. કથ્થાઈ કાળા વાળ, રંગે કાળો, પાંચ ફૂટ આઠેક ઇંચ ઊંચો ને લગભગ દોઢસો પાઉંડ વજનનો. ગાલ પર ઉઝરડો તો નહોતો જ. એના કોટમાં બટનની જગ્યાએ રફૂ કરેલું પણ નહોતું.

પોતાના પોશાક પર ફરતી નજર જોઈ માદન બોલી ઉઠયો: 'કેમ, સૂટ પસંદ આવી ગયો? આ સિલાઈ તો કયાંય નહિ મળે. અહીં નજીકમાં એક દરજી ખાસ મારા માટે જ બનાવે છે. લગભગ સાડા ત્રણસોનો થાય છે. અને ધોવડાવવાનો પણ એની મારફત જ. આવી સરવિસ કોઈ આપતું નથી.'

સૂટની વાત નીકળી એટલે એનો દોર પકડી બંનેએ હવે એમાં વધુ ઊંડો રસ દેખાડયો. એમણે જણાવ્યું કે એમને એની સિલાઈ ખૂબ ગમી ગઈ હતી. તૈયાર સૂટની આટલી કિંમત તો એમને પોસાય નહિ, પણ જો તેઓ કાપડ ખરીદીને પેલા દરજીને આપે તો એ એમને પણ આ રીતે જ સીવી આપે કે નહિ એ પણ પૂછ્યું.

'એમાં શું?' માદને કહ્યું: 'તમે થોડા ઉદાર મનવાળા બનો તો હું તમને બંનેને આવા જ સૂટ તૈયાર કરાવી આપું.' થોડી ગડમથલ ને થોડી ઢીલાશનો ઢોંગ કરી બંનેએ માદન પાસેથી દરજીનું સરનામું મેળવી લીધું ને પછી સીધા એને ત્યાં પહોંચી ગયા.

'માદને અમને મોકલ્યા છે ને કહ્યું છે કે થોડા ઓછા ખર્ચે તમે અમને એના જેવા સૂટ સીવી આપશો.'

હા ના કરતાં દરજી આખરે તૈયાર થયો. આડીઅવળી વાતો કરતાં એમણે કહ્યું: 'માદન કહેતો હતો કે તમે સૂટને ધોવડાવી પણ આપો છો, ને રફૂ તો એવું કરો છો કે ખબર જ ન પડે કે કપડું કયાંથી ફાટ્યું હતું. એ ખરું?'

'હોવે, સાહેબ.' દરજી ફુલાયો: 'જુઓ, માદનનો જ એક કોટ તમને બતાવું. તમે કહી દો કે એ કયાં ફાટયો હતો. એની મોટરના બારણામાં ભરાઇ જવાથી એ ફાટયો હતો. એ કયાંથી ફાટયો છે એ જો, સાહેબ, બતાવી શકોને તો હું પાંચ રૂપિયા હારી જવા તૈયાર છું.'

બંને જણે આખા કોટને જોઇ જવાનો ઢોંગ કર્યો ને સાથોસાથ એનાં બટન ટાંકવાની જગ્યાઓ પણ બરાબર ચકાસી લીધી. ખરે જ એક બટન નીચે બહુ સિફતથી રફૂ કરેલું હતું. અને મરનારના હાથમાંથી મળી આવેલું બટન અને એની સાથેના લીરાનો રંગ આ કોટનાં બટન તથા રંગને મળતાં જ હતાં. આખરે પોતે રફૂ શોધી નથી શકતા એમ જણાવ્યું ને દરજી ખુશ થઈ ગયો. પોતે ફરી આવીને કાપડ આપી જશે એમ કહી બંને ત્યાંથી ઊપડી ગયા.

હવે જરૂરી બધો કાર્યક્રમ નક્કી થઈ ગયો. માદનના ઘર પર છાપો મારી જડતી લેતાં ત્યાંથી ૦.૦૯ કૅલિબરની પિસ્તોલ મળી આવી. માદનને પકડવામાં આવ્યો. મરનારના ફોટાને પેલા હોટેલમાં વાતો કરનારા બે જણે ઓળખી બતાવ્યો ને નક્કી થયું કે જેનો તેઓ ઉલ્લેખ કરતા હતા એ જ એ માદનનો ગુમ થએલો માણસ હતો.

કેસમાં મરનારના શરીરમાંથી નીકળેલી ગોળી રજૂ થઈ. માદનની પિસ્તોલમાંથી છોડેલી ગોળી સાથે સરખાવતાં બંને એકસરખી જણાઈ. એ પરથી નક્કી થયું કે માદનની જ પિસ્તોલથી ખૂન થયું હતું. કોટનું બટન, કાપડનો રંગ, માદનના માથાનો વાળ અને એ વાળ પરનું કીમતી તેલ વગેરે બધું લૅબોરેટરી તપાસના નિર્ણયો સાથે બરાબર બંધબેસતું હોઇ માદન પર ખૂનનો આરોપ મુકાયો.

પછી તો પોલીસે સાક્ષીઓ પણ એકઠા કર્યા ને એમના દ્વારા સાબિત કર્યું કે મરનાર માણસ માદન સાથે જ કામ કરતો હતો. સાક્ષીઓએ એને છેલ્લે માદન સાથે મોટરમાં જતો પણ જોયો હતો. આ બધા પુરાવા સાંયોગિક હતા એટલે માદનને જન્મટીપ મળી. મામૂલી જણાતી ચીજો ને માહિતી પરથી કેટલું મળી આવ્યું?

આ છે પોલીસની કામગીરીનો એક ખયાલ. ગામડાંના પોલીસ-પટેલ, નગરનું પોલીસનું આઉટ પોસ્ટ થાણું, તાલુકામાં ફોજદાર જમાદાર ને કૉન્સ્ટેબલ, જિલ્લામાં સુપરિન્ટેન્ડેન્ટ, ઇન્સ્પેકટર ને અન્ય નાયબ અમલદારો વગેરે સૌ રાજ્યના ગૃહખાતા નીચે પોતાની સર્વ શક્તિથી ને જાનની પરવા કર્યા વિના પ્રજાની રક્ષા માટે કામ કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર એની નિમણૂકોમાં ને એમને સાધનસામગ્રી આપવામાં મદદ કરે છે. છૂપી પોલીસ, વાહનવ્યવહાર, દારૂબંધીના ગુનાઓ માટે, જકાત ખાતા માટે, રેલવે અને જલવ્યવહાર વગેરે માટે ખાસ જુદાં ખાતાં પણ હોય છે.

વિદેશમાં બ્રિટનનો 'સ્કૉટલૅન્ડ યાર્ડ', અમેરિકાનું 'એફ. બી. આઈ.' કૅનેડામાં 'રૉયલ કૅનેડીઅન માઉન્ટેન પોલીસ', ફ્રાંસમાં 'સ્યુરતે નાશનેલ' ને રશિયામાં 'એમ. વી. ડી.' પોતપોતાની આગવી પોલીસ-સેવાઓ માટે વિખ્યાત છે. આંતરરાષ્ટ્રીય ગુનાઓમાં તેઓ એકબીજાના સહકારથી પણ કામ કરે છે. ઈ. ૧૯૨૩માં એ માટે 'ઈન્ટરનૅશનલ ક્રિમિનલ' પોલીસ કમિશન (IPCC)ની રચના થઈ. વીએનાના પોલીસ કમિશનરે એની શરૂઆત કરેલી. આજે તો ઘણાખરા દેશો તેના સભ્ય છે. પારીસમાં એનું મુખ્ય મથક છે.

પરદેશમાં તો પોલીસને માનની નજરે જોવાય છે. બ્રિટનનો 'બૉબી' એટલે સંપૂર્ણ ભરોસાપાત્ર અને મદદ કરવા સદા તત્પર એવો માનને લાયક પોલીસ. અમેરિકાના 'જી-મેન' અને કૅનેડાના 'માઉન્ટીઝ'ને લોકો પોતાના રક્ષણહાર ગણે છે. ડગલે ને પગલે એમની સેવા મળતી રહે છે. જ્યારે આપણે ત્યાં પોલીસ પ્રત્યે કંઈક સૂગ જણાય છે એનાં કેટલાંક કારણો પણ છે. અકારણ હેરાનગતિ, પોતાના રોજિંદા વ્યવહારમાં ખલેલરૂપ એવા ધક્કા વધારી દે તેવો કારભાર ને લાંચરુશવતને લીધે લોકોને એ તંત્ર પ્રત્યે બહુ માન રહેતું નથી. પણ પોલીસની નોકરીમાં યોગ્ય ભણતર, ઊંચું પગારધોરણ, પોતાની કામગીરી માટે યોગ્ય તાલીમ વગેરેનો જો અમલ થાય તો આપણી પોલીસની કાર્યક્ષમતા ને વહીવટ પણ સુધરે ને તેઓ જરૂર લોકોનું માન મેળવી શકે. હાલ પોલીસની તાલીમ માટે નાસિક ને આબુમાં તાલીમ-કેન્દ્રો ચાલે પણ છે.

પુરાણા કાળમાં પોલીસની વ્યવસ્થા માન માગે તેવી હતી. 'રક્ષક' કે 'સેવક'ના વિશિષ્ટ નામથી એમને ઓળખવામાં આવતા. છતાં સમાજવ્યવસ્થામાં ધર્મ પોતે પણ એક મુખ્ય પોલીસતંત્રની ગરજ સારતો. એ ધર્મ એટલે સાંપ્રદાયિકતા નહિ, પણ સદાચાર, નીતિ, તત્ત્વજ્ઞાન, ઇશ્વર પ્રત્યેની આસ્થા વગેરે. એ ધર્મ માણસને કંઈ પણ ખોટું કાર્ય કરતાં રોકતો, ને ખોટું થઇ જાય તો એનો પશ્ચાત્તાપ ને પ્રાયશ્ચિત કરવા પ્રેરતો. આજે બદલાતાં જતાં જીવનમૂલ્યોના આ કાળમાં હવે તો માત્ર પોલીસતંત્રની કાર્યદક્ષતા વધારે તેવાં અને એ માટે પ્રજા એમાં ખૂટતો સહકાર આપે એવાં પગલાં લેવાની ને એવી સમજણ કેળવવાની જરૂર છે.

પડળ

'સુદર્શક'

પરેશ વિચારી રહ્યો હતો : વસંત! મીઠોમીઠો, નમણી મંજરીઓનાં હૈયાંની કૈં કૈં છાની ગોષ્ઠિઓનો પમરાટ પોતામાં સમાવી વાતો વાયરો...જીવનનો ઉલ્લાસ અસહ્ય બની જતાં નીકળી પડતી હોય એવી અધીરી કૅાયલની મંજુલ કૂક...એક પ્રકારના અજંપાનો સુરમો અંજાઈ જાય છે. મન કેટલી ગૂંગળામણ અનુભવે છે!

કરરર...કચ! કૂક...કૂક...કૂક...'કકૂ-ક્લૅાક'ની બટુકડી કૅાયલે નવ ટહુકાર કર્યા. પછી જાણે શરમાઇને પોતાના બૉક્સમાં લપાઇ ગઈ!

ઓહ! હજી તો નવ જ વાગ્યા છે! દિવસ કૈં લાંબો...કૈં લાંબો...

સૂર્યનાં બાલરશ્મિ ઉષ્મા વધારતાં જાય છે. બહાર રાજમાર્ગ પરનો વ્યવહાર ઊભરાઇ રહ્યો છે. કર્કશ ઘોંઘાટ સવારથી જ ચાલુ થયો છે. સાઈકલની ઘંટડીઓ, કારનાં હૉર્ન, ઘોડાગાડીના ડાબલાના અવાજ, ઠેલણગાડીના ધડધડાટ...

'ખટ!' બાથરૂમની સ્ટૉપર ખૂલવાનો અવાજ આવ્યો. માયાએ સ્નાન કરી લીધું. હજી એની ચંપલનો પરપરાટ કેમ સંભળાતો નથી? પગની આંગળીઓ લૂછતી હશે. હમણાં નાહવામાં વધારે સમય લે છે. અને એનું 'બાથરૂમ-સિંગિંગ' પણ માધુર્ય અને બુલંદી પકડતું જાય છે... અત્યારે ય કોઇ વિલંબિત તર્જ ગણગણતી આવી રહી છે.

તે ખંડમાં પ્રવેશી અને આખું ય વાતાવરણ 'પીઅર્સ' સાબુની સોડમથી મઘમઘી ઊઠયું. ઠીક...આ બાબતમાં પણ પ્રગતિ થઈ છે! 'લક્સ'માંથી 'પીઅર્સ'...

પછી શૃંગાર-મેજ પાસે વિવિધ શીશીઓ અને ડબ્બીઓ ખૂલવાનો અને બંધ થવાનો કાર્યક્રમ શરૂ થયો. રૂઝ, પાઉડર...નેઇલ પૉલિશ...આ બધી સામગ્રીની વાસ તો જાણે પરિચિત છે, પરંતુ આ વળી નવી જાતની ગંધ શાની હશે?...

પરેશેઆંખનાંપોપચાં મટમટાવ્યાં. અંધકાર...અનંત અંધકાર...

એને આટલા બધા શણગાર સજવાની શી જરૂર છે? ઑફિસ-સેક્રેટરીને બદલે જાણે પ્રિયતમને મળવા જતી અભિસારિકા!...શા માટે આનંદોલ્લાસના ફુવારા એના હૈયામાંથી સ્ફુરી રહ્યા છે?

પરેશના હોઠ સખત રીતે બિડાયા. અંતરમાં ઊમટી આવેલી કટુતા હોઠો પર આવી ગઈ. હજી તો નોકરીમાં દાખલ થયે પૂરા ત્રણ મહિના થયા છે...લ્યો, હજી શૃંગારમાં અપૂર્ણતા હતી, તે હવે 'ઑ-દ કોલોં'નો સ્પ્રે કરે છે. ફ્રૂરૂ...પરેશથી એક નિસાસો મુકાઈ ગયો.

'તને ગમી આ સુવાસ?' પરેશના નિઃશ્વાસને સુગંધ માણ્યાની ક્રિયા માની લઈ માયાએ પ્રશ્ન કર્યો. પરેશ સહેજ ચમક્યો. સ્વરને સ્વાભાવિક રાખવાનો યત્ન કરતાં કહ્યું: 'હાસ્તો, બહુ ગમી.'

પછી જરા રહીને પૂછી લીધું: 'આજે તારા શૃંગાર-મેજ ઉપર કઇ સામગ્રી વધી છે? કંઈક નવી જ વાસ આવી મને.'

'એ તો ભ્રમર રંગવાનું પ્રવાહી છે.'

સાડીનો રસળાટ...જ્યૉર્જેટ કે નાયલૉન?

માયા સમીપ આવીને પરેશના પડખામાં સોફા પર બેસી ગઈ. 'આજે શું વાચ્યું?' તેણે પૂછ્યું.

'ઓલ્ડ-મૅન ઍન્ડ ધ સી.' અન્યમનસ્કપણે ઉત્તર મળ્યો.

'એ તો કાલે પૂરું કર્યું છે ને?'

'હા, યાદ આવ્યું. બીજું કાંઈક નવું વાંચ.'

વાચન શરૂ થયું. આજે માયાને વારંવાર અચકાવું પડતું હતું. ઉચ્ચાર ગોટવાઈ જતા. વાંચવામાં એ એકાગ્ર ન હતી એ નક્કી.

'પરેશ! તું મૂંગો કેમ બેસી રહ્યો છે? કોઈ ફકરા ફરી વાંચવાનું ય કહેતો નથી. શી વાત છે? તબિયત તો સારી છે?' કહેતાં માયાએ એના હાથ પર હાથ મૂક્યો...કેટલો સુંવાળો રેશમી હાથ! સર્પના દેહમાં પણ એટલી જ સુંવાળપ હોય છે!...

'માયા!' 'હં.'

'તારા બૉસનું નામ શું?'

'મિસ્ટર કપૂર...એટલો કાઈન્ડલી સ્વીટ છે એ...' માયાએ અજબ લહેકાથી જવાબ દીધો. પરેશના હૃદયમાં ચિરાડો પડ્યો.

સમય થતાં માયા જવા માટે ઊઠી અને કહેતી ગઈ: 'તારી પ્રિય રેકર્ડો રેડિયોગ્રામ ઉપર ગોઠવી રાખી છે...અને આજે રિસેસમાં હું તને ફોન નહિ કરું.' એટલું કહી એ સડસડાટ દાદર ઊતરી ગઈ.

પરેશ સોફા ઉપર જ લેટી ગયો. એનાં જ્યોતિવિહોણાં ચક્ષુ આંસુથી છલકાઇ ગયાં.

દૃષ્ટિ ચાલી જાય છે, પણ એથી મનની, અસંખ્ય દૃશ્યો સાક્ષાત ખડાં કરવાની શક્તિ ઉપર કશી અસર નથી થતી બલ્કે એ શક્તિ વધુ તીવ્ર, ચોક્કસ અને અણીશુદ્ધ બની જાય છે.

એક વર્ષ પહેલાંની એ સોહામણી છતાં ગોઝારી સંધ્યા એના મનોપટ પર ઊપસી આવી. લાંબા સપાટ આસ્ફાલ્ટના માર્ગ પર કાર વેગથી સરકી રહી હતી. સૂર્ય ક્ષિતિજ ઉપર તોળાઇ રહ્યો હતો. સમુદ્રનાં શાંત જળમાં સુંદર અગન-લિસોટો અંકિત થઈ ગયો હતો. નાની શી વાદળીઓની કિનારી તેજદાર બરછીની ધાર જેવી ચમકતી હતી. કારને સિફતથી ચલાવતો પરેશ વારંવાર મુગ્ધ નેત્રે બાજુમાં બેઠેલી માયા તરફ નીરખી લેતો હતો. માયાનું ગોરું મોં સંધ્યાના રંગોથી અવનવું રૂપ ધારણ કરતું હતું. કેશની એકમે વિખૂટી પડી ગએલી લટ સાથે પવન અટકચાળાં કરી રહ્યો હતો.

'માયા...'પરેશે સંદિગ્ધ કંઠે ઉચ્ચાર્યું. માયાએ પૃચ્છક દૃષ્ટિ એના પ્રત્યે ફેંકી. પરેશે આગળ કહ્યું: 'માયા, એમ થાય છે કે આ રસ્તે બસ ચાલ્યાં જ જઇએ...ચાલ્યાં જ જઇએ. ક્યારે ય આ રસ્તો ખૂટે જ નહિ...' માયાએ મીઠું સ્મિત વેર્યું: 'મિસ્ટર કલ્પનાવિહારી! તમારી કારનું પેટ્રોલ ખૂટી જશે એનું શું?' અને રણઝણતી ઘંટડી જેવું હાસ્ય કારમાં પ્રસરી ગયું.

માર્ગ કપાતો ગયો, મુગ્ધતા વધતી ગઈ...અને–અને બેધ્યાન બનેલા પરેશની કાર બાજુમાંથી પસાર થતી એક લૅારી સાથે ટકરાઈ ગઈ! માયાથી એક તીણી ચીસ નીકળી ગઈ.

માયામાં ચેતન આવ્યું ત્યારે જોયું તો કાર ફરી જઇને બાજુના એક ઝાડ પાસે જામી ગઈ હતી અને પરેશ બન્ને આંખો પર હાથ મૂકી બેઠક પર અઢેલી ગયો હતો. એના ગાલ પરથી લોહી વહી રહ્યું હતું.

જરાક જ બેદરકારી, એક નજીવો જ અકસ્માત, છતાં કેટલું ભયંકર પરિણામ! કારની બારીના તૂટેલા કાચના ટુકડા પરેશની આંખોમાં પેસી ગયા હતા. પરેશનાં નયનોની જ્યોત સદા માટે હોલવાઈ ગઈ...

ભૂતકાળમાં ખોવાઈ ગએલા પરેશને ભાન આવ્યું કે રેડિયોગ્રામની છેલ્લી રેકર્ડ પણ પૂરી થઈ ગઈ છે.

આજનો આખો દિવસ તેણે બેચેનીમાં પસાર કર્યો. ખૂબસૂરત યુવાન પત્ની અને અંધ કુરૂપ પતિ...માયા ચલિત થાય એમાં શી નવાઈ? આર્થિક સ્વાતંત્ર્ય, નિર્બંધતા અને ઑફિસનું નિકટતા પેદા

કરતું વાતાવરરણ...શું નામ એના બૉસનું?...હા, મિસ્ટર કપૂર. કેટલાલહેકાથીએણે નામોચ્ચારણકર્યુંહતું! 'એટલો કાઈન્ડલી...સ્વીટ–'

પરેશનું મન વ્યાકુળ બની ગયુ. એનામાં આત્મતિરસ્કાર પ્રસરી ગયો. કેટલી નિરાધાર હાલત! પત્નીનો ઉપકાર માથે ચડાવ્યા કરી એની ઉચ્છૃંખલતા સહ્યા કરવી? પત્નીની કમાણી ઉપર આધાર રાખી આવું જીવન જીવવું?...

માયા આવી. દાદર પર એનાં ત્વરિત પગલાં ગાજ્યાં અને પરેશે દાંત પીસ્યા...કેટલી મોજમાં છે! પગ તો જાણે ઊડી રહ્યા છે! મિસ્ટર કપૂર...મિસ્ટર કપૂર......રિસેસનો સમય ક્યાં ગાળ્યો હશે? કોઈક હોટેલની–કોઇક રેસ્ટોરાંની ખાનગી રૂમ...'

જમી લીધા બાદ દરરોજ બન્ને બહાર છજામાં બેસતાં. ક્યારેક માયા પરેશની પસંદગીનું વાચન કરતી, તો ક્યારેક બન્ને કેવળ વાતો કર્યા કરતાં. આજે પણ માયાએ પરેશને ઉઠાડવા એનો હાથ સાહ્યો. પણ પરેશે ઊઠવાની કોઈ તત્પરતા દર્શાવી નહિ.

'કેમ, છજામાં નથી બેસવું?'

'અહીં શું ખોટું છે?' કહેતાં પરેશે પોતાનો હાથ છોડાવી લીધો. પછી તે વક્રતાથી બોલ્યો: 'તું કહીશ કે સંધ્યા સરસ ખીલી છે...હમણાં તારામઢી રજનીનું આગમન થશે... મારે માટે એ સૌન્દર્યનો શો અર્થ છે? હું તો કંઈ જ જોઈ શકતો નથી.'

'આજે તને થયું છે શું?' માયાનો સ્વર ધીમો પડી ગયો.

'મને શું થવાનું હતું વળી? મારા માટે તું કેટલો પરિશ્રમ વેઠે છે! હું સદા ય તારો ઋણી રહીશ.' પરેશના શબ્દોમાં વેધકતા હતી.

પરંતુ માયાએ હસીને જવાબ આપ્યો: 'તારે વધુ વખત સુધી હવે ઋણી રહેવાની જરૂર નહિ પડે.

પરેશ કંઈક ઝંખવાણો પડચો. પણ માયાના શબ્દોમાં રહેલા કોઈ નવા જ રણકારે એને પાનો ચડાવ્યો. તેણે ક્રોધથી કંપતા કંઠે સહસા માયાને પૂછ્યું: 'આજે રિસેસમાં ક્યાં ગઈ હતી?'

માયા ચકિત થઈ ગઈ હતી, એ તો એના એકદમ આસન બદલવાની ક્રિયા પરથી સમજાઈ જતું હતું.

'રિસેસમાં તો હું...' કહેતાં ખચકાઈ. બે-ત્રણ ક્ષણ મૌન છવાયું.

'કેટલાક વખતથી તું બહુ આનંદમાં રહેતી હોય એમ લાગે છે.' પરેશે ધીરેથી છતાં દઢતાથી કહ્યુ.

'ઓહ! પરેશ...' માયા પરેશને લાડથી વળગી: 'તું ય કેવો છે!'

'તારા કાઈન્ડલી...સ્વીટ...મિસ્ટર કપૂર જેવો તો નહિ જ.' તેણે હોઠ કરડતા ઉચ્ચાર્યું.

'તારા કહેવાનો અર્થ હું સમજી નહિ...'

પરેશ હસ્યો. હજી ય છળ ચાલુ રાખવું છે!

'ક્યાં હું અંધ, કદરૂપો, નિઃસહાય પતિ અને ક્યાં પેલો રૂપાળો અપટુડેઈટ, તંદુરસ્ત...'

'પ...રે...શ!' માયાનો સાદ ફાટી ગયો હતો. તેણે તરડાએલા સ્વરે કહ્યુ: 'એ તો બિચારો સાઠ વર્ષનો ઘરડોખખ્ખ છે!'

પરેશે આશ્ચર્યનો આંચકો અનુભવ્યો. કેટલી યે લાગણીઓ એના હૃદયમાં તાંડવ ખેલી રહી. થોડી વાર પછી લજ્જાસહ આનંદનો ઉમળકો માણતાં માયા બોલી: 'હું કેમ ખુશ છું એ હું તને મોઢેથી નહિ કહું. તારો હાથ લાવ. એમાં હું આંગળી વતી લખીશ.'

અને માયાએ એના હાથ પર આંગળી ફેરવતાં લખ્યું: 'તું ચાર મહિનામાં 'ડૅડી' બની જવાનો છે.'

પરેશનું હૃદય એક થડકારો ચૂકી ગયું.

'હવે હું રિસેસમાં ક્યાં ગઈ હતી તે પણ કહું.' માયાએ કહેવા માંડચું: 'તારા માટે એક સંગીતશિક્ષકની વ્યવસ્થા કરી આવી છું. તે દરરોજ તને શાસ્ત્રીય શિક્ષણ આપવા આવશે. સંગીત તને કેટલું પ્રિય છે! તારો કંઠ પણ મધુર છે. મારી મનીષા છે–અને ભગવાનને હું પ્રાર્થું છું કે તું ભારતનો વિખ્યાત ગાયક બની રહે.'

ધડકતા હૃદયે પરેશે માયાનો હાથ શોધ્યો: ઉદધિનાં તિમિર-ઘેર્યા ઊંડાણમાં ડૂબતી જતી વ્યક્તિ આધાર માટે તરફડિયાં મારે એવી એની દશા થઈ.

માયાએ સહસા પોતાનો હાથ એને ધર્યો. એ સાહતાં સાહતાં પરેશની આંખોમાંથી જાણે મોતીની સેર સરકી રહી.

તે વખતે સંધ્યા અંધકારમાં ઓગળી ગઈ હતી અને મલપતા તારલા ડોકિયાં કરતાં કોણ જાણે શું જોઈ રહ્યા હતા.

અનુસંધાન] **ટેઇમિંગ ઑવ ધ શ્રૂ** [પૃષ્ઠ ૩૮૮થી

'પૂરેપૂરો. કેટી જેવી આજ્ઞાંકિત પત્ની જગતમાં જડવી મુશ્કેલ છે.'

કૅથેરીનાને ઓળખનારા બધા હસી પડચા. કોઈ ને આ વાતમાં તથ્ય લાગ્યું નહિ. કૅથેરીના પેટ્રુશિયોને તો શું પણ દુનિયામાં કોઇને ગાંઠે એવી નહોતી. પેટ્રુશિયોએ આ બાબત પર શરત લગાવી. બિયાન્કાનો પતિ લ્યુશેન્સિયો અને એમનો બીજો મિત્ર હોર્શેન્સિયો આ શરત માટે તરત કૂદી પડચા. પેટ્રુશિયોએ શરત મૂકી: 'આપણા ત્રણેની પત્ની અંદરના કમરામાં વાતચીત કરે છે. આપણે દરેક જણ વારાફરતી પત્નીને અહીં તેડી મંગાવવા નોકરને મોકલીએ. જેની પત્ની આંજ્ઞાકિત હશે તે તરત અહીં હાજર થશે.'

લ્યુશેન્સિયો અને હોર્શેન્સિયોએ શરત વધાવી લીધી. બીજા મહેમાનો યે આ મનોરંજક કાર્યક્રમનું પરિણામ જાણવા ઉત્સુક બની રહ્યા.

લ્યુશેન્સિયોએ સ્પષ્ટતા કરી: 'જે શરત હારે તે વીસ ક્રાઉન આપે'

પેટ્રુશિયોએ વાંધો લીધો: 'વીસ નહિ, પચાસ ક્રાઉન!' બધાએ સંમતિ આપી. સૌ મહેમાનો અને બૅપ્ટિસ્ટાને પણ ખાતરી હતી કે પેટ્રુશિયો જરૂર આ શરતમાં ખુવાર થવાનો છે.'

શરત શરૂ થઈ. લ્યુશેન્સિયોએ નોકરને બોલાવીને કહ્યુ: 'જા જઇને તારી શેઠાણી બિયાન્કાને તેડી લાવ. કહેજે કે અબઘડી બોલાવે છે.'

બધા આતુરતાથી એની વાટ જોઈ રહ્યા. થોડી વારમાં નોકર પાછો આવ્યો: 'શેઠાણી કહે છે કે નવરાશ નથી, પછી આવીશું.' લ્યુશેન્સિયોની બધાએ ભારે મજાક ઉડાવી.

પછી હોર્શેન્સિયોએ નોકરને હુકમ કર્યો: 'મારી પત્નીને બોલાવી લાવ. વિનંતી કરજે કે જરૂરી કામ છે.'

નોકર ખોટા રૂપિયાની જેમ પાછો આવ્યો: 'સાહેબ, બાઇસાહેબ તમને જ ત્યાં બોલાવે છે!' હોર્શેન્સિયોનો પણ હુરિયો બોલી ગયો.

પણ બધાને સહુથી વિશેષ રસ પેટ્રુશિયોની મઝા જોવામાં હતો. કૅથેરીના શું કહેશે—શું કરશે તેની સૌ કલ્પના કરી રહ્યા હતા. પેટ્રુશિયોએ કહ્યુ: 'કૅથેરીનાને કહેજે મારી આજ્ઞા છે, તરત અહીં આવે.'

નોકર દોડતો આવે તે પહેલાં તો કૅથેરીના હાજર થઈ ગઈ: 'મને યાદ કરી? કંઈ આજ્ઞા છે?

મહેમાનો સ્તબ્ધ થઇ ગયા! આ જ કૅથેરીના? કૅથેરીનાને શો ચમત્કાર પેટ્રુશિયોએ બતાવ્યો હશે?'

પેટ્રુશિયોએ તરત આજ્ઞા કરી: 'તારી બહેનપણીઓને અબઘડી અહીં હાજર કર.' અને કૅથેરીના થોડી જ વારમાં બંનેને લઇને આવી ગઈ. પેટ્રુશિયોએ ફરી આજ્ઞા કરી: 'આ માથાફરેલ બાનુઓને પતિધર્મ વિષે વ્યાખ્યાન આપ, એમને જરા બોધ મળશે.'

અને કૅથેરીનાએ પતિ પ્રત્યે પત્નીના ધર્મ વિષે એક કલાક એવું સરસ વ્યાખ્યાન પીરસ્યું કે શ્રોતાઓ મોંમાં આંગળાં નાખી રહ્યા.

પચ્ચાસમી 'રંગગઠરિયા' છોડતા **ચન્દ્રવદન મહેતા**

ડૉન કિહોટેના દેશમાં

હા જી, DON QUIXOTEનો સ્પેનિશ ઉચ્ચાર એવો થાય

માડ્રિડમાં બે મોટા રસ્તા. પારી(સ)-લંડનના પ્રમાણમાં શહેર નાનું. અને મારા સ્વભાવ પ્રમાણે જ્યાં જાઉં ત્યાં પહેલે દિવસે જ એ શહેરની રચના, રસ્તા, બસ, મેટ્રો ને રેસ્ટોરાંની ભૂગોળ મોઢે કરી લઉં, જેથી ન ભૂલા પડાય કે ન ભૂખે મરાય. અહીં પણ કાલે ડ અલ્કાલા અને જોસે એન્ટોનિયોના બે ધોરી રસ્તા જાણી લીધા. (કાલે એટલે મહોલ્લો.) પુએર્ટા ડ સોલ, એ બરાબર શહેરની વચ્ચેનો ચૉક (સોલ એટલે સૂરજ અને પુએર્ટા એટલે દરવાજો). ત્યાંથી બધા રસ્તા જાય. એ સૂરજચૉકી ઉપર ધ્યાન રાખી ભમવાનું નક્કી કરી દીધું.

રસ્તે દર ત્રીજી દુકાને કપડાં, રૂમાલ, પંખા, કંઠી, વીંટી, એવુંએવું તો મળે, પણ એકાદ આગળપડતા કબાટ કે ટેબલ ઉપર, લાકડામાં યા પથ્થરમાં યા કાંસામાં, નાનામોટા સ્વરૂપમાં, હાથમાં ભાલો લઇ, બખ્તર સજી, કાં તો ઊભા યા રોઝિનાન્ટ ઘોડી ઉપર અસવારી કરતા ડૉન કિહોટેનાં દર્શન પણ અચૂક થવાનાં.

ચાલવાવાળો હું જબરો. પાંચપાંચ માઈલનો રસ્તો લાગલાગટ, ધીમેધીમે પણ પગ પછાડી નાખું; ભલે દોઢબે કલાક થાય. અહીં ક્યા મકનજીને જવાબ આપવાનો હતો જે? પણ એ થકી ગામની ભૂગોળ, ગામનો દિમાગ, ગામના કાયદા-વ્યવહાર, ગામનો બંદોબસ્ત, ગામની તાસીર તરત મગજમાં ઘર કરવા માંડે, અને પચરંગી પ્રજાનાં દિલદિદાર જોવા-જાણવા મળે.

એમ બંને મોટા રસ્તા ફેંદી નાખતાં તથા એમને જોડનારી આડીઅવળી રૅાન્ડા-ઍવેન્ડામાંથી નીકળતાં પરચૂરણ માલ વેચનારી દુકાનમાં પણ આપણા પરદુઃખભંજન સાહસવીર ડૉન કિહોટે તો જણાય. સુકલકડી શરીર, પ્રમાણમાં ઊંચા, કંતાએલો-દુણાએલો ચહેરો, અને પોતે ઊભા છે એ થકી ઊંચો એવો હાથમાં ભાલો! એવા ડૉન કિહોટેને અહીં કોણ નથી ઓળખતું? મોટે ભાગે એમની બાજુમાં ગંટારગચ્છ ગોળમટોળ અને ગધેડે બેઠેલા સાન્કોપાન્ઝા પણ હોય. એના સર્જક સર્વાન્ટિસે કલમ તે કેવી ચલાવી હશે કે ઘાટ ઘડનાર સુથારો યા ચીતરનાર ચિતારાઓ, કોઈએ આ બે વ્યક્તિઓનાં સ્વરૂપ ઘડવામાં ક્યાં ય ભૂલ કરી નથી. બધાં જ બીબાં ચહેરેમહોરે સરખાં!

એવો એ સર્વાન્ટિસ, સ્પેનનો સિતારો ભારે રોશનીથી ઝગમગતો ત્યારે ઈ. ૧૫૪૭માં જન્મ્યો. ઈ. ૧૪૯૨માં કોલંબસે અમેરિકા શોધીને નામના મેળવી ત્યારે સ્પેનનો ડંકો જર્મનીમાં પણ વાગતો. ઈ. ૧૫૨૨માં તો અહીંના પાંચમા ચાર્લ્સે ચાર હજાર જર્મન કેદી પકડીને સ્પેનમાં લાવી રાખેલા. ઈ. ૧૫૨૬માં સ્પૅનિયાર્ડોએ મેક્સિકો જીતેલું. ફ્રાન્સનો રાજા પણ અહીં માડ્રિડમાં જ કેદ! ઇ. ૧૫૩૪માં સ્પેનના પિઝારોએ પેરૂ જીત્યું. આવા અનેક વિક્રમોથી સ્પેનની ત્યારે બોલબાલા હતી.

માડ્રિડ પાસેના અલ્કાલા ગામમાં સર્વાન્ટિસનો જન્મ. ત્યાં જ એ કંઈક ભણ્યો. પછી ઈટલી ઊપડ્યો. ત્યાં નોકરી લીધી. કવિતાઓ લખવી શરૂ કરી. ચોવીસમે વર્ષે લશ્કરમાં જોડાઇ લેપાન્ટોની મશહૂર દરિયાઈ લડાઈમાં ભાગ લીધો. લડ્યો, લડતાં ઘવાયો અને ડાબો હાથ ખોઇ બેઠો! ત્યાર બાદ નાનાં-મોટાં સાહસો કર્યાં, પણ કમનસીબે દરિયામાં ચાંચિયાઓને હાથે ઝલાતાં, આફ્રિકામાં અલ્જીઅર્સમાં ગુલામ તરીકે વેચાયો. ત્યાં પાંચ સાલ વેતરું કર્યું. ત્યાંના સંજોગો તો ભારે કપરા હતા. ક્યાંક કંઈક ભૂલ થાય કે આ કેદી ખ્રિસ્તીઓને ત્યાંના મૂર માલિકો રોજના બે હજાર જાલિમ ફટકે નવડાવતા, અને મોટી ભૂલ થતી તો મોતનો ભેટો કરાવતા. ત્યાંથી છટકવા એણે બહુ ફાંફાં માર્યાં. પકડાય તો પોતે જ બધાને બદલે વાંક પોતાને માથે કબૂલ કરી લે. ગળામાં ફાંસો નાખવામાં આવે તો પણ બીજા એક પણ સાથીદારનું નામ ન લે...આવા કટોકટીના પ્રસંગોમાંથી પણ બચી-છટકી તે સ્પેન આવ્યો.

સ્વદેશમાં થોડો વખત સૈનિક; પછી પોર્ટુગાલ; ત્યાંની કોઇ બાઈ સાથે લફરું; પરિણામે લંગરમાં દીકરી; પણ ઘરબાર નહિ! છેક ઈ. ૧૫૮૪માં કાસ્ટીલ પરગણાની એક બાઇ સાથે લગ્ન. નાટકશાળા માટે નાટકો લખવા ઝુકાવ્યું; પણ વાતમાં કંઇ કસ ન રહ્યો, એટલે સ્પૅનિશ આર્મેડામાં કંઈ કામ માથે લીધું. તે છોડી કર ઉઘરાવવાના કામમાં પડ્યો. એમાં એકાદ-બે ભૂલો કરી, એટલે શહેરમાંથી તડીપારની સજા થઈ; અને કેદની પણ સજા, કારણ કે ચોપડે હિસાબ લખતાં એને ન આવડ્યું. આ કેદ દરમિયાન એના મગજમાં ડૉન કિહોટે પાંગર્યો; અને લખવા બેઠો ત્યારે, એની કલ્પનાની અટારીમાંથી ડૉન હદ ઓળંગી એવો તો વિસ્તર્યો કે પછી તો લેખકના હાથની વાત રહી જ નહિ. કિહોટેએ જ એની કલમને ચલાવી ને ચગાવી. પરિણામે પંદર વર્ષે પહેલો ભાગ પૂરો થયો!

ઉમર વર્ષ સાઠ ને હાથમાં આ લાંબો લચક થોથો! કયો છાપનારો એ છાપવા હાથમાં લે? લેખક એ લબાચો કોઇક છાપખાનામાં નાખી ગયો. ગમે તેમ એ છપાઈ; અને જતે કાળે એ વંચાતાં, પછી તો ગમે તે છાપનારાએ એ પોતા માટે છાપી! એમ બેત્રણ આવૃત્તિઓ પ્રગટ થતાં, ૧૬૧૦ની સાલમાં તો સ્પેન આખામાં ડૉન કિહોટેના પવનચક્કી સામે બાથ ભીડવાના કિસ્સા ઉપર સામાન્ય માણસને મોઢે પણ હાસ્યનાં મોજાં ઊછળવા લાગ્યાં. એક વાર રાજમહેલની અટારીમાંથી રાજાએ નીચે રસ્તા ઉપરથી જતા એક છોકરાને ખડખડાટ હસતો સાંભળ્યો, અને એના હાથમાં એક છાપેલો થોથો જોયો એટલે દરબારીઓ આગળ શરત બકી કે એ થોથો ડૉન કિહોટે જ છે, એ ન હોય તો અમે આટલા હારીએ! દરબારીઓમાં લોપે દ વેગા કહે છે: 'કોઈ મૂરખ હોય તે જ આવું ચોપડું વાંચીને હસે; માટે એ ડૉન કિહોટે નહિ, હરગિજ નહિ.' અને રાજા સાચો ઠર્યો.

ઈ. ૧૬૦૭માં એટલે કે એ પ્રગટ થયાને બે વર્ષ થયા બાદ છેક બ્રુસેલ્સમાં એની બેલ્જિયન આવૃત્તિ નીકળી. સ્પેનમાં તો સાત આવૃત્તિઓ થઇ. ઈ. ૧૬૧૦માં મિલાનમાં ઈટાલિયન આવૃત્તિ પ્રગટ થઈ; પછી બ્રુસેલ્સમાં ફ્રેન્ચમાં બીજી. ઇ. ૧૬૧૫માં એ ગુજર્યો તે પહેલાં નવ આવૃત્તિ થઈ ચૂકેલી; એના અવસાન બાદ દસમી પણ થઇ. પણ જીવતાં લેખક એક કોડી સરખી કમાયો નહિ. ઈ. ૧૬૧૨માં શેલ્ટને પહેલી અંગ્રેજી આવૃત્તિ કાઢી અને ૧૬૨૫ સુધીમાં તો યુરોપની ઘણીખરી ભાષાઓમાં એના તરજૂમા ઝપાટાબંધ તરવરી ઊઠ્યા. આજે ડૉન કિહોટેના અરબ્બી, તિબેટી, જાપાની, એમ સો ઉપરાંતની મહત્ત્વની ભાષાઓમાં અનુવાદ થયા છે અને લગભગ બે હજાર ઉપરાંત એની આવૃત્તિઓનો જંગ ખડકાયો છે! કંઇક એ પુસ્તક થકી કમાયા— અઢળક કમાયા, છતાં એનો લેખક મુફલિસ જ ગુજર્યો. એવો એ





'ડૉન ક્વિહોટે'નો લેખક
મિગ્યુએલ દ સર્વાન્ટિસ

સેબિલિસના ચૉકમાં કુવારાઓથી વીંટળાએલી સિંહ-રથ પર બેઠેલી સેબિલિસની મૂર્તિ

સર્વાન્ટિસ ક્યારે જન્મ્યો અને ક્યાં દટાયો, એની કશી તિથિ-તારીખ કે ઠામઠેકાણું નોંધાએલ મળતાં નથી. હજી કોઈને કશી ખબરનથી!

ઈમન્યુઅલનો ચૉક અને સેબિલિસનો ચૉક, એ બે વચ્ચેનો ભાગ અત્યંત રળિયામણો. આલીશાં મકાનોથી શણગારાએલો, અને અત્યંત પહોળા રસ્તાને લઈ મોકળો. ઘડીભર ત્યાં ઊભાં ઊભાં, અથવા વચગાળાના ખુલ્લા કાફેના 'બાંકો' ઉપર બેસી આવનજાવન જોતાં થાકીએ એમ નથી. મારે જવું આથમણી દિશાએ, અને ઊગમણી દિશા તરફ નજર કરુ છું તો પહેલી વાર અહીં માડ્રિડમાં સાડી પહેરેલી એક સુકન્યાને જોઇ. એટલે હું જરા ચકિત થયો. પારી(સ)–લંડનમાં તો ભારતીય પોષાકધારી લલનાઓની ઠઠ, પણ અહીં તો આ એક અકેલી. આરામથી ટહેલતી, હસમુખી, ટીકીટીકીને મને જોતી, મારી નજીક આવીને એ બટકબોલી દુક્તી તરત બોલી: 'કોન સી. સી. અંકલ કે?

'ઓજ્જા! મારા મનમાં કે અહીં અરબો, મૂર, રોમનો એમ કચકંઈ ધસી આત્રેલા એમ આ ઈરાનિયન લોહી પણ અહીં ફરવા આયું હોસે.'

'અરે નહિ રે, ફરવા સું આત્રે? ઑાલિવ ઑાઇલમાં ખાઇખાઇને ધરાઈ ગઈ. અને ઉપરથી વરી કેસર! ખાઓ બા તમે, હું તો અહીં આય દેસની લેંગ્વેજ સીખવા આવીચ: સ્પેનિશ. ફોરીન સર્વિસમાં સોજ્જી મજેની નોકરી મલે તો પછી અહીં યુરોપમાં જ ફરીએ.'

'અરે, પણ એમ તો તારે સ્પેનમાં પણ નોકરી કરવા આવવું પડે અને ઓલિવ ઑાઈલ પીવું પડે!'

'અરે હરવાયા રે, હું તો બા મખ્ખનના દાબરા તારી તારીને એમાં જ બધું પકાવુંચ. પન એ તો સમજ્યા; તમે અહીં સું સુફિયાની હવા ખાવા આયાચ? કે ડૉન કુવિક્ઝોતની કાની લેડી ડલસિનિયા સોધવા આયાચ? માફ કરજો, જરા ફાસ બોલાઈ ગિયું. પપ્પાના દોસ્ત સાથે મારે એમ નહિ કહેવું જોઇએ.'

કૉલેજમાં ભણતા મારા એક સારા દોસ્તની દીકરી તે આ શીરીન બેત્રણ વાર મુંબાઈમાં મળી હશે, પણ એણે મને ભલો ઓળખી કાઢચો: 'સી. સી. અંકલ! તમે પૂંઠ કરીને બી ઊભા રેઓ તો તમારી ગરદનનો કર્વેચર જોઇને અને સામને ઊભા રેંઓ તો તમારી નાક્ની ટીચકી જોઇ અમે તાંથી તમને પકરી પારું.'

ગોરી તો ખરી જ – ગુલબકાવલી જેવી. મનમાં કંઈ પણ, કોઈ પણ જાતના મેલ વિનાની, નિર્દોષ, તરતી આંખવાળી શીરીનને મેં પૂછ્યું: 'કોમો સે એન્ટ્રા એનએલ પૅલેસિયો?' તો તરત કહે: 'નો પૅલેસિયો, લા કાસા, લા ઓફિસિના ડ કોરેઓસ.'

ઓત્તારીની, આ રાજમહેલ જેવું આલીશાં મકાન તો પોસ્ટ ઑાફિસ નીકળી! એણે તમે અહીં બાંકો પર બેસો, હું પેલા પાસે સરવેઝા મોકલું છું તે પીઓ, અને હું કાગળ નાખીને આવી.

'કેમ કંઇ, સ્પેનનો પોટ્ટો શોધી કાઢચો છે કે?'

'અરેરે, એ મૂઆ બુલફાઇટરને પરણી હું ક્યાં જાઉં? પપ્પાને કાગજ લખ્યો છે.'

પણ હું શાનો બેસું? આપણે પણ રાજમહેલ જેવી લાગતી પોસ્ટ ઑાફિસમાં ગયા, અને થોડા પોસ્ટલ 'કાર્ટા' ખરીદ્યા. શીરીન કહે કે અહીં કોઈ સ્ટૅમ્પ કે કાર્ડ ખરીદવા પોસ્ટ ઑાફિસે આવવું નથી. તમે પેલા કાફેમાં બેઠા હતા તે જ તમને તે આપત. કોઈ પણ રેસ્ટોરાં યા હોટેલમાંથી તમને પોસ્ટના સ્ટૅમ્પ મળશે. મેં કહ્યું 'હિન્દુસ્તાનમાં તો પોસ્ટ ઑાફિસમાં કયૂ—'

'જો, હત્રે અહીં અહીંની વાત કરો' અને અમે કોરેઓસ ઑાફિસમાંથી પાછા સેબિલિસ ચૅાકમાં સેબિલિસનું સુન્દરપૂતળું જોતાં, સ્પૅનિશ ભાષા, લાયબ્રેરી, ડૉન ક્વિહોટે વગેરે વિષે વાતો કરતાં સરવેઝા પીતાં બેઠાં. શીરીન પૂછે કે કિવક્ઝોતનું કિહોટે કેમ કર્યું? તો મારે ખુલાસો કરત્રો પડચો કે હવે બ્રિટિશ ગયા, અને અંગ્રેજી ખંખેરી નાખવાના, એટલે આપણી સરકારે અસ્પાનિયા નામ કિહોટે જ રાખવાનું ઠરાવ્યું છે.

શીરીન મળી એટલે મને મઝા પડી. એક તો એને ભાષા સારી આત્રડે, અને અહીંની જાણકાર. મેં એને પૂછ્યું કે તું ક્યાં રહે છે? તો કહે 'પૅલેસ રૅાયલ–' હું ચમકી-ચોંકી ડોકું ઊચું કરું છું ત્યાં તો એ કહે 'ઓપેરા!' પછી ખુલાસો કરે છે કે ભોંયમાંની રેલવેનું સ્ટેશન 'ઓપેરા', અને 'રૅાયલ પૅલેસ'ની બાજુમાં, એટલે એ સરનામું શોધવું સહેલું પડે. પૅલેસ રૅાયલ એ તો ફિલિપનો જૂનો રાજમહેલ. એમાં એ રહેતી હોય તો એ શોધવી પણ મુશ્કેલ; કારણ એમાં સોળ સો-સત્તર સો ઓરડાઓ, એમાં આ પોટ્ટીને શોધવી ક્યાં?

સેબિલિસના કુવારા પાસે, એમાંના તોતિંગ સિંહો, અને સેબિલિસના રથનાં પૈડાં, અને પાછળની પૅાસ્ટ ઑાફિસ, અને ત્યાં નેકટાઈ રૂમાલ ઘડિયાળના છેડા એવું એવું જાત જાતનું વેચવા આવનારાઓની વસ્તુઓ જોતાં, કુમળો તડકો ખાતાં અમે અમારો 'પલાન' ગોઠવી દીધો. એ જ રસ્તાની એક બાજુ, સામે, જરા આઘે નૅશનલ લાયબ્રેરી. બીજી બાજુ ગામના ઍર ટર્મિનસની સામે પ્રાડો મ્યૂઝિયમ.

ટૂંકમાં સમજણ પડી ગઈ: આ આડો ડાબેથી જમણે જતો સીધો વિશાળ માર્ગ; એની ઉપર અહીં જ આણી ગોઠવીને નામે ઊભેલો અંગ્રેજી વી અક્ષર; એમાં એક પાંખડું તે રસ્તો 'એવિન્ડા જોસે ઍન્ટોનિયો.' ચારપાંચ માઈલ ચાલ્યા જઈએ તો યુનિવર્સિટી. અને બીજું પાંખડું પકડીએ તો સૂરજચોકી વટાવી પહોંચીએ 'રૉયલપૅલેસ' અને 'ઓપેરા.'

કોણ જાણે કેમ, અમે જે રસ્તે ચાલવા માંડયું, ત્યાં બેત્રણ સરસ મોટી ચોપડીઓ વેચનારાઓની દુકાનો આવી. ત્યાંથી શીરીને કેટલીક ચોપડીઓ લીધી, અને મને આધુનિક વિખ્યાત સ્પૅનિશ કલાકાર સાલ્વાડોર ડાલીએ તાજેતરમાં ડૉન કિહોટેની સચિત્ર પ્રગટ કરી છે તે બેનમૂન આવૃત્તિ પણ બતાવી. એવી તો ઢગલાબંધ આવૃત્તિઓ છે, તે આપણે પછી જોઇશું. પણ એ જ રસ્તે આગળ જતાં 'ઝરઝુએલા' થીએટર આવ્યું, એટલે શીરીને ઝરઝુએલાનો અર્થ સમજાવ્યો. નાટકના બંધમાં જાતજાતના છંદ વપરાય, એમ નાટકના ક્ષેત્રમાં ઝરઝુએલા એ એક બંધ, ઘાટ. એમાં ન પૂરો ઓપેરા, ન પૂરો નાટક; અને ચોટદાર સંવાદ તથા રંગીલું સંગીત તરવરી રહે. કાલ્ડેરને એવા બહુ 'ઝરઝુએલા' લખ્યા હતા. એ ઉપરથી નાટકશાળાનું નામ ઝરઝુએલા અપાયું. અસલમાં તો શિકાર રમી રાજા થાકીને આવે, ત્યારે 'લા ઝરઝુએલા' નામની જગ્યામાં આવાં નાટકો થતાં, એટલે એ પરથી આ નામ પડી ગયું. કાલ્ડેરને ડૉન કિહોટે ઉપર પણ નાટક લખેલું, પણ કમનસીબે એ આજે મળતું નથી; પણ એના જમાનામાં એ ભજવાતું એવી હકીકત પણ જાણવા મળી.

તે દિવસે 'બિબ્લીઓટકા નૅશનલ'નું આલીશાં મકાન જોઇ, એનાં વિશાળ પગથિયાં ગણી, ગામ ખૂંદવાનું ઠરાવ્યું. એમ કરતાં આખરે અમે 'એવિન્ડા જોસે એન્ટોનિયા'ના રસ્તાના એક ભાગ આગળ નીકળ્યા. ત્યાં તો અમેરિકામાં બંધાય અને જોવા મળે એવાં ઊંચાં મકાનો જોયાં. આવા એક મકાનમાં જ ખૂણામાં એક નાની ક્લબ. ત્યાં જઈ અમે ખાધું. ખાધું એટલે હાથે બનાવી ખાધું! આ ક્લબ જ એવી કે ત્યાં જઈ જે કંઈ ત્યાં હોય તેમાંથી ગમે તે વસ્તુ લઈ, ત્યાં જ રાંધી ખાઈ લેવાનું. જે પ્રમાણમાં ખાઓ તે પ્રમાણમાં પોતે જાતે બિલ બનાવી, એમાં પૈસા લખી, સહી કરી ચાલ્યા જવાનું. દર મહિને ઘેર બિલ આવે ત્યારે ત્યાંના વહીવટદારને પૈસા આપી આવવાના. શીરીન એની સભ્ય; અને કહેતી હતી કે કોઈ મહિને ક્લબને ખોટ આવી નથી. શાકભાજી ને ઈંડાંથી માંડી થોડી થોડી બધી જ વસ્તુઓ ત્યાં હાજર. દસબાર ચૂલાઓ તૈયાર; વાસણ તૈયાર; સભ્યોની સંખ્યા મર્યાદિત: એક સફાઈ કરનારો માણસ, અને બીજો વસ્તુઓ લાવનાર મહેતાજી, બસ. જ્યારે ગમે ત્યારે ત્યાં જાઓ, તમને ગમે તે વાનગી તમને ફાવે તે રીતે બનાવી ખાઓ, બિલ બનાવી પેટીમાં નાખતા જાઓ. એક કબાટમાં મસાલા, બે-ત્રણ ફ્રિજીડેરમાં દૂધ, માખણ, ચીઝ. સાધારણ રીતે કોઈ જ વસ્તુની ખોટ ન પડે. એ જ પ્રમાણે પીણાં પણ હાજર. મનગમતું પીણું પી, એના ભાવની યાદી જોઇ, હાથે જ બિલ બનાવી ત્યાં પેટીમાં નાખી દેવાનું. સભ્યોની સંખ્યા પર મર્યાદા. અમુક સંખ્યાથી વધે નહિ. દર મહિને આવકમાં કંઇક વધારો હોય, ઘટે તો નહિ જ. વધારો બધા સભ્યોને સરખે હિસ્સે વહેંચી આપવામાં આવે. ત્યારે વધારો થવાનું કારણ શું? એક તો સભ્ય બિલ બનાવે તે આના-પૈમાં ન બનાવે, પૂરા આંકમાં જ બનાવે. પાંચ રૂપિયા ને પચાસ નવા પૈસા થતા હોય તો છ રૂપિયા જ બનાવે. અને સભ્ય મારા જેવા મહેમાનને લઈ જાય, તો એણે એક રૂપિયો વધારે લખવાનો. એટલે મહેમાનોની સંખ્યામાંથી આવકમાં વધારો થાય.

બરાબર ખાઇને બહાર નીકળ્યાં તો એ ચૉક 'પ્લાઝા એસ્પાના'ના નામે પ્રખ્યાત. પ્રખ્યાત એટલે? શીરીન પેલા મોટા ત્રીસ-પાંત્રીસ મજલાના મકાનની સામેના વિશાળ ચોગાનમાં મને લઈ ગઈ, અને ત્યાં જઈ અત્યંત સ્વચ્છ નાનકડા જેવા દેખાતા બાગની વચ્ચોવચ્ચ



એક સુન્દર સ્મારક સ્થંભ આગળ મને ખડો કરી દીધો. કોઈ રાજસિંહાસનને શરમાવે એવા ઠાઠવાળી બેઠક ઉપર, પાછળ પીઠછત્ર ઉપર પૃથ્વીનો ગોળો લઈ અદાથી બેઠેલા સર્વાન્ટિસને જોયા અને એની બરાબર સામે, એની કલમમાંથી નીતરી આગળ ને આગળ વહ્યા જતી, ઘોડા-ગધાડા પર અસવારી કરતી પેલી અમર બેલડી—મહાશય ડૉન કિહોટે અને કારભારી સાન્કોપાન્ઝાનાં દર્શન કરતાં હું તો ઠરી જ ગયો. આનું નામ તે સ્મારક! પ્રેમાનંદ, નર્મદ, નરસિંહ મહેતા, દયારામનાં આપણે ત્યાં મુકાએલાં પૂતળાં જુઓ, એની પડથી, એની બેઠક, એની આસપાસની યોજના જુઓ, અને અહીંની આ કલ્પના સરખાવો; અને સાથે યાદ રાખતા રહો કે સ્પેન તો ગુજરાત કરતાં ગરીબ પ્રદેશ છે, લોકશાહીમાં હમણાં જ માનતો થયો છે; અને છતાં પોતાના એક મશહૂર નવલકથાકાર ને એનાં બે અમર પાત્રોને શી રીતે બિરદાવે છે!

કંડારણી સરસ, ગોઠવણી સરસ, આસપાસ હરવાફરવાની જગ્યા પણ સરસ. બાજુમાં નાનાંમોટાં રેસ્ટોરાં. ત્યાં બહાર બેસીને આ ત્રણ મહાશયોને જોતાં થાકો જ નહિ. અહીંથી જરા નીચે દક્ષિણે ઊતરો તો રાજમહેલ-રૉયલ પૅલેસ અને બાદશાહી ઓપેરા. એટલે આ કંઈ ગામનો નાનોસૂનો ચોતરો નહિ, નામ જ 'સ્પેનનો ચૉક'. ગમે ત્યાં ખૂણેખાંચરે પૂતળાને ગોઠવી દો એવું નહિ; બરાબર વચમાં, વિશાળ જગ્યામાં. ભલે સૈકા પહેલાં મુફલિસ હાલતમાં લેખક ગુજર્યા, પણ આજે, ભલે મોડામોડા પણ, અમે એની શાન કરીએ છીએ. ડૉન કિહોટે સ્પેનના છે, અને સ્પેન ડૉન કિહોટેથી પંકાયું છે. (ચાલુ)

દુનિયાના મોટા ભાગના લોકોનો ઉચ્ચ પ્રોટીનો ને કિંમતી ખનિજોથી યુક્ત આહાર

આહાર ને આરોગ્ય ૫૭

માછલી

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માંસની જેમ માછલીનું પણ પોષણમૂલ્ય તો ઊંચું છે, પણ તેના સ્વાદ ને સોડમ આકર્ષક ન હોવાથી તે માંસના જેટલી રુચિજનક નથી. માછલીના બે મુખ્ય પોષણઘટકો પ્રોટીન અને ચરબી છે. સાધારણ માંસ કરતાં એનામાં ચરબી ઓછી છે.

ચરબીના પ્રમાણ ઉપર માછલીના પુષ્ટ અને કૃશ એવા બે વિભાગો છે. કૃશ માછલીમાં નજીવા પ્રમાણમાં (આશરે એક ટકો કે ઓછી) ચરબી છે, તો દસ ટકાથી વધારે ચરબી ધરાવતી માછલી પુષ્ટ કહેવાય છે. આ બન્ને કરતાં વચલું પ્રમાણ ધરાવતી માછલીઓ પણ છે, જેમાં પ્રોટીનનું પ્રમાણ સારું પણ ચરબી તો કૃશ માછલીના જેટલી જ હોય છે.

રક્ષણદાયી ખોરાકમાં માછલીનું સ્થાન છે. વિવિધ પ્રકારની માછલીમાં ૧૨ થી ૨૫ ટકા જેટલાં ઉચ્ચ પ્રોટીનો, કીમતી ખનિજદ્રવ્યો, 'સી' સિવાયનાં બીજાં વિટામિનો થોડા પ્રમાણમાં, અને દરિયાઈ માછલીના—ખાસ કરીને કૅાડ ને હેલિબુટના—તેલમાં વિ૦ 'એ' અને 'ડી'ની સમૃદ્ધિ છે. વળી દરિયાઈ માછલીમાં આયોડિન્ પણ હોય છે.

માછલીમાં ચામડી હાડકાં વગેરે અખાદ્ય દ્રવ્યોનું પ્રમાણ ઘણું મોટું—આશરે ૭૦ ટકા જેટલું છે. તેમાં— ખાસ કરીને કૃશ પ્રકારમાં— પાણીનું પ્રમાણ ૭૫ થી ૮૫ ટકા જેટલું છે. ઋતુ અનુસાર તેનું બંધારણ રહે છે. ઈંડાં મૂકતાં પહેલાં તે પુષ્ટ અને સોડમયુક્ત હોય છે. ત્યાર બાદ તે જલીય અને ઓછી ચરબીવાળી બને છે. તે જોકે પ્રોટીનનું સારું સાધન છે; પણ માંસ અને પનીરની સરખામણીમાં ઓછું છે. તેમાં માંસ કરતાં જિલેટિન વધારે છે જે રાંધતી વખતે ઉકાળવામાં મોટા ભાગનું નાશ પામે છે. માંસની સરખામણીમાં માછલીમાં અર્ક કે રસ અને સોડમ ઓછાં છે. આથી તેનો આહાર આકરો થઈ પડવા સંભવ છે. માછલી ફૉસ્ફરસનું શ્રેષ્ઠ સાધન છે પણ કૅલ્શ્યમ ઓછું ધરાવે છે.

માછલીના આહારનો પરિપાક ઍસિડ-ગુણધર્મી છે. માંસ જેટલું કે તેથી વધારે માછલીના પ્રોટીનમાંથી યૂરિક ઍસિડ બનતું હોવાનું હચિન્સન લખે છે. આથી લોહીની અલ્કલીયતા જાળવવા માછલીના આહાર સાથે ફળો અને શાકભાજી ખાવાં જરૂરી છે.

આહાર તરીકે માછલીની આટલી ન્યૂનતાઓ હોવા છતાં જલકાંઠા પાસે રહેનારી પ્રજા માટે માંસની સરખામણીમાં માછલી એ આહારનો કિંમતી ઉમેરો છે. તે ઊંચા પ્રોટીનનું સાધન હોવા ઉપરાંત (હચિન્સનના મતે) નિકોટિનિક ઍસિડનું એ શ્રેષ્ઠ સાધન છે. વળી પુષ્ટ માછલીમાંથી વિ૦ 'એ' અને વિ૦ 'ડી' પણ મળી રહે છે. 'હેરિંગ' અને 'હેરિંગ રૉ' માછલી પ્રાણિજ પ્રોટીનનું સસ્તામાં સસ્તું સાધન છે.

મહર્ષિ સુશ્રુત નદીઓની અને સમુદ્રની માછલીઓ એમ બે પ્રકાર નોંધે છે. વધારામાં તે લખે છે: 'મોટાં જળાશયના મત્સ્યો બળ આપનારા છે, નાનાં જળાશયોના નહિ. સમુદ્રના મત્સ્યો માંસભક્ષક હોવાથી વિશેષ બળ આપનારા છે.' (સુત્રસ્થાન ૪૬ : ૪૬ થી ૪૮)

તાજી માછલી કડક, અક્કડ અને સ્પર્શમાં સ્થિતિસ્થાપક હોય છે. હાથ વતી પકડતાં તેની પૂંછડી નમી પડતી નથી. ડૉ. ઘોષ લખે છે: 'તાજી માછલી પોચી કે ગદગદી નથી હોતી. તેની આંખો નિસ્તેજ કે ઊંડી ઊતરી ગએલી નહિ પણ ચોખ્ખી અને ચળકતી હોય છે. એમાં કોહવાટ શરૂ થતાં શરીર ઢીલું-પોચું બને છે'.

વિદેશોમાં સારી જાતની માછલી તાજી રાખવાની સુવિધા છે. વહાણમાં સંઘરેલી માછલી છ દિવસમાં વાસી બને છે, તો બરફમાં સંઘરેલી બાર દિવસમાં. પણ ૪ અંશ ઉષ્ણતામાને ઠારેલા બ્રાઈનમાં ઠારેલી અને એટલા ઉષ્ણતામાને રાખેલી માછલી છ મહિના પછી પણ સારી હોય છે. કૃશ માછલીને ૨૨ અંશ ફેરનહાઈટ ઉષ્મામાને ઠારવાથી આઠ મહિના પછી પણ તાજી રહે છે. માછલીની સુકવણી (ડિહાઇડ્રેટેડ) નાઇટ્રોજનયુક્ત ડબ્બામાં સંઘરવાથી વર્ષ પર્યંત સારી રહે છે.

પુષ્ટ કરતાં કૃશ માછલી પચનીય હોવાનું કહેવાય છે. ચાવવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. ટૂંકી માંસપેશીઓના તાંતણા હોવાથી રાંધવામાં સહેલાઈથી ટુકડા બને છે. આ કારણે નાનાં ને બહુ ઘરડાં માણસો માટે, અજીર્ણની પીડા અને સમારોગ્યતા વખતે તે પથ્યાહાર હોવાનું હચિન્સન લખે છે. ડૉ. ઘોષ કહે છે: 'માંદલાઓને ભારે પ્રાણિજ ખોરાક સારી રીતે પચતા ન હોવાથી ઘણી જલ્દીથી પચતી માછલી વધુ માફક આવે છે'. પુષ્ટ માછલી પચવામાં ભારે છે. તેનું તેલ ખોરું થવાથી હોજરીમાં દાહ પેદા કરે છે. તાજી કરતાં મીઠામાં રાખેલી અને નાની કરતાં મોટી માછલી ઓછી પચનીય છે. ચિટેન્ડન અને કુમિન્સના કથન મુજબ ગોમાંસ કરતાં માછલીની પચનીયતા ઓછી છે.

મહર્ષિ ચરક માછલીઓના સામાન્ય ગુણ આ પ્રમાણે વર્ણવે છે: 'ભારે, ગરમ, મધુર, બલકારક, બૃંહણ (શરીર વધારનારી), વાયુનાશક, સ્નિગ્ધ, વૃષ્ય (વાજીકર) અને અત્યંત દોષકર છે. કફ અને પિત્તને ઘણાં વધારે છે'. (સુત્રસ્થાન ૨૭ : ૭૮)

આયુર્વેદમાં વિરુદ્ધ આહારના નિષેધો ગણાવ્યા છે. માછલી અને દૂધ એ વિરુદ્ધ આહાર હોવાનું વાગ્ભટ્ટ (સૂત્રસ્થાન ૭:૩૦) કહે છે. વિરુદ્ધ આહારથી તેજ, બળ, સ્મૃતિ, બુદ્ધિ, મન ને શરીરની શક્તિ નાશ પામે છે; પેટમાં ગોળો, મેદ, ગડ, તાવ વગેરે થવાનું તે કહે છે.

ડૉ. ઘોષ કહે છે કે તૈલી માછલીઓ ઉકાળીને ખાવાથી ગુણકારી બને છે. આપણા દેશમાં માછલી તળીને ખવાય છે. માછલી રાંધવા ઍલ્યુમિનિયમ અને લોખંડનાં વાસણ ઓછાં નુકસાનકારક છે, કારણ ખાદ્ય ઉપર વપરાએલા રસ કે લીંબુના રસથી તાંબાના વાસણમાં પેદા થતો ક્ષાર હોજરી-આંતરડાંમાં દાહ પેદા કરે છે. ઍલ્યુમિનિયમના વાસણમાં પેદા થતી ફટકડી માત્ર ગ્રાહ્ય હોઈ બિનનુકસાનકારક છે.

માંસની જેમ જ તાજી માછલીનું આંતરડાંમાં શોષણ થાય છે. માછલીના ૯૫ ટકા ઘન દ્રવ્યો; ૯૭ ટકા પ્રોટીન અને ૯૦ ટકા ચરબી લોહીમાં ભળે છે. બધા ખોરાકોમાં પૂરા પ્રમાણમાં શોષાતા ખોરાક તરીકે માછલીની ગણના છે. મીઠામાં રાખેલી અને સૂકી માછલી આવી સારી રીતે આંતરડાંમાં શોષાતી નથી.

ચરબીના પ્રમાણ અનુસાર માછલીના આહારમાંથી ગરમી અને શક્તિ મળે છે. આ બાબતમાં પુષ્ટ માછલી માંસની બરાબર ઊતરે છે. ચરબીનું ઓછું પ્રમાણ અને વધારે પાણી હોવાથી કૃશ માછલીનું પોષણમૂલ્ય ઘણું ઓછું છે. પણ ચરબીમાં રાંધવાથી પોષણમૂલ્ય વધે છે. એક ઔંસ તળેલી માછલીમાંથી ૬૧ ઉષ્ણાંક ગરમી મળે છે તો બાફેલી માછલીમાંથી ૩૨ ઉષ્ણાંક. વળી કૃશ માછલીમાં પ્રોટીન ઓછું હોવાથી શરીર બાંધનાર તરીકે પણ તે માંસ કરતાં ઊતરતી છે. તેમાં ઓછો રસ હોવાથી ખાવામાં રુચિકર નથી. બેઠાડુ જીવન ગાળનારા માટે તેમજ ગરમ ઋતુમાં માંસના કરતાં માછલી લાભદાયી છે.

આહારમાં માછલીની વિશિષ્ટતા દર્શાવતી બે માન્યતાઓ પ્રચલિત છે. એક તો તેમાં વધારે ફૉસ્ફરસ હોવાથી તે મગજ માટે કીમતી

ખોરાક મનાય છે. પણ ઘણા તજજ્ઞો આ નિવેદન અંગે સાશંક હોવાનું ડૉ. ઘોષ લખે છે. વળી માછલીમાં કામોત્તેજક ગુણ હોવાની બીજી માન્યતા પણ વાહિયાત છે. દરિયાકાંઠે વસનારી પ્રજા કંઈ વિશેષ પ્રજનન-શક્તિ ધરાવતી નથી એવું હચિન્સનનું કથન છે.

માછલીની જેમ કરચલા, ઝીંગા, ઑઈસ્ટર વગેરે લોકપ્રિય આહારીય ચીજો છે. એમનું પોષણમૂલ્ય જો કે ઊંચું છે, પણ તે પચવામાં ભારે છે. તેમના આહારથી કેટલાકને ઊબકા, ઊલટી, ઝાડા, ચક્કર, શીળવા, હોજરીમાં દાહ વગેરે થાય છે. ગટરના પાણીથી દૂષિત જળની ઑઈસ્ટર ખાવાથી કૉલેરા કે ટાઇફૉઈડનો ચેપ લાગે છે.

માછલીમાં ઘણા જીવો (અં૦ પૅરૅસાઈટ્સ) વસે છે પણ એમાંથી ડ્રાયિફિલોબૉથ્રિયમ લાટસ એકલું જ માણસને નુકસાનકારક નીવડે છે. સૂકી માછલી મોટા ભાગે સડાની સ્થિતિમાં હોવાથી ખોરાક તરીકે ઘણીવાર રોગજનક નીવડે છે.

માછલી જાળવવા માટે સૂકવવાની, મીઠું ભરવાની, મીઠાના પાણીમાં રાખવાની, ધુમાવવાની વગેરે ક્રિયાઓ થાય છે. આ રીતે રાખેલી માછલી અજીર્ણથી પીડાતા અને માંદલા માટે અપથ્ય નીવડે છે. માંસની જેમ ડબામાં સંઘરેલી (અં૦ કૅન્ડ) માછલી પણ મળે છે. ખરીદતી વખતે આવા ડબા નવા, ચોખ્ખા, ખાંડા ન થએલા અને તેમાંથી પાણી ઝમતું ન હોય તે જોવાની ડૉ. ઘોષની સલાહ છે. જો તેમાં સડો લાગુ પડયો હોય તો વાયુઓના કારણે ડબાની બે બાજુઓ ઊપસી આવે છે. પ્રપંચી વેપારી ડબામાં કાણું પાડી આ વાયુઓ નીકળી જવા દઇ પછી રેણ કરાવે છે. ડબાની બન્ને બાજુએ કરાવેલાં રેણ આ બાબતની ચાડી ખાય છે. ડબ્બો ખોલતાં જો અંદરનું પ્રવાહી ઊછળીને બહાર આવે તો સડો શરૂ થયાનું માનવું. એથી ઊલટું જો બહારની હવા અવાજ સહિત અંદર શોષાય તો અંદરનું ખાદ્ય ખાવા લાયક માનવું. ડબ્બો ઉઘાડયા પછી બધું ખાદ્ય એકીવેળાએ જ ખાઈ લેવું.


માછલી કીમતી છે. દરિયા નદી કે સરોવરકાંઠે રહેનારી પ્રજાનું તે માનીતું ખાદ્ય છે. માળવા-પંજાબમાં ઘઉંની જેમ બંગાળ-બિહારમાં ચાવલ-માછલીનો મુખ્ય ખોરાક છે. બંગાળીઓની અતીવ માછલીપ્રિયતા સ્વામી આનંદ આ પ્રમાણે વર્ણવે છે: બંગાળનો માણસ વીતરાગ સંન્યાસી થાય પણ તીરથને સ્થળે પવિત્ર કુંડની મસ્ત માછલીઓ જુએ ત્યાં પણ ઘડીપળ એની દાઢ સળકયા વગર ભાગ્યે રહે. બંગાળી ભદ્રાળાં વિધવાને માછલી વર્જ્ય તેટલી જ તે સધવાને સારુ ફરજિયાત! બંગાળી કુટુમ્બ બદ્રીકેદારની જાત્રાએ નીકળ્યું હોય, ને કોઈ પડાવ–મુકામે કુટુમ્બના મુખી માણસને એકાદ પણ માછલી મેળવવા સારુ ધાંધા પ્રયાસ કરતા જુઓ તો નક્કી સમજવું કે આજે એકાદશી છે! સધવાની એકાદશી 'માછ' વગર વીતે તો એમનામાં બહુ અશુભ ગણાય. (સંસ્કૃતિ: સપ્ટે'૬૦).

આપણા આહારમાં પ્રાણિજ પ્રોટીનોની ઊણપનો મોટો દોષ છે. સમુદ્ર નદીઓ ને વિશાળ તળાવો નજીક વસતી માંસાહારી પ્રજાને મત્સ્યાહારથી પ્રોટીનપુષ્ટ પોષણદાયી આહાર મળી રહે એમ છે. વળી આજના વસતિવધારાના પ્રમાણમાં અનાજઉત્પાદનની ખોટને પહોંચી વળવા મત્સ્યાહાર પૂરક ખોરાક નીવડે એમ છે. પણ શાસ્ત્રીય પદ્ધતિથી મત્સ્યોદ્યોગ ખીલવવામાં આવે તો જ કાંઠાળ પ્રજાને આ લાભ મળી શકે એમ છે. ગુજરાત રાજ્ય આ દિશામાં ઠીક પ્રયત્નો કરે છે. વિદેશોમાં મત્સ્યોદ્યોગ ખીલ્યો છે, ત્યાં કોઈ પણ ખોરાકમાં ભેળવી શકાય એવો, સ્વાદવિહીન ને પુષ્કળ પ્રોટીનયુક્ત માછલીનો લોટ વીસ વર્ષોના પ્રયત્નો પછી હમણાં તૈયાર થયો છે. એનું એવું શુદ્ધિકરણ કરવામાં આવ્યું છે કે તેમાં પ્રોટીનનું પ્રમાણ જળવાય છે.


● ગુજરાતની કેટલીક ખાદ્ય માછલીઓ ●



બૂમલા (Bombay duck). સૌરાષ્ટ્રના જાફરાબાદ, માધવાડ, નવાબંદર, રાજપરા, સીમર વગેરે સ્થળે ઑક્ટોબરથી જાન્યુઆરી માસ દરમિયાન બહુ વિપુલ પ્રમાણમાં આ માછલી મળે છે. એ સમય દરમિયાન દૂર દૂરનાં મત્સ્ય-વ્યાપારીઓનાં વહાણો એને પકડવા આ બંદરો પર આવી લાંગરે છે. તડકામાં સૂકવીને આ માછલી વેચાય છે. ગુજરાત-મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં એનો વપરાશ છે.




દારા (Thread Fin). કચ્છ, જામનગર અને દક્ષિણ ગુજરાતના સાગરકાંઠે મળતી આ માછલી તાજી તેમજ સૂકવીને ખવાય છે.




હલવા કે અડદિયો (Black pomfret). શિયાળામાં માધવાડથી પોરબંદરના કિનારા પાસે સારા પ્રમાણમાં મળતી આ માછલી પણ ખાવામાં સ્વાદિષ્ટ ગણાય છે. બરફમાં સાચવીને એને મુંબઇ-દિલ્હી સુધી પહોંચાડાય છે. પૈસાદાર શોખીનોમાં પ્રિય છે.




નગરી (Mrigal). ઉત્તર હિંદુસ્તાની અને બંગાળીઓને ભાવતી આ માછલી મહી તથા તાપી નદીમાં સારી પેઠે થાય છે.




પલ્લા (Giant herring). મીઠા અને ખારા પાણીમાં ને ખાસ કરીને નદી ને દરિયાના સંગમસ્થાને મળતી આ મચ્છી સિંધીઓમાં ઘણી પ્રિય છે. એમાં પુષ્કળ કાંટા હોવાથી બિનઅનુભવીઓ માટે આ માછલી ખાવી ક્યારેક જોખમભરી બની રહે છે.




પથુ (Whit pomfret). વેરાવળ, માધવાડ ને પોરબંદરના કિનારે મોટા પ્રમાણમાં મળતી આ માછલી ખાવામાં સ્વાદિષ્ટ ગણાય છે. એનામાં હાડકાં ઓછાં હોવાથી પણ એની પસંદગી વધુ થાય છે. આની એક બીજી જાત **વિછુડા** (Silver pomfret) પણ એવી જ સ્વાદિષ્ટ ગણાય છે. ૧૯૫૫માં રશિયાના વડા પ્રધાન ખ્રુશ્ચોફ ભારત આવ્યા ત્યારે ખાવામાં એમને પીરસવા માટે ખાસ આ માછલીઓ પસંદ કરવામાં આવી હતી. ગુજરાત બહાર એની સારી નિકાસ થાય છે.




બાવસ (Calla). મહી અને તાપી જેવી નદીઓના મીઠા પાણીની આ જાતની માછલીનો વપરાશ ઉત્તર ભારત તથા બંગાળ તરફ વધારે છે.




બોયી (Mullet). બૂમલા જેટલી જ વ્યાપક આ માછલી કચ્છના અખાતમાં પણ મળે છે. આને પણ સૂકવીને ઉપયોગમાં લેવાય છે.




મગરા (Dog fish). માધવાડથી માંડવીના દરિયાકાંઠે સારા પ્રમાણમાં મળતી આ માછલી સૂકવીને મીઠું ભરી સાચવી રખાય છે. નીચલા થરના ને ગરીબ લોકોમાં એનો વધુ વપરાશ છે.




ચાકસી (Indian shad). નદી-સાગરના સંગમ પર વધુ પ્રમાણમાં મળતી આ માછલી ઉત્તર ભારતના ને બંગાળના લોકોમાં વધુ વપરાય છે.




મરેલ (Snake-headed fish). મીઠા પાણીની આ માછલી નદી-સરોવરની નાની માછલીઓની મોટી દુશ્મન હોઈ પાણીમાં થતી જીવાત વગેરે અટકાવવા માટે પણ એને પોષવામાં આવે છે.




રોહુ (Rohu). નદી સરોવરના મીઠા જળની માછલી. નળસરોવર અને પ્રાંતિજમાં સારા પ્રમાણમાં મળે છે.




ગોલ (Jew fish). દારા જેટલી જ વ્યાપક ને એની પેઠે જ વપરાતી માછલી.



ખાગા (Cat fish). બિલાડીના જેવા મોંવાળી આ મચ્છી સૌરાષ્ટ્ર-ગુજરાતના સમગ્ર કાંઠા પર મળે છે ને નીચલા થરના લોકો તાજી તેમજ સૂકવીને ખાય છે.



બેગાડો (Calbasu). મીઠા પાણીની માછલી. આદિવાસીઓમાં એનો વપરાશ વધારે થાય છે.



સગ (Leather jacket). ગુજરાતના લગભગ આખા સાગરકિનારા પર થતી આ માછલી તાજી તેમજ સૂકવીને ખવાય છે.

ગુજરાતમાં પુષ્ટ માછલી મળતી નથી, પણ તે ૨ થી ૭ ટકા ચરબી ધરાવતી હોવાથી અર્ધપુષ્ટ કહી શકાય. ધામિલ, ડાંગરી, બેકરી આ ગુજરાતની કૃશ માછલીનાં સ્થાનિક નામ છે. દારા, પૉમ્ફ્રેટ હલવા, સુરમાઇ, બાંગડા, ચાકસી, પલ્લા વગેરે અર્ધપુષ્ટ માછલીઓ છે. હાલાર કાંઠે મળતી ઑઈસ્ટરમાં બે જાત મુખ્ય છે. સાચા મોતીની છીપો અને કંસારા મોતીની છીપો બંને ખાદ્ય છે ને તેમાં તાંબુ, કૅલ્શ્યમ અને મૅગ્નેશિયમનાં ખનિજ દ્રવ્યો છે.


(ગુજરાત રાજ્ય મત્સ્યોદ્યોગ ખાતાના અધિકારીઓ શ્રી ગિરીશ વસાવડા ને શ્રી ઉપેન્દ્ર વાડેકર પાસેથી મેળવેલી માહિતીના આધારે સાભાર.)

સાહસકાર્ય અંગે શ્રી પુરાણીજી પારિતોષિક

ગુજરાતની પ્રજા જીવસટોસટનાં સાહસકાર્યો પ્રત્યે અભિમુખ બને તથા યુવક જનતા સાહસિક પરાક્રમો કરવા પ્રેરાય એ હેતુથી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે છેલ્લાં ત્રણ વર્ષથી હાથ ધરેલી 'શ્રી પુરાણીજી પારિતોષિક યોજના' અનુસાર (૧) કુદરતી આપત્તિ – જેવી કે દુષ્કાળ, જલપ્રલય, આગ, રોગચાળો વગેરે સામે જીવસટોસટની કામગીરી માટે (૨) ચોર, લૂટારા, ધાડ કે હિંસક હુમલા સામે વીરતાભરી કામગીરી માટે (૩) પગપાળા, સાઈકલ પર કે પર્વતારોહણ-ક્ષેત્રે સાહસિક પ્રવાસ માટે; (૪) નૌચાલન કે ઉડ્ડયન-ક્ષેત્રે સાહસિક કામગીરી માટે (૫) રમત કે ખેલકૂદ-ક્ષેત્રે ગુજરાતને ગૌરવપ્રદ સિદ્ધિ માટે, એમ વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ સાહસ કરનાર યુવક-યુવતીઓને દર વર્ષે 'શ્રી પુરાણીજી પારિતોષિક' તથા 'સાહસવીર'નું પ્રમાણપત્ર અને ચન્દ્રક આપી સમ્માનવામાં આવે છે. ઉપર્યુક્ત ક્ષેત્રે ૧૯૬૩-૬૪ દરમ્યાન કોઇએ સાહસિક કાર્ય કર્યું હોય તો તે અંગેની માહિતી વહેલામાં વહેલી તકે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપલા (જિ. ભરૂચ) એ સરનામે મોકલવી.

અંબાલાલ પટેલ.
ક્યુરેટર • પુરાતત્ત્વવિભાગ • મ. સ. યુનિવર્સિટી

વાસણોનો વિકાસ




જગતની પ્રાચીનતમ પ્રજાઓ પૈકી મિસ્ર-માં માટીના પિંડમાં-થી માનવી બુદ્ધિ-પૂર્વક હાથથી વાસ-ણો ઘડતો થયો.

આજ સુધીમાં પ્રાપ્ત થએલા પુરાવાઓ પરથી લાગે છે કે પ્રાચીન યુગનો માનવી શિકારી અને ભટકતું જીવન ગાળતો હતો. આગળ જતાં એ પશુઓ પાળવાનું શીખ્યો. ખેતીવાડીનું જ્ઞાન મળ્યા પછી તેનું જીવન સ્થાયી થયું. પછી પાણી, અનાજ વગેરે રોજિંદા ઉપયોગની વસ્તુઓને સાચવવા સૂકાં પાન, તુંબડાં જેવાં ફળોનાં કોચલાં, છીપો, ચામડાં વગેરે તેણે અજમાવી જોયાં, પણ હજી વધુ કાર્યક્ષમ સાધનોની જરૂર લાગી. આખરે પોતાની બુદ્ધિ અને હસ્તકૌશલથી માટીના પિંડમાંથી વાસણો સર્જવાની કલ્પના તેણે દોડાવી. આમ કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરવાને બદલે માટીનાં વાસણો બનાવવાની શરૂઆત કરીને માનવીએ ભૌતિક સંસ્કૃતિનું એક અગત્યનું સોપાન શરૂ કર્યું. આજનાં માટીનાં અને પછી ધાતુનાં વાસણોની ઉત્પત્તિનો આ રીતે આરંભ થયો હશે.

કુંભકળાની એ શરૂઆત સૌથી પ્રથમ ક્યાં અને ક્યારે થઈ એ હજી નિશ્ચિત થયું નથી. આદિ માનવીએ કદાચ કાદવમાં પડેલી ઢોરની ખરીઓ કે સુકાઈ ગએલા ખાડાઓ જંગલમાં જોયા હશે અને એમાંથી માટીનાં વાસણો બનાવવાનો વિચાર ઉદ્ભવ્યો હશે.

ચાકડાની શોધ પહેલાં તો માનવીએ બુદ્ધિપૂર્વક હાથથી વાસણો ઘડયાં. કેટલીક જગ્યાએ વાંસની ટોપલી પર થાપીને પણ ઘડા, ટોપલા વગેરે બનાવ્યાં. તદુપરાંત માટીનાં દોરડાં જેવા પિંડ બનાવીને વાસણો



બનાવ્યાં. (જુઓ ઉપરનું ચિત્ર) આજે પણ આફ્રિકા, ઈટલી ને અમેરિકાના આદિવાસીઓ આ જ રીતે પિંડમાંથી વાસણો બનાવે છે.

પુરાણા ટીંબાઓનાં ખોદકામમાંથી મળેલા અવશેષો જોતાં માટીનાં વાસણો બનાવવાની શરૂઆત નૂતન પાષાણયુગ (neolithic age)માં થઈ. આમ, સૌથી પહેલાં કુંભકળાનો જન્મ મધ્યપૂર્વના દેશોમાં પૅલેસ્ટાઈનમાં આવેલી જૉર્ડન નદીની ખીણમાં જેરીકો-(Jericho)માં થયો હશે એમ મનાય છે. હાથથી બનાવેલાં માટીનાં વાસણોના ભારતમાં સૌથી જૂના અવશેષો ઉત્તર ગુજરાતમાં લાંઘણજ, દક્ષિણ ભારતમાં નાગાર્જુનકોંડ અને પશ્ચિમ બંગાળમાં બીરભાનપુરમાંથી મળ્યા છે. પરંતુ ચાકડા પર સૌથી જૂનાં અને સુંદર ચીતરેલાં વાસણો સિંધુ નદીની સંસ્કૃતિના મોહેં-જો-ડેરો અને હડપ્પામાંથી પ્રાપ્ત થયાં છે. આ જ પ્રકારનાં અને એટલાં જ જૂનાં કલાત્મક વાસણો ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના લોથલ ગામના ખોદકામમાંથી મળ્યાં છે. અને ત્યાર પછીના સમયનાં વાસણો રંગપુર, રોઝડી પ્રભાસપાટણ, આમરા અને લાખાબાવળમાંથી મળ્યાં છે. ઐતિહાસિક યુગનાં મૌર્ય, સાતવાહન, ક્ષત્રપ અને મુસ્લિમ સમયનાં વાસણો પણ ગુજરાતનાં જુદાંજુદાં ખોદકામમાંથી પ્રાપ્ત થયાં છે. આવી રીતે ગુજરાતમાં કુંભકલાની પ્રારંભ-અવસ્થાથી સાંગોપાંગ કડીબંધ ઇતિહાસ આપણે પુરાતત્ત્વના સંશોધનથી મેળવી શક્યા છીએ.

આપણા પ્રાચીન વૈદિક સાહિત્યમાં હિરણ્ય, રજીતા અને અયસ ધાતુઓનો ઉપયોગ અલાબુ, સ્થાલી, કલશ, કોસ, ઉખ, કુંભ, પાચાન, કુલડા, પિશિત વગેરે વાસણો બનાવવામાં થતો હોવાનો ઉલ્લેખ છે. રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં પણ નાનાવિધ વાસણોના ઉલ્લેખો આવે છે. ચીનના પ્રાચીન સાહિત્યમાં પણ પાણી ભરવાનાં અને રસોઈનાં વાસણોનાં નામના નિર્દેશ છે. આ બધાંમાં તુંબડા વિષે અનેક ઉલ્લેખો છે. પરંતુ ભૂગર્ભમાં એનો રાસાયણિક ક્રિયાઓને લીધે નાશ થઈ જતો હોવાથી ઉત્ખનનમાંથી તેના અવશેષો મળતા નથી. સંગ્રહ કરવાની જૂની પ્રણાલિકા તો આજે પણ પ્રચલિત છે. ગામડાંઓમાં પખાલો દ્વારા પાણી વહી જવામાં આવે છે. ગોધરા, દાહોદ વગેરે સ્થળોએ તેલી લોકો ચામડાંના કુપ્પા વાપરે છે. જૈન સાધુઓ લાકડાનાં વાસણો અને હિંદુ સાધુઓ તુંબડાં વાપરે છે. ગામડાંઓમાં પથ્થરની કુંડીમાં કૂતરાંને ખાવા નાખે છે. આ પદ્ધતિઓએ પ્રાચીન પ્રણાલિકાઓને આજ સુધી જાળવી રાખી છે.

સૌથી પહેલાં આદિ માનવીએ જે ફળો જંગલમાં જોયાં તેવા ઘાટનાં માટીનાં વાસણો ઉતાર્યાં; પરંતુ ચાકડાની શોધ થયા પછી માટીનાં વાસણોના ઘાટ ઘડવાનું બહુ સહેલું અને જલદી થયું. ચાકડો એ યંત્ર તરીકે કદાચ માનવીની બહુ આરંભની શોધ હશે. જેમ બ્રહ્માએ સૃષ્ટિ સર્જી તેમ પ્રજાપતિએ ચાકડા પર ચડાવેલા માટીના લોંદામાંથી અનેક જાતનાં કલાત્મક અને ઉપયોગી વાસણો ઘડ્યાં.

ઇજિપ્તમાં એવી એક દંતકથા છે કે ભગવાન 'નૂમે' (Num) માણસને ચાકડા પર ઘડયો. અને એના પરથી કુંભકાર ઘડો બનાવતાં શીખ્યો. આવા પ્રકારની દંતકથાઓ ચીન અને જાપાનમાં પણ પ્રચલિત છે. આમ એ સાદા ચાકડા પર રાંધવા માટે હાંલ્લીઓ, ખાવા અને પીવા માટે શકોરાં, કબીરા (Dishes & Bowls), અનાજ ભરવા માટે કોઠીઓ, દહીં-દૂધ રાખવા માટે ગોરસાં, પાણી ભરવા માટે ગોળીઓ, છાપરાં છાવવા માટે નળિયાં વગેરે રોજિંદા વપરાશની અનેક સુંદર ઘાટવાળી વસ્તુઓ બનાવતો ગયો. વળી, ઘર બનાવવા ઈંટો અને ગ્રામદેવતાને અર્પણ કરવા માનતાના ઘોડા તથા છોકરાંઓ માટે રમવાનાં રમકડાં પણ બનાવ્યાં.

માટીનાં વાસણો પકવવાની રીતથી પુરાતન માનવી અજાણ હતો. ચકમકના પથ્થર વડે ઉત્પન્ન થતા અગ્નિની શોધ થયા પછી એણે કદાચ ખાડાની ધારો, પગની ખરીઓ વગેરે ધૂણીથી બળેલી જોઈ હશે. એમાંથી માટીનાં વાસણો અગ્નિથી પકવવાનો ખયાલ ઉદ્ભવ્યો હશે. એમ સાદા નીંભાડામાંથી આજની ભઠ્ઠીઓમાં રૂપાંતર થયું.

ઘણા લાંબા ગાળા પછી માનવી તામ્ર-પાષાણયુગમાં (Chalcolithic age)માં પ્રવેશ્યો. આ યુગમાં તાંબાની શોધ થઈ અને એમાંથી હથિયારો—કુહાડી, ફરસી – તેમજ વાસણો પણ બનાવાતાં થયાં.

હડપ્પા અને મોહેં-જો-ડેરોના લોકો તાંબાનાં વાસણો વાપરતા હતા. હિરોડોટસ ઈ. પૂર્વે ૫૦૦માં હિંદી સૈનિકોનાં શસ્ત્રોનું વર્ણન કરે છે તેમાં લોખંડનાં ભાલોડાંનો ઉલ્લેખ છે. લોઢાની માહિતી તે પછી પ્રાચીન વૈદિક સાહિત્યમાં પણ મળે છે, ઈસુની સદીઓમાં તો લોખંડનો બહોળો ઉપયોગ થવા લાગ્યો હતો. દિલ્હીનો લોહસ્તંભ મધ્યપ્રદેશમાં ધારનો સ્થંભ, વગેરે એના દૃષ્ટાંત છે. આ પૈકી વૈદિક સાહિત્યમાં વર્ણવેલા અવશેષો પ્રાપ્ય નથી, તેથી એ પરત્વે વિશેષ સંશોધનની જરૂર છે.

હજારો વર્ષો પછી મનુષ્ય તાંબા અને લોઢા ઉપરાંત, પિત્તળ, કલાઇ, જર્મન-સિલ્વર, ઍલ્યુમિનિયમ વગેરે ધાતુઓમાંથી વાસણો બનાવવાનું શીખ્યો. સોના અને ચાંદીનાં વાસણો ફક્ત ધાર્મિક ક્રિયામાં વાપરવા માટે બનાવવામાં આવ્યાં, કારણકે તે કિંમતી ધાતુઓ ઓછા પ્રમાણમાં મળે છે. અર્વાચીન સમયમાં વૈજ્ઞાનિક શોધખોળોને લીધે સ્ટેઇલેસ સ્ટીલ ને પ્લાસ્ટિક જેવા પદાર્થો પણ વાસણો બનાવવામાં વપરાય છે. કુંભકળાના ઉત્તરોત્તર પતનનું મુખ્ય કારણ આ બધા પદાર્થોને આભારી છે. છતાં આપણા દેશની ભૌગોલિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિઓને લીધે માટીનાં વાસણો છેક ભૂંસાઈ ગયાં નથી.

તાંબા-પિત્તળનાં વાસણો બનાવનારા આજના મોટા ભાગના કંસારા પેઢીગત પ્રણાલિકા પ્રમાણે ઘડે છે. તેમાં હથોડાથી ટીપીને વાસણ બનાવવાની રીત સૌથી જૂની છે. ધાતુને ઢાળીને પણ વાસણો બનાવાય છે. હડપ્પા અને મોહેં-જો-ડેરોનાં કેટલાંક વાસણો અંદર અને બહારથી ટીપીને બનાવેલાં છે. જ્ઞાતિના જમણવારનાં મોટાં વાસણો કડાયાં, લિંમોળી, ખાણિયા, કથરોટ વગેરે આ રીતે બને છે. પણ વાસણો ઘડવાની રીતોમાં હજારો વર્ષોમાં ફેરફાર થયા નહિ હોય એટલા ફેરફારો છેલ્લાં પચાસ વર્ષના ગાળામાં થયા છે. યંત્રથી ઘડાતાં વાસણોને લીધે કંસારાની જૂની રીતો આજે વિસારે પડવા લાગી છે.

સુશોભનો

રોજિંદા વપરાશનાં વાસણો સામાન્ય રીતે માટીથી અજવાળવામાં આવતાં હોવાથી તેના પર બહુ શોભન કરાતું નથી. નાનાં વાસણો પર આડી-ઊભી રેખાઓ અને બીજી અનેક પ્રકારની ભાતો કોતરવામાં આવે છે. કેટલાંક વાસણો પર પુરાણોનાં ચિત્રો કોતરેલાં જોઇએ છીએ. રકાબી, પ્યાલા, લોટા, ચમચા વગેરેમાં ફૂલો, વેલો, વૃક્ષોની આકૃતિઓ વગેરે દોરવામાં આવે છે. મોટા ભાગનાં વાસણોમાં ઉપરના ભાગમાં જ ચિતરામણ હોય છે. ગંગા-જમના જેવા લોટાઓમાં જુદી ધાતુનો પટ્ટો વાપરી સૌંદર્ય વધારવામાં આવે છે. કેટલાંક વાસણોના કાંઠા એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે તે વાસણોને વધારે શોભા આપે છે ને મજબૂત બનાવે છે. ધાર્મિક વિધિઓમાં વપરાતાં વાસણો પર આવી નકશી વધુ હોય છે. સોના-ચાંદીનાં વાસણો પર મીનો પણ ભરાય છે.

વાસણના ઘાટ

આદિમાનવે જે ફળો જંગલમાં જોયાં તેના ઘાટ માટીનાં વાસણોમાં ઉતાર્યા. વાસણના ઘાટ ને આકારમાં ઉપયોગિતાનો સ્પષ્ટ નિર્દેશ હોય છે. પ્રાચીન વાસણના ઘાટ અને અર્વાચીન વાસણના ઘાટ મળતા આવે છે. તે સમયના પાણી ભરવાનાં, ખોરાક રાંધવા માટેનાં અને અનાજ વગેરે સંગ્રહ કરવાનાં વાસણોના આકાર આજની આપણી સામાજિક જીવનપદ્ધતિમાં પણ બરાબર બંધબેસતા આવે છે. કુંભાર પણ વાસણના ઉપયોગ તથા તેને પકડવાની રીતના આધારે તેનાં કદ ને ઘાટ ઘડે છે. ગુજરાતમાં વડોદરા, વડનગર અને ટીંબરવા તથા સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણ, રોઝડી, રંગપુર, લોથલ વગેરેનાં ખોદકામમાંથી મળેલાં માટીનાં વાસણોના ઘાટમાં બહુ લાંબા સમય સુધી ફેરફાર થયો જણાતો નથી. માટીના સાંકડી બેઠકવાળા ઊંડા પ્યાલા, હાંલ્લીઓ, કુલડીઓ, વાઢી, બુઝારાં, ઘડા, માટલી, ઢોચકી, કોઠીઓ, શકોરાં, કૂંડાં વગેરે આજે પણ એવા જ આકારનાં બને છે. વળી વાસણોના આકારમાં પ્રાદેશિક જરૂરિયાતો અને કલાદૃષ્ટિની અસર પણ જોવા મળે છે. કેટલાંક વાસણોનો ઉપયોગ અમુક સમય સુધી રહેલો મર્યાદિત જણાય છે. દા. ત. ચંબુ આકારનું વાસણ (Sprinkler) ઈ.સ.ની શરૂઆતથી ત્રીજી કે ચોથી સદી સુધી મળે છે. આજે પણ તાડી ઉતારવાના ઘાડવા હવે કુંભારો બનાવતા નથી.

સામાન્યરીતે વાસણનું નામ, તેના આકાર, ઉપયોગ કે સ્થળનામ સાથે ઘણો ગાઢ સંબંધ ધરાવે છે. દા. ત. ડભોઇમાં સારા લોટા બને છે તેથી ડભોઇયા લોટા, કાશીના લોટા વગેરે. કેટલાંક વાસણ એવાં હોય છે જેને આ ત્રણે ય સાથે કોઈ ગાઢ સંબંધ હોતો નથી.

કેટલાંક વાસણોનાં નામ એના ઘાટ ઉપરથી પડે છે. દા. ત. ગોળી, પીપ, કોઠી, ચોરસો, દૂધિયું વગેરે. અમુક ખાસ વાસણોનાં નામ તેના ઉપયોગને ધ્યાનમાં રાખીને પડે છે. જેવાં કે થૂકદાની, કઢાઈ, જલધારી, અચ્છેરિયું વગેરે. તો વળી, ટીપૉટ, ટમ્બલર, જગ, મગ, ટિફિન-બૉક્સ, કપ, ગ્લાસ વગેરે જેવાં પરદેશી નામ પણ આપણા રોજિંદા વહેવારમાં ઓતપ્રોત થઈ ગયાં છે. આમ, વાસણોનો વિકાસ માણસની જરૂરિયાતો અને એની રહેણીકરણીના તથા એની અનેક અવનવી શોધોના વિકાસનું પ્રતિબિંબ પાડે છે.

વાસણોના ઉપયોગ, તેને પકડવાની રીત વગેરેને આધારે તેનાં કદ તથા ઘાટ નક્કી થયાં.



પચ્ચીસ વર્ષ પહેલાં

ઓક્ટોબર ૧૯૩૯ અંક ૧૯૦

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં શ્રી અશોક હર્ષની કલમે લખાએલો એક ગરવા ગુજરાતીનો પરિચય ટૂંકાવીએ:

પહેલદાર હીરા જેવું એમનું જીવન હતું, અને એ એકેક પહેલ એમના વ્યક્તિજીવનને વિશેષ મૂલ્યવાન બનાવતો હતો. એમનામાં જેટલો જોશ હતો એટલી જ સબૂરી હતી, જેટલી બંડખોર વૃત્તિ હતી એટલું જ શિસ્તનું ભાન હતું. મુંબાઈના નૂર અને હિંદના બુદ્ધિધનના બનેલા એક એકમ સમી એ વ્યક્તિ તે ૧૯૩૯ના ઑગસ્ટની ૩૦મીએ અવસાન પામેલા લખમીદાસ રવજી તેરસી—એમના હમવતની કચ્છીઓના માનીતા 'તેરસી ભા.'

'ગોખલે–દેવધરના ઉપરણા કરતાં ગાંધીની લંગોટી વધુ સામર્થ્યવાન છે' એ શબ્દો વડે પૂનાની વ્યાસપીઠેથી એમણે જ મહારાષ્ટ્રીઓને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવેલું. મુંબાઈ કૉર્પોરેશનને પણ એમણે જ ગાંધીજીને માનપત્ર આપવાની ફરજ પાડી હતી. મુંબાઈની પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના એ સંસ્થાપક સભાસદ હતા. પણ પછીથી ગાંધીજીની વિચારસરણી પોતાની બુદ્ધિને અગ્રાહ્ય લાગતાં તેઓ તેનાથી અલગ પડી ગયા.

એમનું મૂળ નામ ધારસી ઠાકરસી હેમરાજ. એમના માસા રવજી તેરસીએ એમને દત્તક લેતાં તે લખમીદાસ રવજી તેરસી થયા. ઈ. ૧૮૭૬ના ઑક્ટોબરની ૨૩મીએ એમનો જન્મ. શ્રીમંતોના સામાન્ય સંસ્કારમાં જ એ ઊછર્યા, પણ એથી રંગાયા નહિ.

ઈ. ૧૮૯૯માં બી. એ. થયા પછી એમ. એ.ની ટર્મ પણ ભરેલી, પરંતુ માંદગીને કારણે પરીક્ષામાં ન બેસી શક્યા. ભણતર પડતું મૂક્યું, પણ એમનો અભ્યાસ આજીવન ચાલુ રહ્યો. અને એ અભ્યાસ કેવો વિસ્તૃત અને તલસ્પર્શી હતો એ કચ્છ માંડવીના ભાટિયા મિત્રમંડળને એમણે આપી દીધેલાં એમનાં પુસ્તકોમાં એમને હાથે થએલાં અનેક ટાંચણો પરથી સમજાઇ આવે.

કૉલેજના અભ્યાસકાળથી જ ફ્રેન્ચ સાહિત્યની એમને લેહ લાગેલી ને ફ્રેન્ચ રાજક્રાન્તિના પ્રણેતાઓ સમા વોલતેર ને રૂસોના તે સદાના આશક બન્યા. એમણે જિંદગીનો આરંભ પણ વોલતેર પેઠે નીતિચ્યુત ધર્મગુરુઓ પર હલ્લા આદરીને કર્યો. ભાટિયા જ્ઞાતિમાં ત્યારે પ્રવર્તતાં અજ્ઞાન અને ધર્મઘેલછા તો જાણીતાં છે. 'પોલપત્રિકા'માં એમણે પોતાની જ્ઞાતિમાં ચાલતા દંભ ને છળ ઉઘાડા પાડવા માંડયા. એમની કલમના ઝાટકા એવા તો નેમલક્ષી નીવડયા કે એથી ઘવાએલા અનેક સમાજસર્પો એમને દંશ દેવા તૈયાર થયા. 'પોલપત્રિકા'ને એક કરતાં વધુ વાર કોર્ટે ચડાવવામાં આવી, પણ એ હલ્લાનું જોર નરમ ન પડયું. અંતમાં સિક્યૂરિટી તરીકે તેરસીએ ચારપાંચ લાખની પોતાની એસ્ટેટનાં કાગળિયાં કોર્ટને સુપ્રત કરી દીધાં પણ પોતાનો મોરચો નબળો ન પડવા દીધો. શ્રી વિઠ્ઠલ રામજી શિંદે તથા સર નારાયણ ચંદાવરકરના નેતૃત્વ નીચે હિંદમાં અસ્પૃશ્યોદ્ધારની ચળવળ શરૂ થઇ તેણે તેરસીને આકર્ષી લીધા અને એમની દૃઢમૂલ ઝુંબેશે ધર્મગુરુઓના પાયા ઢીલા પાડયા.

લોકમાન્ય ટિળક અને ઍની બેસંટે હોમરૂલની ચળવળ ઉપાડી કે તેરસીએ તેમાં ઝંપલાવ્યું ને ૧૯૧૬ થી ૧૯૨૧ સુધી તેમાં સક્રિય ભાગ લીધો. દક્ષિન કરતાં ઉદાહરણને વિશેષ માની, નાગપુર કોંગ્રેસે માત્ર વિદેશી કાપડનો બહિષ્કાર પોકારેલો, છતાં એમણે સર્વ વિદેશી માલને બંધનકર્તા માની, પરદેશી આડતોનો પોતાનો ધીકતો ધંધો વીંટી લીધો.

ઈ. ૧૯૧૮માં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો ત્યારે એમણે ખડે પગે આપેલી સેવા અવિસ્મરણીય રહેશે. રોજનાં ૮૦૦ શબોને ઠેકાણે પાડવા માટે એ જાતે સ્મશાનભૂમિમાં હાજર રહેતા. એ મહામારી વેળા હિંદુઓમાં મડદાં બાળવા મુસલમાન વેપારીઓએ લાકડાંના ભાવ ખૂબ ચડાવી દીધેલા. તરત તેરસીએ જાતે લાકડાંની દુકાન ખોલી એ મોનોપૉલી તોડી ને ૩૦–૪૦ના ભાવને બદલે ૩ રૂપિયાના ભાવે, અને તેમાં યે ગરીબોને તો મફત લાકડાં પૂરાં પાડવા માંડયાં!

અન્યાયો સામે એ હરદમ ઝૂઝતા. એમણે જી. આઈ. પી. રેલવે, ટ્રામવે અને 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના કામદારોની લીધેલી તરફેણ અને એનો બંને પક્ષને સંતોષકારક ને પ્રામાણિક આણેલો નિવેડો આજની વર્ગદ્વેષી બુદ્ધિને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. એમની ન્યાયવૃત્તિ પર એતબાર રાખીને ડાંગે, રૉય વગેરે એમની સલાહ લેતા. ઇ. ૧૯૧૯માં મિ. બી. જી. હૉર્નિમૅનને દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે તેરસીએ એમના માટે વીસ હજાર રૂપિયા ઉઘરાવી મોકલાવી આપેલા.



ઈ. ૧૯૨૩માં મુંબાઇની મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચૂંટાઇને તેમણે તેમાં બહુમૂલ્ય સુધારા આણ્યા. તેની સ્ટૅન્ડિંગ કમિટી તેમજ ઈમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટના સભ્યપદ ઉપરાંત મુંબાઇના પોર્ટ ટ્રસ્ટના યે તે સભ્ય હતા. એ સભ્યપદે રહી એમણે ઇટાલિયન કે જાપાનીઝ સિમેન્ટને બદલે હિંદી સિમેન્ટને પસંદગી આપવાની ટ્રસ્ટને ફરજ પાડેલી. ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર તરફથી ધારાસભામાં એમણે બેઠક મેળવેલી. કૉંગ્રેસ શું, કૉર્પોરેશન શું કે કાઉન્સિલ શું, જ્યાં જે યોગ્ય લાગ્યું ત્યાં ને ત્યાં તે તડ ને ફડ કહી દેવું એ જ તેરસીનો સ્વભાવ હતો. ધારાસભાના એક સભ્ય મિ. ગઝદરને એવો વા લાગેલો કે વખતોવખત અમુક સરકારી નોકરીમાં મુસલમાનો કેટલા છે એ પ્રશ્ન આગળ આણે. તેરસી સામે એ પ્રશ્ન આવતાં તરત તેમણે સામો સવાલ કર્યો, 'સરકારી નોકરીમાં ભાટિયા કેટલા છે?'

કચ્છ પ્રજાકીય પરિષદની સ્થાપના અને ટકાવ પાછળ સવિશેષ ફાળો આપી એ મૂંગા પ્રાન્તને વાચા આપવાનું યશસ્વી કામ એમને હાથે થયું. એવી જ રીતે પૅસેંજર્સ ટ્રાફિક રિલીફ એસોસીએશન એમણે ઊભી કરેલી અને અખિલ હિંદ રાજસ્થાન પ્રજા પરિષદની કારોબારી સમિતિમાં પણ એ છેવટ સુધી શામિલ હતા.

એમની વાતો અને વ્યાખ્યાનોમાં આવતાં ટીખળોથી એ લોકપ્રિય થયા હતા, પણ એકલા ટીખળથી જ એમનું મૂલ્ય આંકનાર તો એમને અન્યાય કરે છે. ધર્મ કરતાં શીલને વધુ મહત્ત્વ આપનાર એમના જેવા પ્રજ્ઞાવાદી બહુ ઓછા હોય છે. બર્નાડ શૉ જેમ જ ટીખળ એ તો એમનો ખુરપો રહ્યો હતો.



માધુકરી

વર્ષ નહિ, વસુધાને પલટો, પલટો માનવ-ઉર;
તંત્રો પલટો, મંત્રો પલટો, પલટો કાળનું પૂર.
માનવ-માનવ વચ્ચે ઊભા ઊંડા અણગણ ભેદ;
એ ભેદોનો છેદ ઉડાડી, જગવો જગત અભેદ.
પલટો યુગયુગ કેરું ગાણું,
(કરસનદાસ માણેક) આજ ઊગે નવ વર્ષનું વાણું.

આચાર્ય વ્રજેન્દ્રનાથ શીલ

ઓગણીસમી સદીના બીજા અર્ધશતકમાં પોતાનાં વિચાર, લખાણ અને આચારથી અર્વાચીન બંગાળાની ઉન્નતિ અને પ્રગતિનો માર્ગ બાંધવાનું મહાકાર્ય કરનાર તથા ત્યાંના બૌદ્ધિક સાંસ્કારિક અને આધ્યાત્મિક પુનરુત્થાનમાં અતિ અગત્યનો ભાગ ભજવનાર જે મહા વિદ્વાન પુરુષોની જ્વલંત હારમાળા હયાતીમાં આવી તેમાંના એક આચાર્ય વ્રજેન્દ્રનાથ શીલ હતા. એમના સહયોગીઓમાં ગુરુવર્ય રવીન્દ્રનાથ ટાગોર, આચાર્ય પ્રફુલ્લચન્દ્ર રાય, સ્વામી વિવેકાનન્દ અને સર આશુતોષ મુખરજી જેવી સુવિખ્યાત પ્રતિભાઓ ગણાવાય.


આ બધાને મુકાબલે આચાર્ય શીલનું નામ માત્ર બંગાળાના બુદ્ધિમાન ને સુશિક્ષિતોમાં જ જાણીતું છે, કારણ કે તેઓ એકાન્તપ્રિય અને વિચારમગ્ન યોગી જેવું જીવન ગાળતા હતા.

માનવજાતિએ વિજ્ઞાન અને જ્ઞાનની જે જે શાખાઓ ખીલવી છે. તે સર્વના ગ્રન્થોનો એકાગ્ર ચિત્તે અભ્યાસ કરી તે વિશે ઊંડું ચિંતન કરવાના કાર્યમાં જ જીવનનો આખો સમય વિતાવ્યો હતો. જેમ જેમ ઊંડાણથી એમણે અભ્યાસ કરવા માંડયો, તેમતેમ એમને લાગતું ગયું કે પોતાનું જ્ઞાન હજી બહુ અલ્પ છે; એટલે તે અભ્યાસના ફળ તરીકે જાહેરમાં પોતાના વિચાર જણાવતાં પુસ્તકો લખવાનું તેમને સાહસ જેવું લાગતું હતું. પરિણામે એમના જ્ઞાનના સમસ્ત પ્રદેશોનો અગાધ ભંડાર તે સમયની શિક્ષિત પ્રજાની જાણમાં આવી શકયો નહિ; માત્ર જે થોડા અંગત મિત્રો દર રવિવારે અને રજાના દિવસોએ એમના મકાને એકઠા થતા. તેમની આગળ વાતચીત અને ચર્ચામાં પોતાનો જ્ઞાનભંડાર એ ખુલ્લો મૂકતા. આ બધા મિત્રો જ્ઞાનના ભિન્નભિન્ન પ્રદેશ–તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, લલિતકલા, ગણિતશાસ્ત્ર, ધર્મ, વિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રાજકારણ વગેરેમાં રસ ધરાવનારા હતા અને પ્રાચીન સમયની 'ગ્રીક ઍકૅડેમી' જેવું એમનું મકાન બની ગયું હતું. આચાર્ય શીલ




સાથેની જ્ઞાનચર્ચા અને સૂચનાઓને પરિણામે આ બધા મિત્રો આગળ જતાં પોતપોતાના વિષયોમાં પ્રસિદ્ધ નિષ્ણાતો ગણાયા હતા. એ રીતે દેશની બૌદ્ધિક જાગૃતિ અને પ્રગતિમાં આચાર્ય શીલનો ઘણો મોટો ફાળો છે. થોડાંક પુસ્તકો અને કેટલાક લેખો સિવાય એમણે પોતાના અગાધ જ્ઞાનનો સંભાર આપણે માટે મૂકયો નથી. પરંતુ એમનું એકેએક પુસ્તક સિદ્ધહસ્ત વિદ્વાન વિવેચકોના અભિપ્રાય પ્રમાણે શ્રેષ્ઠતમ કોટિનું છે. આ પુસ્તકો નીચે પ્રમાણે છે: (૧) 'ક્વેસ્ટ ઈટર્નલ' કાવ્યગ્રન્થ (૨) ન્યૂ એસેઝ ઑન ક્રિટિસિઝમ ઍન્ડ ન્યૂ રોમૅન્ટિક મૂવમેન્ટ ઈન લિટરેચર (૩) વૈષ્ણવિઝમ ઍન્ડ ક્રિશ્ચિયાનિટી (૪) માઇસોર કૉન્સ્ટિટ્યૂશન (૫) રેસ કૉંગ્રેસ (૬) સિલેબસ ઑવ ઇન્ડિયન

સંઘરેલાં અનાજની જીવાત



અનિયમિત કાણાં પાડતું બીટલ (લેસર ગ્રેઈન બોરર): પુખ્ત જીવાત નળાકાર આકારનુ નાનું ઘેરા કથ્થાઈ કે કાળા ચળકતા રંગનું અને કંઈક ખરબચડી સપાટીવાળું હોય છે. પૂર્ણ વિકસિત ઇયળ મેલા સફેદ રંગની અને ઝાંખા કથ્થાઈ માથાવાળી તથા શરીર પર ઝીણી રૂવાંટીવાળી હોય છે. પુખ્ત જીવાત ૮ થી ૧૦ માસ સુધી જીવે છે અને દિવસો સુધી ખોરાક વિના રહી શકે છે.

એ ઘઉં, ચોખા, જુવાર, બાજરી, મકાઈ કઠોળ વગેરે ખાય છે. ને દાણામાં અનિયમિત કાણાં પાડી તેને પૂરેપૂરો ભાંગી નાખે છે. ખાવા ઉપરાંત પણ તે ખોટો બગાડ કરે છે.



વાંતરી (ખાપરા બીટલ): પુખ્ત જીવાત બે થી ત્રણ મીલીમીટર લાંબી, કથ્થાઈ રંગની, મજબૂત બાંધાની, ભૂખરા અને ઝાંખા કથ્થાઈ રંગનાં નિશાનવાળી તથા લંબગોળ આકારની હોય છે. ઇયળ, કથ્થાઈ રંગની.

ઇયળ અવસ્થામાં ઘણી વધઘટ જોવામાં આવે છે. સામાન્યરીતે ૫૦ દિવસમાં ૪ વાર કાંચળી બદલે છે. પણ ભેજ અને ઉષ્ણતામાનની સાનુકૂળ પરિસ્થિતિ ન હોય તો કાંચળી બદલવાની ક્રિયા ખેવડાય છે. અને તેનો ગાળો ૨૦૦ દિવસ કે ચાર વરસનો થાય છે. પુખ્ત જીવાત ૧૦ થી ૩૦ દિવસ સુધી જીવે છે.

વાંતરી ઘઉંની ખરાબ જીવાત છે. જુવાર, બાજરી, ચોખા, કઠોળ અને બીજાં અનાજને પણ લાગે છે. પુખ્ત કિલ્લું બિનનુકસાનકારક છે, પણ તેની ઇયળ દાણાના અંદરના ગર્ભભાગને નુકસાન કરે છે.

'ખેડૂતબંધુ' (ચાલુ)

ફિલૉસૉફી (૭) પૉઝિટિવ સાયન્સિઝ ઑવ એન્શ્યન્ટ હિન્દુઝ.

આ છેલ્લા પુસ્તકમાં તો તત્વચિન્તનના ગૂઢ વિચારોના ગ્રંથોમાં રહેલી પ્રાચીન આર્યચિંતકોની વૈજ્ઞાનિક દૃષ્ટિ જણાય છે અને તેમાં આચાર્ય શીલની શ્રમપૂર્વકની અને ઊંડા અભ્યાસની ટેવ અને ખંત જોવામાં આવે છે. આ પુસ્તકે જ્ઞાનના ક્ષેત્રમાં પ્રાચીન ભારતની ભવ્ય કીર્તિ પુનઃસ્થાપિત કરી છે.

રવીન્દ્રનાથ ટાગોરે આચાર્ય શીલના અગાધ જ્ઞાનભંડાર અંગે એક અતિ સુંદર પ્રશસ્તિ-કાવ્ય લખેલું છે. આચાર્ય પ્રફૂલ્લચન્દ્ર રાયે તો પોતાના 'હિસ્ટરી ઑવ હિંદુ કેમિસ્ટ્રી' પુસ્તકમાં, 'ધી પૉઝિટિવ સાયન્સીઝ' પુસ્તકમાંનાં કેટલાંક પ્રકરણોનો ઉતારો કર્યો છે.

આચાર્ય શીલનું જીવન ખૂબ સાદું અને સ્વભાવ અતિ નમ્ર અને સર્વથા નિરભિમાની હતો. બંગાળાના એક નાના ગામની નાનીસરખી કૉલેજમાં તે પ્રાધ્યાપક હતા ત્યાંથી તેમના અભ્યાસ અને જ્ઞાનની કદર કરી સ્વ. આશુતોષ મુખરજીએ કલકત્તા યુનિવર્સિટીમાં મેન્ટલ ઍન્ડ મૉરલ ફિલૉસૉફીના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક કરી. એ પછી સર માઈકલ સૅડલરના અધ્યક્ષપદે નિમાએલા કલકત્તા યુનિવર્સિટી કમિશનમાં આચાર્ય શીલ સભ્ય હતા તેમાં એમના સર્વ પ્રદેશના અભ્યાસ અને જ્ઞાનથી સૅડલર એટલા પ્રભાવિત થયા કે એમણે મૈસૂર યુનિવર્સિટીમાં વાઈસ ચૅન્સેલર તરીકે નિમણૂક કરાવી.

આચાર્ય શીલનો જન્મ સને ૧૮૬૪ના સપ્ટેમ્બરની ૩જી તારીખે થયો હતો. એટલે ગયા સપ્ટેમ્બરમાં તેમની જન્મશતાબ્દી આવી ગઈ. પણ જાહેરમાં એ બહુ ઓછા આવ્યા હોવાને લીધે એમની શતાબ્દી અંગે કોઈ સમારંભ કે મેળાવડા થયા નથી. પરંતુ ભારતના અતિ ઉત્કૃષ્ટ કોટિના મહા વિદ્વાનોમાંના એ એક હતા એ હકીકત છે.*

શ્રી મહેન્દ્રનાથ શીલને ત્યાં ઈ. ૧૮૬૪ની ૩જી સપ્ટેમ્બરે એમનો જન્મ; ઈ. ૧૮૭૮માં ચૌદ વર્ષની વયે મૅટ્રિક થઈને (આજે સ્કૉટિશ ચર્ચ કૉલેજના નામે ઓળખાતા) જનરલ ઍસેમ્બ્લીઝ ઈન્સ્ટિટ્યૂશનમાં દાખલ થયા અને ત્યાંથી ૧૮૮૩માં ફર્સ્ટ ક્લાસ ઑનર્સ સાથે બી. એ. થઈને ૧૯ વર્ષની વયે તો તેના ફેલો તથા (નાનામાં નાના) પ્રોફેસર નિમાવાનું માન મેળવ્યું. ૧૮૬૪માં તત્ત્વજ્ઞાન સાથે એમ. એ. થયા કે તરત એ જ સંસ્થાના અંગ્રેજીના પ્રોફેસર તરીકે નીમીને સીધો તેનો ઑનર્સનો વર્ગ જ એમને સોંપાયો. ૧૮૮૫માં નાગપુર કૉલેજના, '૮૭માં બેહરામપુર કૉલેજ અને '૯૬માં કૂચ બિહાર કૉલેજના પ્રિન્સિપલ નિમાયા. ઈ. ૧૮૯૯માં રોમ ખાતે ભરાએલી 'ઈન્ટરનૅશનલ કૉંગ્રેસ ઑવ ઓરીએન્ટાલિસ્ટ્સ'ના હિંદી વિભાગનું ઉદ્‌ઘાટન કરીને 'ધ ટેસ્ટ ઑવ ટ્રુથ' તથા 'વૈષ્ણવીઝમ ઍન્ડ ક્રિશ્ચિયાનિટી' ઉપર બે વિદ્વત્તાભર્યા નિબંધો વાંચ્યા. ૧૯૦૫–'૦૬માં ઈંગ્લંડ ફ્રાંસ અને ઈટલીની મુલાકાત લીધા બાદ ફરી ૧૯૧૧માં લંડનમાં 'ઈન્ટરનૅશનલ રેઈસિઝ કૉંગ્રેસ'નું ઉદ્‌ઘાટન કર્યું અને તેમાં 'રેઈસ ઓરિજિન' પર નિબંધ વાંચ્યો. ૧૯૧૨માં ફરી યુરોપ જઈ આવી ૧૯૧૩માં કલકત્તા યુનિવર્સિટીના 'કિંગ જ્યૉર્જ ધ ફિફ્થ પ્રોફેસર ઑવ ફિલૉસૉફી' તરીકે નિમાવાનું બહુમાન મેળવ્યું અને ૧૯૧૨–'૧૩માં પાછી યુરોપની મુલાકાત લીધી. ત્યાર પછીનું ભારતમાં જ્ઞાન અને ચિંતનમાં વીતેલું એમનું જીવન તો જાણીતું છે.

---

*'સ્ટેઈટ્સમૅન'માંથી 'જ્યોતિર્ધરે' ઉતારેલા લેખ પરથી.


સિંહ પછી હવે હાથીનો વારો?

ઉત્તર પ્રદેશની સરકારે ત્યાં પાકને નુકસાન પહોંચાડતા વનવાસી હાથીઓને મારી નાખવાનો જે નિર્ણય લીધો છે એ તદ્દન વિચારહીન છે. છેલ્લા કેટલાક માસ દરમિયાન એંશી જેટલા હાથી તો મારી પણ નાખ્યા છે. આ જ રીતે એમનો વિનાશ થતો રહેશે તો ઉત્તર પ્રદેશની એ પ્રાણીસંપત્તિ સદાને માટે ખલાસ થઈ જશે. અલબત્ત, એમની સંખ્યા છેલ્લા દસકામાં ઠીકઠીક વધી ગઈ છે, પણ તેઓ ખેતીના પાકને નુકસાન કરતા હોય તો એનું એક કારણ એ પણ છે કે શારદા અને યમુના નદી પાસેની જે વનપટ્ટીમાં આ હાથીઓ રહે છે એ જંગલનો પણ માણસોએ નાશ કરવા માંડ્યો છે.

પાકને હાનિ કરતા એ હાથીઓ સામે કંઈ પગલાં જ ન લેવાં એવું કહેવાનું નથી. પણ એ હાથીઓને અન્ય અનેક રીતે ટાળી શકાય. એમાંથી થોડાને પકડીને દેશનાં બીજાં જંગલોમાં મોકલી દઈ શકાય; કેટલાકને પ્રાણીસંગ્રહાલયોમાં આપી શકાય; એ માટે પરદેશ પણ મોકલી શકાય; એમને પકડી કેળવીને કામે પણ લગાડી શકાય. ને છતાં મારવા પણ પડે તો એ હિંસા વિચારપૂર્વક થવી જોઇએ. પાકનો નાશ કરે છે માટે વગર વિચારે એમને મારી નાખવાની પરમિટો ફાડવા માંડવી એ નરી મૂર્ખતા છે.

હાથી ભારતનું એક આગવું પ્રાણી છે. આજ સુધી એમની જતનથી જાળવણી થતી આવી છે. ભારતમાં જ્યાં કયાંય હાથીઓ થાય છે ત્યાં તેઓ એ તરફ વસતા માણસો જેટલા જ જૂના છે આજે રહે છે એ જ રીતે માણસો ને હાથીઓ રહેતા આવ્યા છે ને એમને બંનેને છતઅછતનો પ્રશ્ન એકસરખો નડતો રહ્યો છે. અનાજની અછતનો દોષ હાથીઓ પર ઓઢાડવો વાજબી નથી. વળી આ બહાના નીચે દેશના એ અમૂલ્ય પ્રાણીધનને વેડફી દેવાથી આપણી અહિંસાની ભાવના પર પણ એક ડાઘ બેસશે. આની સામે લાગતાવળગતાઓએ જ નહિ સમગ્ર પ્રજાએ વિરોધ કરવો જોઇએ. (ટાઈમ્સ ઑવ ઇંડિયા)

ગુજરાત રિફાઈનરીની ઊંચામાં ઊંચી ચીમનીઓ



ગુજરાત રિફાઇનરીના ઉત્તરોત્તર આગળ વધી રહેલા કાર્યમાં એના 'ઍટ્મોસ્ફેરિક' વિભાગનાં 'ડિસ્ટિલેશન કૉલમ'નાં આવાં તોતિંગ ભૂંગળાંને એના સ્થાન પર ઊભાં ખોડવાં એ બહુ કઠિન ને એથી ઘણું પ્રશંસનીય કાર્ય છે. આ પ્રકારનાં સળંગ એક જ એકમમાં બનેલાં એ ભૂંગળાં દેશભરમાં વધુમાં વધુ લંબાઈનાં છે. એમાંનાં કેટલાંકનું વજન તો એકસો દસથી યે વધારે ટનનું હોઇ એને ઊભાં કરવા માટે ખાસ બાંધેલા ડેરિકની સાથે ઉપયોગમાં લેવાતા નાના ઊટડા (ક્રેઈન) પોતે પણ કેટલીક વાર ઊંચકાઇ જતા જોવા મળે, પણ આપણા ઇજનેરોએ ચતુરાઈથી એ કામ પાર પાડી બતાવ્યું છે.

શોધ અને સર્જન

વીજળી-ચાંપ દાબતાંમાં માત્ર દસ સેકન્ડમાં ચા-કૉફી તૈયાર થઇ જાય એવું યંત્ર સ્કૉટલૅન્ડની એક પેઢીએ બનાવ્યું છે. ચા-કૉફી બનાવ્યા પછી બધા ભાગો આપોઆપ સાફ પણ થઈ જાય છે! આ યંત્રનું નામ છે: 'ઑટી સ્કૉટ'.

જવને કોણ જાણતું નથી? રૅશનિંગના વખતમાં જવની રોટલીનો સ્વાદ પણ ઘણાએ ચાખ્યો હશે. કન્યાઓ જવના જવેરા ઉગાડે છે. જવ(સંસ્કૃતમાં 'યવ' અંગ્રેજીમાં 'બાર્લી') ખોરાક ઉપરાંત ઔષધ તરીકે પણ નોંધપાત્ર છે. જવમાંથી બનતો જવખાર દેશી વૈદકમાં ઘણો વપરાય છે. ડૉક્ટરો માંદાઓને હલકા પોષક ખાદ્ય-પેય તરીકે બાર્લીવૉટર (યવમંડ) સૂચવતા હોય છે. શરીરમાં સંચિત થએલા કફ ને મેદને ખોતરી બહાર કાઢવાની શક્તિ ('લેખન' ગુણ) જવમાં છે. આથી મેદસ્વી અને પ્રમેહી (ડાયાબિટિસના દર્દી)ને વૈદ્યો ખોરાક તરીકે જવ સૂચવે છે.

ગુણકર્મ

ભાવમિશ્રે જવના ત્રણ પ્રકાર નિરૂપ્યા છે. તીક્ષ્ણ અણીવાળો જવ 'યવ' કહેવાય છે, અણી વગરનો 'અતિયવ' કહેવાય છે અને હરિયાળા રંગવાળો, અણી વગરનો ઝીણો જવ 'તોક્ય' કહેવાય છે. ત્રણે પ્રકારના જવમાં નીચે મુજબનાં ગુણકર્મ રહેલાં છે.

જવ તૂરા, મધુર, શીતળ, લેખન, મૃદુ, વ્રણ માટે તલ જેવા હિતકારી, લૂખા, બુદ્ધિ તથા અગ્નિને વધારનાર, પાકમાં તીખા, અકફકારક(અનભિષ્યંદિ), સ્વર માટે હિતકારી, બલદાયક, અગુરુ (ઓછી ગુરુતાવાળા—ઘઉં કરતાં હલકા), વાયુ તથા મળને ખૂબ કરનાર અને વર્ણની સ્થિરતા કરનાર છે. તે ગળાના રોગ, ચામડીના રોગ, કફ, પિત્ત, ચરબી, સળેખમ, દમ, ઉધરસ, લોહીવિકાર ને તરસાને મટાડનાર છે. ત્રણે જવમાં અતિયવ તથા તોક્ય અનુક્રમે ઓછા ગુણવાળા છે.

યવમંડ (બાર્લી-વૉટર)

૧ થી ૪ ઔંસ જવને ચાર ગણા પાણીમાં નાખી, ત્રણચાર ઊભરા આવે એટલા ઉકાળી, નીચે ઉતારી, એકાદ કલાક સુધી ઢાંકી રાખી પછી ગાળીને પીવાના ઉપયોગમાં લેવું.

ખૂબ તરસ લાગતી હોય, ઊલટીઓ થતી હોય, ઝાડા થઈ ગયા હોય, પેશાબ બળતરા અને દુખાવા સાથે રોકાઈ રોકાઇને આવતો હોય, મૂત્રપિંડમાં શૂળ જેવી વેદના થતી હોય એ સર્વ ફરિયાદોમાં પાણીને બદલે આ યવમંડ પીવો લાભદાયી છે.

ઝાડા થઈ ગયા હોય ત્યારે બીજો ખોરાક બંધ કરી જવ અને મગનું ઓસામણ બનાવી લેવું. એ પચવામાં હલકું, પાચક અને ઝાડાને બાંધનાર છે. ક્ષયમાં થતા ઝાડા વખતે પણ આ ઓસામણ લાભદાયી છે.

પ્રમેહ અને ચરબી

જવને સાંબેલાથી ખાંડી ફોતરાં કાઢી, ગોમૂત્રમાં એક કલાક પલાળી સૂકવી નાખવા. આ રીતે સાત દિવસ કર્યા પછી બીજા સાત દિવસ સુધી ત્રિફળાના ક્વાથમાં ઉપર મુજબ પલાળી સૂકવી નાખવા. પછી એ જવને શેકી તેના લોટમાંથી બનાવેલી રોટલી કે ભાખરી ખાવી. ઘઉં બંધ કરવા. ડાયાબિટિસના દર્દી અને ચરબીવાળાં સ્ત્રી-પુરુષો માટે આ પ્રયોગ ખોરાક અને દવા બંનેની ગરજ સારે છે. પણ લાંબા વખત સુધી આ પ્રયોગ કરવો જોઇએ.

વ્રણ

જવનો લોટ ને જેઠીમધનું ચૂર્ણ ભેગાં કરી, તે જરા ઘીવાળું કરી, થોડું શેકી, પાણી મેળવી પોટીસ બનાવવી. પછી વ્રણ પર જરા ઘી ચોપડી સહન થાય એવી ગરમ ગરમ પોટીસ લગાવવી. બળતરા અને શૂળ થતી હોય એવો વ્રણ આ પ્રયોગથી કાં તો વિખરાઈ જશે, અથવા જલદી પાકીને ફૂટી જઈ બળતરા અને શૂળ શમી જશે. **બાબરશંકર ઠાકર**

કંકાવટી

જીવવા જાણનારાં

સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના ગોરલ ગામની, સંસ્કારી કુટુંબની આ બે બહેનો



શ્રી પુષ્પાબહેન અને પદ્માબહેને, ગયા ડિસેમ્બર માસમાં રાત્રિના સમયે તેમના ઘેર ચોરી કરવા માટે હથિયારો લઈ ચોરો ઘૂસી ગયા ત્યારે, બુદ્ધિ અને બહાદુરીભરી રીતે ચોરોને ઘરમાંથી નસાડી દીધેલા અને આજુબાજુના લોકોને જગાડી એ ચોરોને પકડી પાડવામાં સફળતા મેળવેલી. શ્રી પદ્માબહેનને તો તીક્ષ્ણ હથિયાર વડે ઈજા પણ થએલી. ગયા પ્રજાસત્તાક દિને એ બંનેને પોલીસની કામગીરીમાં મદદરૂપ થનાર તરીકે પ્રમાણપત્રો અને પારિતોષિકો એનાયત થયાં હતાં.




કૅનવાસની એક ભાત. ચોકડીના ટાંકાથી ભરી શકાય એવી આ કિનારમાંથી એકલા ઘોડાને બાબાના બુશશર્ટ પર ભર્યો હશે તો મિત્રો વચ્ચે એ કંઈક જુદા જ ગૌરવથી ફરશે.



મંગલ કલશ · ચિત્રકાર રસિકલાલ પરીખ

શુચિતા અને માંગલ્યની ભાવનાથી સભરભર્યાં સૌન્દર્યકલશની
આગામી વર્ષ પ્રતિ આશાની મીટ



ગુજરીનું બજાર

કલાકાર
વાસુદેવ
સ્માર્ત

લલિતકલા અકાદમી, નવી દિલ્હી તરફથી ભરાએલા પ્રદર્શનમાં રૂ. ૧૦૦૦નું પારિતોષિક મેળવનાર જલરંગી ચિત્ર. નાની રાવટીઓ, પાત્રો તથા તેમની પ્રવૃત્તિઓનું, ગુજરીના બજારની ઠઠ અને હલચલનો ખયાલ આપતી પાર્શ્વભૂમિ પર શોભનશૈલીથી કરેલું આયોજન.

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ
રણછોડદાસ ગિરધરદાસ



ગુજરાતી ગદ્યનો આરંભ કરનાર અને અર્વાચીન ગુજરાતી કેળવણીના આદ્ય જનક રણછોડદાસ ગિરધરદાસે ગુજરાતની પ્રજાને સૌ પ્રથમ વિદ્યાભિમુખ કરેલી. વિ.સં. ૧૯૮૦ના બેસતા વર્ષને રોજ ભરૂચમાં સંસ્કારસંપન્ન વાતાવરણ ને સદાચાર તથા શિક્ષણ પ્રતિ પ્રેમાદર ધરાવતા ઝવેરી પરિવારમાં એમનો જન્મ થએલો. એ જ વર્ષે એટલે કે ઈ. ૧૮૦૩માં અંગ્રેજ સરકારે સિંધિયા પાસેથી ભરૂચ જીતી લઈ ત્યાં બ્રિટિશ અમલની શરૂઆત કરેલી.

બચપણમાં જ માતા હરકોરબાઈની છાયા ખોઇ બેઠેલા રણછોડદાસની પરવરિશ પિતા ગિરધરદાસે જ કરેલી. ધૂળિયા નિશાળમાં વાંચતાં-લખતાં શીખી પંદર વર્ષની વયે તો પિતાના હાથ નીચે ગુમાસ્તાનું કાર્ય કરવા માંડ્યું. સાથે ધર્મપુસ્તકોનો અભ્યાસ પણ કર્યો, હિંદી ભાષાનું જ્ઞાન મેળવ્યું. ઉપરાંત, અંગ્રેજી બોલતાં-લખતાં પણ શીખ્યા. અંગ્રેજીના એ જ્ઞાનને કારણે એમને 'બૉમ્બે નેટિવ એડ્યુકેશન ઍન્ડ સ્કૂલ બુક સોસાએટી'માં ૧૮૨૫માં લેવામાં આવ્યા.

૨૨ વર્ષની વયે એમણે એ સ્થાનેથી દેશી નિશાળો માટે વર્ણમાલા, જોડાક્ષર, એકાક્ષરી, દ્વિઅક્ષરી ને પાંચસાત અક્ષરી શબ્દો, શબ્દાર્થો, સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર ને ભાંજણી વગેરેની શાસ્ત્રીય ને વ્યવસ્થિત રચનાવાળાં પાઠ્યપુસ્તકો લખ્યાં. લિપિધારા, બોધવચન, ડાડસ્લીની વાતો, ઇસપનીતિની કથાઓ, બાલમિત્ર, પંચોપાખ્યાન, ભૂગોળ, ખગોળ ઇત્યાદિ અનેક પુસ્તકો રચવામાં પણ એમણે ભાગ લીધો ને આમ એ વખતે ઇગ્લંડમાં ચાલતા લૅંકેસ્ટ્રીઅન ધોરણાનુસાર કેળવણી આપવાનું કામ ગુજરાતમાં સૌ પ્રથમ દાખલ કર્યું.

જાતે ફરીફરીને લોકોને શિક્ષણાભિમુખ કર્યા ને અનેક નિશાળો કાઢી. ભણાવીભણાવીને સરકાર લોકોને લશ્કરમાં ઉપાડી જશે કે વટલાવી દેશે એવી ભીતિ સેવતી પ્રજાને પોતાનાં છોકરાં ભણાવવા માટે તૈયાર કરવી એ નાનુંસૂનું કામ નહોતું. એમના એ મહદ્ કાર્યની કદર કરી સરકારે એમને ગુજરાતની નિશાળોના વિદ્યાધિકારી બનાવેલા. આ નવી નિશાળો માટે શિક્ષકોને ભૂગોળ, વ્યાકરણ, ગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ, બીજગણિત વગેરે વિષયોની ખાસ તાલીમ આપવા તેઓ એક વર્ષ મુંબાઈમાં પણ રહ્યા.

૧૮૫૨માં કેટલાંક ખાતાં ઘટાડાતાં રણછોડદાસનો હોદ્દો પણ રદ થયો ત્યારે સરકારે એમને મોટી રકમ બક્ષિશ આપી એમની સેવાની કદર કરેલી ને પછી મ્યુનિસિપલ કમિશનર બનાવેલા. મૅડમ વિલ્સન કૃત મિસર, પ્રાચીનગ્રીસ, બાબિલોન, રોમઆદિ રાજ્યોના ઇતિહાસ ગ્રંથોને ગુજરાતીમાં ઉતારવાનું કામ પણ એમને સોંપાએલું. ઈ. ૧૮૬૧માં ભરૂચમાં રાયચંદ દીપચંદ લાયબ્રેરી ને કન્યાશાળાની સ્થાપનામાં પણ એમણે ઊંડો રસ લીધો.

નિવૃત્તિકાળે પણ એમની દિનચર્યા એટલી તો નિયમિત રહેલી કે પચાસ વર્ષની વય સુધી એમને ઔષધ લેવાની જરૂર પડી નહોતી.

ગુજરાતી ઉપરાંત, ઉર્દૂ, મરાઠી, હિંદી ને અંગ્રેજી ભાષા તથા અંકગણિત, બીજગણિત ને રસાયણવિજ્ઞાન તથા પદાર્થવિજ્ઞાન જેવા વિષયો પર એમનું સા પ્રભુત્વ હતું. પોતે એકેશ્વરવાદી હતા ને મંત્રતંત્રના ઢોંગધતુરાના પૂરા વિરોધી હતા. દુર્ગારામ મહેતાજીની 'માનવધર્મ સભા'માં પણ તેઓ સક્રિય ભાગ લેતા. સુરતમાં પહેલું છાપખાનું કાઢવામાં ને પહેલી 'પુસ્તક પ્રસારક મંડળી' સ્થાપવામાં પણ તેઓએ અગત્યનો ભાગ લીધેલો. મુંબાઇની પ્રથમ 'જ્ઞાન પ્રસારક મંડળી'ના પણ તેઓ પહેલા પ્રમુખ હતા.

ઇ. ૧૮૭૩ની ૨૩મી ઑગસ્ટે એમનું અવસાન થયું. એમના પુત્ર મોહનલાલ ને પૌત્ર દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરીએ પણ ગુજરાતના સમાજ સાહિત્ય શિક્ષણ ને સંસ્કારને ક્ષેત્રે એવી જ માતબર સેવાઓ આપી છે.

પ્રસંગવિશેષ: સર વૉલ્ટર રૅલેનો શિરચ્છેદ, તા. ૨૯ ઑક્ટોબર, ૧૬૧૮

સુદૃઢ શરીર, સુંદરતમ પોશાક, ઘેરા વાંકડિયા વાળ અને આત્મશ્રદ્ધાની ખુમારીભરી રીતભાત સાથે યુદ્ધકૌશલભર્યા પોતાનાં અનેક પરાક્રમો વડે ઈંગ્લંડની રાણી એલિઝાબેથ પહેલીના એક અગ્રગણ્ય માનીતા ઉમરાવ બનનાર સર વૉલ્ટર રૅલેને પાછળથી એ જ રાણીનો ખોફ પણ વહોરવો પડેલો. રાણીના અવસાન પછી જૅમ્સ પહેલાના રાજદરબારમાં તો એનું બહુ મહત્ત્વ રહ્યું જ નહોતું. પોતાના વિરુદ્ધ કાવતરું કરવાની શંકાથી જૅમ્સે એને દેહાંતદંડની સજા કરી પણ પછી એનો અમલ ન કરતાં એને લંડનના ગોઝારા ટાવરમાં કેદ કરી રાખ્યો. દક્ષિણ અમેરિકાથી સોનું લાવવાના ને ત્યાં ઈંગ્લંડની વસાહતો સ્થાપવાના રૅલેને કોડ હતા. તેર વર્ષ પછી જૅમ્સને એ સોનાની લાલચ જાગતાં એણે રૅલેને એ કામ સોંપ્યું. સ્પેનનો તો રૅલે કટ્ટર વિરોધી હતો. એટલે સ્પેન સામે ન આથડવાની ને નહિ તો એ બદલ સજા થશે એ જાતની ચેતવણી પણ આપી. ૧૪ વહાણોનો કાફલો લઈ રૅલે જ્યારે અમેરિકા પહોંચ્યો ત્યારે પોતે માંદો હોઈ એણે લેફ્૦ લૉરેન્સ કીમિસને સોનું ખોળવા મોકલ્યો. રૅલેના હુકમની અવગણના કરીને કીમિસે સ્પેનિશ વસાહતો બાળી મૂકી. રૅલેનો પુત્ર પણ એમાં મરાયો. સાથેના માણસો પણ ફરી બેઠા ને આથી મોં બતાવવા લાયક નહિ રહેતાં કીમિસે તો આપઘાત કરી લીધો પણ આ બધાને પરિણામે નિષ્ફળતા ને નાલેશી સાથે રૅલે જ્યારે ઈંગ્લંડ પાછો ફર્યો ત્યારે પોતાની ચેતવણીની અવગણના બદલ જૅમ્સે એનો બચાવ સાંભળવા પૂરતો પણ ન્યાય દાખવ્યા વિના ૧૬૧૮ની ૨૯મી ઑક્ટોબરે એનો શિરચ્છેદ કરાવી નાખ્યો. દરિયા પાર ઇંગ્લંડની વસાહતો સ્થાપવાના એના પ્રયત્નોનો કરુણ અંજામ ભલે આવ્યો પણ એનાથી બ્રિટનને સામ્રાજ્ય વિસ્તારવાની પ્રેરણા તો મળી જ. ભૂતકાળનાં એનાં પરાક્રમો અને એણે સેવેલાં સ્વપ્નો તથા તેર વર્ષના જેલવાસમાં, ઉત્તમ ગદ્યના નમૂના રૂપ એણે લખેલો જગતનો ઇતિહાસ તથા થોડાંઘણાં મળી આવતાં એનાં કાવ્યો પરથી વૉલ્ટર રૅલેની બહુમુખી પ્રતિભાનો ખયાલ આવે છે.



(ચિત્રમાં રૅલેની ધરપકડ દર્શાવી છે.)

તિનકા કબહું ન નિંદીએ જો પાંવન તર હોય,
કબહૂં ઊડિ આંખન પરૈ પીર ઘનેરી હોય.*

—કબીર

શિકારે નીકળેલા ઈરાનના આદિલ બાદશાહ નૌશીરવાને બપોર થતાં એક સ્થળે વિશ્રાંતિ લઈ ખાણું તૈયાર કરવા હુકમ કર્યો. નોકરે થોડી વારે આવીને મીઠું ખૂટતું હતું તે નજીકના ગામમાંથી લેવા રજા માગી, તે આપતાં નૌશીરવાને કહ્યું: 'તેના દામ ચૂકવીને લાવજે, નહિતર આખું ગામ ઉજ્જડ થઈ જશે.' એક મૂઠી મીઠામાં ગામ આખું ઉજ્જડ શી રીતે થઈ જવાનું, તેની સમજણ નોકરને ન પડતાં શાહે કહ્યું: 'રાજા મફતનું લેવા માંડે એટલે અમલદારોને મફતનું પડાવવાની ટેવ પડે, જેને પરિણામે તો ગામનાં ગામ ઉજ્જડ થઈ જાય.'

કહેવતોના અર્થ: 'પોચી માટી કાચલીએ ખણાય.'–જે કામ તદ્દન સહેલું, સુતરું હોય, તે દર્શાવવા (અથવા કોઇ વ્યક્તિ નરમ હોય તે માટે પણ) વપરાતી આ કહેવતની સમાનાર્થે બીજી કહેવતો: 'આકડે મધ' હોવું, અથવા 'માખણમાં પાટુ મારવા' જેવું, વગેરે.

અનેકાર્થી શબ્દ: **ખર**=ગધેડો; એક વનસ્પતિ–ધમાસો; એ નામનો રાક્ષસ; યજ્ઞપાત્ર રાખવાની ચોરસ વેદી; એક છંદ; કાગડો; બગલો; કામદેવ; મોહ; રીંગણીનો છોડ; પાણીમાં ઊગતાં છૈયાં; પશ્ચિમ દિશાએ ઓસરી વાળું ઘર; વાજિંત્રમાં એક સપ્તક; તલનું તેલ; કઠોર કે કડક; એક ફારસી પ્રત્યય.



આ માસ (ઑક્ટોબર)ની પહેલી તારીખે બહાર પડનાર હતો તે ત્રણ પૈસાના સિક્કાની પાછલી બાજુ. સવળી બાજુએ અશોકસ્તંભનું સિંહશીર્ષક, ને હિંદીને અંગ્રેજીમાં 'ભારત' છે.



કોઈ 'વિદ્વાન', 'વેપારી' કે 'સાધુ' જેવા દેખાતા ક્રિસ્ટૉફર કોલંબસની લગભગ બધી જાણીતી છબિઓમાં એનાસ્વરૂપનો સાચો ખયાલ રજૂ થતો નથી. અનેક સાગરની પછડાટો ખમીને ખડતલ બનેલા નાવિક કોલંબસનું ખરું સ્વરૂપ તો, જર્મનીના વિદ્વાન ડૉ. રિચાર્ડ ગર્હન્સના મત પ્રમાણે આ પદક પર જ છે.

ગણિત–ગમ્મત

ઈ. ૧૮૭૭માં લુકાસે શોધી કાઢેલી આ સંખ્યા મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા છે, જેને કોઈ આંકડાથી ભાગી ન શકાય: ૧૭૦૧૪૧૧૮૩૪૬૦૪૬૯૨૩૧૭૩૧૬૮૭૩૦૩૭૧૫૮૮૪૧૦૫૭૨૭.

નાનાં બચ્ચાંના દૂધની શીશી ધોવા માટે અરધી શીશી ઠંડા પાણીથી ભરી, તેમાં બેએક ચપટી ચોખા નાખી ખૂબ હલાવજો. ચોખા ચોમેર ફરીને દૂધની ચીકાશ ચૂસી લેશે, શીશીને ચોખ્ખી ચણક બનાવી દેશે ને વળી સુવાસિત પણ બનાવશે.

મહાપુરુષના જન્મતિથિ ઊજવતી વખતે આપણે 'જન્મજયંતી' શબ્દ વાપરીએ છીએ તે બરાબર નથી. 'જયંતી'માં જ જન્મનો ભાવ આવી જાય છે. 'જન્મજયંતી' એ તો 'ગુલાબજળનું પાણી' લખવા જેવું થયું.

રીક્રૂટ: મારે લશ્કરમાં દાખલ થવું છે.
સાર્જન્ટ: પણ તમારા મોંમાં એકે દાંત ક્યાં છે?

રીક્રૂટ: તે મારે લશ્કરમાં રહીને બંદૂક ચલાવવાની છે, કે બધાંને બચકાં ભરવાનાં છે?

ખોટી વાત

વૉટર્લૂનું યુદ્ધ વૉટર્લૂ નજીક નહોતું લડાયું. જર્મનમાં એને બેલી એલાયન્સનું યુદ્ધ કહે છે. ફ્રેન્ચો એને મોં સે ઝ્યાંનું યુદ્ધ કહે છે.

દુનિયામાં કેળાંની બધી મળી કુલ ૧૭૯ જાતો થાય છે.

શહેનશાહ નેપોલિયન જન્મ્યો, પરણ્યો, જીત્યો ને મૃત્યુ પામ્યો, બધું શુક્રવારે જ!



સ્પેનના માડ્રિડ પરગણાના સર્વેરા ગામના બધા માણસોના હાથે ને પગે પાંચ કરતાં વધુ આંગળાં છે. એમને એ એટલું સ્વાભાવિક લાગે છે કે ઊલટા નવા આગંતુકનાં પાંચ પાંચ આંગળાં જોઇ એમને કુતૂહલ ઊપજે છે!

દુનિયામાં કદી કોઈ સાથે યુદ્ધમાં ન ઊતરી હોય એવી એકમાત્ર જાતિ એસ્કિમો છે.



કલાકણિકા: માટીનાં પાત્રોની અંદર પણ માનવી કેટલા સમૃદ્ધ પ્રકારે સુશોભનો કરતો તે પહોળા મોંના તાંસળી આકારના આ પાત્રમાંનું ગ્રીસના બે નામાંકિત યોદ્ધાઓના ઢાલભાલાદ્વંદ્વનું આલેખન દર્શાવે છે.

*પગ નીચે ભલેને તણખલું હોય તો યે તેની નિંદા ન કરશો. એ જ કદીક પવનથી ઊડીને આંખમાં પડે તો પીડા આપે. હાથ નીચેનું માણસ દુભાયું હોય તો અનુકૂળ તક મળતાં જરૂર વેર વાળે.

દેશનેતાઓની રમૂજ

ગાંધીજી વર્ધા ગયા પછી નેતાઓનું ત્યાં આવવાજવાનું ખૂબ વધી ગયું. કૉંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકહમેશાં બજાજવાડીમાં જ મળતી. દેશના મહાન નેતાઓ ને રાજામહારાજાથી માંડીને સાધારણ કાર્યકર સુધીના જે આવતા તે સૌ જમનાલાલજી બજાજને ત્યાં જ ઊતરતા. જમનાલાલજી સૌની સગવડનો પૂરો ખયાલ રાખતા. દરેક વ્યક્તિની રુચિ પ્રમાણે ભોજન બનાવવાનો અને તેમની આરામ કરવાની અને બીજી ટેવો વિષે પૂર્ણ ખયાલ રખાતો, મોટામાં મોટા નેતાથી માંડીને સાધારણમાં સાધારણ કાર્યકર્તા એક જ પંગતમાં બેસી ભોજન કરતા. ઘરના નોકરો, સેક્રેટરીઓ, બાળકો અને જમાઈઓ પીરસતા. કૉંગ્રેસની વર્કિંગકમિટીની ભેજાનું દહીં કરી નાખનારી ચર્ચાઓ બાદ પંગતનું વાતાવરણ હાસ્ય ને મશ્કરીઓ વડે ગુંજી ઊઠતું.

ભોજનનો ઘંટ વાગે એટલે સૌકોઈ પંગતમાં બેસી જતું. કોઇ વાર ચર્ચા જલદી પૂરી થઈ જાય તો સરદાર પટેલ. કૃપાલાનીજી અને જવાહરલાલજી ઘંટ વાગ્યા પહેલાં પંગતમાં બેસી જતા અને ચમચાઓથી થાળી વગાડવા માંડતા! આ જ પંગતમાં નવજાત બાળકોનાં નામકરણ, કોઈનું વેવિશાળ, કોઈ છોકરા માટે છોકરીની અને છોકરી માટે છોકરાની શોધ ચાલતી. જમનાલાલજીની ડાયરીમાં લગ્નનાં ઉમેદવાર છોકરા-છોકરીઓનાં નામ લખેલાં રહેતાં. એક વાર સરદાર પટેલ ભોજન કરવા જરા વહેલા આવ્યા અને જમનાલાલજીના ઓરડામાં ગયા. ત્યાં તેમની ડાયરીમાં પાનાં ઉથલાવતાં તેમણે આ નામાવલિ જોઈ. તેમણે મજાકમાં લગ્નનાં ઉમેદવારોમાં પોતાનું નામ ધીમેથી ઉમેરી દીધું! પાછળથી જમનાલાલજીની નજર એ નામ પર પડી, ત્યારે તેમણે એક દિવસ પંગતમાં ગંભીરતાથી કહ્યું: 'આજે લગ્નના એક ઉમેદવાર માટે તમારે સૌએ છોકરીની શોધ કરવાની છે.' જ્યારે જમનાલાલજીએ સરદારનું નામ બતાવ્યું ત્યારે પંગતમાં ખૂબ હાસ્ય ઉત્પન્ન થયું. એક નેતા બોલ્યા: 'પહેલાં એમની છોકરી માટે તો છોકરો શોધો, પછી એમના માટે છોકરી ખોળશું.' જમનાલાલજીએ કહ્યું: 'છોકરો તો સહેલાઇથી મળી જાય. પણ મુસીબત એ છે કે લગ્નને બીજે દિવસે ક્યાંક છોકરો સાધુ ન થઇ જાય!' આ સાંભળીને પંગતમાં હાસ્યના ફુવારા ઊડ્યા.

ભોજન બાદ વચ્ચેના ઓરડામાં મોટી બેઠક જામતી. મોટા મોટા નેતાઓ બાળકોના ખેલ ખેલતા. જવાહરલાલજી ઘોડો બનતા અને સરોજિની નાયડુ પોતાના ભારે દેહ વડે તેમના પર પડુંપડું કરતાં સવાર થતાં ત્યારે બધાં હસીહસીને બેવડ વળી જતાં. બૅરિસ્ટર અસફઅલી સરકસના દાવો ખેલતા. રાજાજી દીવાસળીની ડબ્બી લઇ બાળકો પાસે દીવાસળીનું જાદુ કરવા માંડતા. રાજેન્દ્રબાબુને હમેશાં દમની ફરિયાદ રહેતી તેથી તેઓ આવા ખેલોમાં સામેલ થતા નહિ. તે અને જમનાલાલજી તેમના ઓરડામાં જઈ શતરંજની બાજી માંડતા.

સરોજિની નાયડુને તળેલાં લીલાં મરચાં ભાવતાં, રાજાજીને રસમ, મૌલાના અબુલ કલામ આઝાદને રોટલી, પંડિત જવાહરલાલજીને બટાટાનું શાક, કોરી રોટલી અને માખણ, કૃપાલાનીજીને ગરમ સૂપ અને તેમાં મેળવેલું માખણ, ખાનસાહેબને ખીચડી અને ઘી, ડૉ. પટ્ટાભી સીતારામૈયાને ભોજનને અંતે દહીંભાત, જયરામદાસ દોલતરામને બાફેલાં શાકભાજી, શંકરરાવ દવેને ભાતમાં છાશ અને ગોવિંદ વલ્લભ પંતને દાળમાં ઘી.

—જાનકીદેવી બજાજ